કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
નલીયા તાલુકાના કોઠારા, મોથાળા, વાયોર, તેરા, બીટા, સુથરી, ડુમરા, વિંઝાણ, નુંધાતર, હાજાપર, ભવાનીપર, રાતા તળાવ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
-: નિતિન શામજી ખત્રી :-
90990 79304, 9638560091
હોથીના ઘરની સામે, છડ ફરિયો, નલિયા, તાલુકા અબડાસા - કચ્છ

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૦૬ માર્ચ, ૨૦૨૬ શુક્રવાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
૩૨ વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
નખત્રાણા તાલુકાના મંજલ, નિરોણા, મંગવાણા, કલ્યાણપર, ભડલી, વિથોણ, સાયરયક્ષ (જખ), દેવપર (યક્ષ), અંગીયા, વીરાણી, વંગ, બીબર, જડોદર કોટડા, મથલ, નેત્રા, ખોંભડી, રવાપર, વિગોડી, ઉગેડી,
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
-: સંપર્ક :-
ધાર્મિક ન્યુઝ પેપર એજન્સી (નખત્રાણા-કચ્છ)
લખન દેસાઈ મો.: 98794 59311

◆અંક નંબર : ૨૫૬◆વર્ષ : ૩૨ ◆પાના - ૧૦ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૨ ◆ ફાગણ વદ-૩◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેકસ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

## રાજયના ગૃહવિભાગમાથી વછુટયા આદેશ : ૩૭ આઈપીએસની બદલી

# ગુજરાતના પોલીસબેડામાં ધરખમ ફેરફાર




### નિર્લિપ્ત રાય સ્ટેટ મોનીટરીંગ સેલમાથી રાજકોટ રેન્જના આઈજીપી બન્યા : રાજકોટ રેન્જના આઈજીપી અશોકકુમાર યાદવને એડીજીપી પદે બઢતી આપી સીઆઈડી(ઈન્ટેલીજન્સ)નો હવાલો સોપાયો

## શું મોરબી જિલ્લાનો કચ્છ રેન્જમાં સમાવેશ કરાશે?

## બનાસકાંઠા રેન્જને નવા આઈજીપી મળતા કચ્છ બોર્ડર રેન્જના કાર્યક્ષેત્રમાં ફેરફારોની અટકળો..!

(એજન્સી દ્વારા)

ગાંધીનગર :ગુજરાત રાજ્ય સરકાર દ્વારા મોડી રાત્રે ૩૭ જેટલા ઉચ્ચ પોલીસ અધિકારીઓની બદલીના આદેશો જારી કરવામાં આવતા પોલીસ વિભાગમાં મોટા ફેરફારો જોવા મળ્યા છે, જેની સીધી અસર કચ્છ બોર્ડર રેન્જના ભૌગોલિક કાર્યક્ષેત્ર પર પડતી જણાય છે. અત્યાર સુધી કચ્છ બોર્ડર રેન્જ હેઠળ પશ્ચિમ કચ્છ, પૂર્વ કચ્છ, વાવ, પાટણ અને બનાસકાંઠા જેવા પાંચ મહત્વના જિલ્લાઓનો સમાવેશ થતો હતો, પરંતુ આ નવી બદલીઓમાં બનાસકાંઠા રેન્જમાં નવા આઈજીપી તરીકે પરીક્ષિતા રાઠોડની નિમણૂક કરવામાં આવતા હવે બનાસકાંઠા રેન્જ કચ્છથી અલગ થઈ હોવાનું સ્પષ્ટ જણાય છે. આ વહીવટી ફેરફારને કારણે હવે બનાસકાંઠા રેન્જમાં પાટણ અને અન્ય નજીકના વિસ્તારોનો સમાવેશ થવાની પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે, જોકે આ અંગે હજુ સુધી સરકાર તરફથી કોઈ સત્તાવાર જાહેરનામું બહાર પાડવામાં આવ્યું નથી. બીજી તરફ, કચ્છ બોર્ડર રેન્જમાંથી બનાસકાંઠા અને પાટણ જેવા જિલ્લાઓ અલગ થતા હવે આ રેન્જમાં માત્ર પૂર્વ અને પશ્ચિમ કચ્છ જ બાકી રહે છે, જેને પગલે વહીવટી સમતુલા જાળવવા માટે અન્ય કોઈ જિલ્લાને આ રેન્જમાં ઉમેરવામાં આવશે કે કેમ તે બાબતે પોલીસ બેડામાં અનેક તર્ક-વિતર્કો શરૂ થયા છે. ખાસ કરીને પાડોશી જિલ્લા મોરબીને કચ્છ બોર્ડર રેન્જમાં સમાવી લેવામાં આવશે તેવી ચર્ચાઓએ જોર પકડ્યું છે. આંતરિક રીતે અધિકારીઓ અને કર્મચારીઓમાં આ નવા સીમાંકનને લઈને વિવિધ સવાલો ઉઠી રહ્યા છે અને સૌ કોઈ સત્તાવાર આદેશની રાહ જોઈ રહ્યા છે. અંતિમ ચિત્ર તો સરકાર દ્વારા રેન્જના કાર્યક્ષેત્ર અંગેના વિધિવત આદેશો છૂટ્યા બાદ જ સ્પષ્ટ થશે, પરંતુ હાલ પૂરતું આ બદલીઓના પગલે સરહદી જિલ્લાઓના પોલીસતંત્રમાં ભારે ઉત્તેજના અને ચર્ચાનો માહોલ જોવા મળી રહ્યો છે.

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : ગુજરાત રાજયના પોલીસ બેડામાં મધરાતે મોટા ફેરફારો થવા પામ્ય છે. ગુજરાત રાજયના ગૃહવિભાગ દ્વારા સમગ્ર પોલીસ બેડામાં સેવારત રહેલા ૩૭ જેટલા આઈપીએસ અધિકારીઓની બદલી કરવામા આવી છે. એસએમસીથી લઈ અને રાજકોટ રેન્જ સુધીના તથા શમસેરસિંગનો પણ આ બદલીઓમાં સમાવેશ કરવામા આવ્યો છે. તો વળી કચ્છમાં પણ અગાઉ યશસ્વી સેવા બજાવી ચુકેલા અધિકારીઓનો આ બદલીમાં સમાવેશ થયો છે.

રાજ્ય સરકારે પોલીસ તંત્રમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓની બદલીઓ કરીને પોલીસ તંત્રમાં ધરખમ ફેરફારો કરવામાં આવ્યા છે. જેમાં નિવૃત્તિના ૨૫ દિવસ પહેલા નિમણૂંકની રાહમાં રહેલા આઈપીએસ અધિકારી શમશેર સિંઘ ને સિવિલ ડિફેન્સ અને હોમગાર્ડમાં કમાન્ડન્ટ જનરલ તરીકે નિમણૂંક આપવામાં આવી છે.આજે રાજ્ય સરકારે પોલીસ તંત્રમાં કરેલા ધરખમ ફેરફારોમાં રાજ્યના ૧૩ આઈજીપીની બદલી કરવામાં આવી છે જ્યારે એક ડીઆઈજીને આઈજીપી તરીકે બઢતી આપીને નિમણૂક આપવામાં આવી છે. આ ઉપરાંત ૨૩ જેટલા ડીઆઈજીપી રેક્નના અધિકારીઓની બદલી કરવામાં આવી છે. રાજ્યના સ્ટેટ મોનિટરિંગ સેલના ડીઆઈજી તરીકે ફરજ બજાવતા નિર્લિપ્ત રાયની બદલી કરીને તેમને રાજકોટ રેન્જના આઈજી તરીકે નિમણૂંક આપવામાં આવી છે. નિમણૂકની રાહમાં રહેલા ૧૧ ડીઆઈજી રેન્કના અધિકારીઓને નિમણુક આપવામાં આવી છે.

### અગાઉ કચ્છમાં યશસ્વી સેવા બજાવી ચુકેલા આઈપીએસ અધિકારીઓ..!



શમસેરસિંગની ડીજીપી સિવિલ ડીફેન્સ તરીકે નિમણુંક : દીપકકુમાર મેઘાણી એસીબી જોઈન્ટ ડાયરેક્ટર બન્યા : મહેન્દ્ર બગરીયા જેસીબી સુરતમાં બદલી : ડો. જી.એ.પંડયા ડીઆઈજીપી જેલ રાજકોટ : ડો. કરણરાજ વાઘેલા જેસીપી ક્રાઈમ સુરત : વીધી ચૌધરી ડીઆઈજીપી ગોધરા રેન્જ : મકરંદ ચૌહાણ કાયદો-વ્યવસ્થા ડીઆઈજીપી ગાંધીનગર

## ઇરાન યુદ્ધ વચ્ચે રશિયન ઓઇલ મુદ્દે યુએસ ઝૂક્યું

### ભારત ૩૦ દિવસ સુધી ખરીદી શકશે ઓઇલ



નવી દિલ્હી: મધ્યપુર્વમાં ચાલી રહેલા યુદ્ધથી ભારતના ક્રુડતેલ પુરવઠાને મોટી અસર થઈ છે અને આંતરરાષ્ટ્રીય બજારોમાં ભાવ પણ વધ્યા છે તેથી દેશમાં પેટ્રોલિયમ-ઈંધણની કટોકટી સર્જાવાની શકયતા વચ્ચે એક મોટી રાહત મળી છે.રશિયા પાસેથી ક્રુડતેલ ખરીદી મુદે જે રીતે અમેરિકી દબાણથી ભારતે આ ખરીદીમાં બ્રેક મારી હતી અને અમેરિકાથી ગલ્ફ સુધીના સ્ત્રોત પરથી ક્રુડતેલ આયાત શરૂ કરી હતી પણ યુદ્ધના કારણે સર્જાયેલી પરીસ્થિતિમાં હવે અમેરિકાએ રશિયન ક્રુડતેલ ખરીદી મુદે ભારત પર લાદેલી શરતો હવે ૩૦ દિવસ માટે સ્થગીત કરી છે જેથી ભારત હવે રશિયા પાસેથી તેની આવશ્યકતાનું ક્રુડતેલ મેળવી શકશે.અમેરિકાના નાણામંત્રી સ્કોટ બેસન્ટે સોશ્યલ મીડીયા પોસ્ટમાં આ માહિતી આપતા જણાવ્યું કે હાલની સમુદ્રી યુદ્ધની સ્થિતિ જોતા ક્રુડતેલનો પુરવઠો વૈશ્વિક રીતે ઉપલબ્ધ રહે તે માટે ભારતીય રીફાઈનરીઓ ૩૦ દિવસ

અનુસંધાન પાના નં.૪ પર

## ઇઝરાયેલ-યુએસના હુમલા સામે ઈરાનનો પલટવાર

### બહેરીનની સરકારી તેલ રીફાઈનરી પર કર્યો મિસાઈલ એટેક : અમેરીકાના યુદ્ધજહાજ પર પણ ઈરાને કર્યા હુમલા

નવી દીલ્હી : ઈઝરાયેલ અને યુએસના હુમલાઓ સામે ઈરાને પલટવાર કર્યો હોવાના અહેવાલો સાંપડયા છે. બહેરીનની સરકારી તેલ રીફાઈનરી પર મિસાઈલ એટેક કરવામા આવ્યો છે. અમેરીકાના યુદ્ધજહાજ પર પણ ઈરાને હુમલા કૃયા હોવાના અહેવાલો સામે આવ્યા છે. એટેક બાદ સરકારી રિફાઈલનરીમાં આગ લાગી હોવાના અહેવાલો સામે આવ્યા છે. રિફાઈનરીના એક યુનિટને ભારે નુકસાન થવા પામ્યું છે.

## મધ્યપૂર્વની સ્થિતીનો અંદાજ લગાવવો મુશ્કેલ : રાજનાથસિંહ

નવી દિલ્હી : પશ્ચીમ એશીયામાં મધ્ય પૂર્વમાં પાછલા સાત દીવસથી હિંસક યુદ્ધ ફાટી નીકળવા પામી ગયુ છે. પરસપર આરપારનો જંગ ખેલાયેલો છે ત્યારે ભારતીય રક્ષાપ્રધાન રાજનાથસિંહે પણ આ મામલે નિવેદન આપ્યું છે. રાજનાથસિંહે કહ્યુ છે કે, મધ્યપૂર્વની સ્થિતીનો અંદાજ લગાવવો મુશ્કેલ છે. પહેલા સમુદ્ર વેપાર માટે જાણીતો હતો. હવે સમુદ્ર નીતી દબદબાનું કેન્દ્ર બની રહ્યુ હોય તેમ આ યુદ્ધ જોતા લાગી રહ્યું છે. મધ્યપૂર્વની ઘટના અસામાન્ય છે. ગ્લોબલ ઓર્ડર ખુબજ ઝડપથી બદલાઈ રહ્યો છે.

## ભારતીય હવાઈદળનું સુખોઈ-૩૦ વિમાન દુર્ઘટનાગ્રસ્ત : બન્ને પાઈલોટ શહીદ



(એજન્સી દ્વારા)

નવી દિલ્હી: ભારતીય હવાઈદળનું સુખોઈ-૩૦ એમ.કે.આઈ. લડાયક વિમાન આસામમાં તૂટી પડતા બન્ને પાઈલોટના મૃત્યુ થયા હતા. આ દુર્ઘટના આસામના કરાલી આંગલોગ જીલ્લામાં દુર્ઘટનાગ્રસ્ત થયુ હતું.

ગઈકાલે સાંજે બનેલી આ દુર્ઘટનામાં સુખોઈ-૩૦ જોહરટના એરફોર્સ બેઝથી ઉડાન ભર્યા બાદ થોડીજ મીનીટોમાં એટલે કે સાંજે ૭.૪૨ કલાકે તેનો સંપર્ક તૂટી જતા એલર્ટ જારી કરાયુ હતું અને મોડી રાત્રીના કરલી એંગલોંગમાં જોહરટથી ફકત ૬૦ કી.મી. દુર તેનો કાટમાળ મળ્યો હતો.જેમાં સ્કોડ્રન લીડર અનુજ અને ફલાઈટ લેફ. પુર્વેશ દુરાગકરના મૃત્યુ થયા છે. ટુ-સીટર ફાઈટર જેટ વિમાન રશિયન બનાવાનુ છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ વિમાન અચાનક જ જમીન પર ધસી પડતા મોટા વિસ્ફોટ સાથે આગ જોવા મળી હતી. તેઓએ તુર્તજ સ્થાનિક પોલીસને જાણ કરી હતી અને હવાઈદળની ટીમ પણ પહોંચી ગઈ હતી.ભારત પાસે આ શ્રેણીના જે વિમાનો છે તેમાં સુખોઈ-૩૦ એમકેઆઈ લેટેસ્ટ વર્ઝન છે અને ૪ પ્રકારના મિસાઈલ ૧૦ બોમ્બ એકી સાથે વહન કરી શકે છે.

# બિહારના નવા સીએમ કોણ? ગતિવિધીઓ તેજ



ન્યુ દિલ્હી : બિહારમાં હવે પાવર પરિવર્તન થવાનું નક્કી છે. નીતિશ કુમારના રાજયસભા ગયા બાદ નવા મુખ્યમંત્રીની પસંદગી આસાન મનાઈ રહી છે. અટકળો એવી છે કે હવે ભાજપ તેના ઝસ બનાવશે. પરંતુ સમ્રાટ ચૌધરી એકમાત્ર ઝસ દાવેદારની રેસમાં નથી. અનેક નેતાઓ આ દોડમાં સામેલ છેભાજપ હંમેશા તેમના નિર્ણયોથી રાજકીય પંડીતોને ચોંકવાતી આવી છે. પરંતુ બિહારની વર્તમાન પરિસ્થિતિમાં અનેક મોટા નેતાઓના નામ CM પદની રેસમાં ચાલી રહ્યા છે.કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પટના પહોંચ્યા છે. ભાજપ અધ્યક્ષ નીતિન નબીન અને અમિત શાહ રાજ્યસભા નામાંકન ભરતી વખતે નીતિશ કુમારની સાથે જોવા મળી રહ્યા છે.બિહારમાં દ્વઙછ સરકારે છ મહિના પણ પૂર્ણ કર્યા નથી અને નીતિશ કુમારે હવે પટનાથી દિલ્હી જવાનો નિર્ણય લીધો છે, ત્યારે પાવર ટ્રાન્સફર થવાનુ પણ નક્કી છે. નીતિશ કુમાર પછી બિહારના આગામી મુખ્યમંત્રી કોણ બનશે અને નાયબ મુખ્યમંત્રી કોને નિયુક્ત કરવામાં આવશે? આવા અનેક સવાલ લોકોના મનમાં થઈ રહ્યા છે.NDAમાં ની અંદર સૌથી વધુ ચર્ચા એ વાત પર થઈ રહી છે કે જો મુખ્યમંત્રી પદ ભાજપ પાસે જાય છે તો પાર્ટી કોના પર દાવ લગાવશે. હાલમાં તો અનેક નામો પર મંથન ચાલી રહ્યુ છે પરંતુ નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી આ રેસમાં સૌથી મજબુત દાવેદાર મનાઈ રહ્યા છે.છેલ્લા બે વર્ષમાં, સમ્રાટ ચૌધરીને નીતિશ કુમાર સાથે સરકારમાં કામ કરવાનો અનુભવ મેળ્યો છે, જેના કારણે તેઓ વહીવટી અને રાજકીય બંને દ્રષ્ટિકોણથી આગળના દાવેદાર બન્યા છે. તેમને ભાજપમાં પણ એક મજબૂત નેતા માનવામાં આવે છે.

## મિડલ ઈસ્ટ યુદ્ધ વચ્ચે ઉત્તરકોરીયાનો મોટો ધડાકો



### ક્રુઝ મિસાઈલનુ સફળ પરીક્ષણ

નવી દિલ્હી : મધ્ય-પૂર્વમાં યુદ્ધનો ઉન્માદ પરાકાષ્ટાએ પહોચી રહ્યો છે. ઈઝરાયેલ દ્વારા અમેરીકાના સમર્થથી ઈરાન પર હુમલાઓ અવિરત ચાલુ રાખવામા આવ્યા છે તો ઈરાન પણ સામે પક્ષે સતત હુમલાઓ કરી રહ્યુ છે. દરમ્યાન જ મળતી માહીતી અનુસાર ઉત્તર કોરીયાએ મોટો ધડાકો કરી દીધો છે.આ અંગે મળતી વધુ વિગતો અનુસાર ઉત્તર કોરીયા દ્વારા ક્રુઝ મિસાઈલનુ સફળ પરીક્ષણ કરી લીધુ છે.

### તિકડમ ! - દેવેન વ્યાસ



પક્ષના કાર્યકરોને તો ભલે નથી સાચવી શકતા, પરંતુ વેક્ષાળમાં છોકરાવને સાચવવા જ પડશે!

## ડોલર સામે રૂપીયો ૯૨ના રેકર્ડ સ્તરે પહોંચ્યો

### ગુજરાતની બેન્કોમાં એનઆરઆઈ ડીપોઝિટનો ધોધ

અમદાવાદ : વૈશ્વિક ડામાડોળ સ્થિતિને લઈ ભારતીય રૂપિયો યુએસ ડોલર સામે પહેલી જ વાર ૯૨.૧૭ પર પહોંચી ગયો હતો. ભારતીય ચલણે પહેલી જ વાર મનોવૈજ્ઞાનિક રીતે મહત્વપૂર્ણ ૯૨ સ્તરને તોડી નાખ્યું હતું.આ ઘટાડો જાન્યુઆરી ૨૦૨૬ના અંતમાં નોંધાયેલા ૯૧.૯૯ અને ૯૨.૦૨ ના અગાઉના રેકોર્ડ નીચા સ્તરને પણ વટાવી ગયુ છે. ડોલર મજબૂત થતા ગુજરાતની બેંકોમાં NRI ડિપોઝિટમાં ૧૩ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે.ડિસેમ્બર ૨૦૨૫ના ક્વાર્ટરમાં ગુજરાતની NRI ડિપોઝિટ વાર્ષિક ધોરણે ૧૩% વધીને રૂા.૧.૧૭ લાખ કરોડ થઈ છે, જે ડિસેમ્બર-૨૦૨૪ના રૂા.૧.૦૫ લાખ કરોડની સરખામણીએ ૧૨.૪% નો વધારો દર્શાવે છે. SLBC રિપોર્ટ મુજબ, ડોલરની સતત મજબૂતી અને NRE ડિપોઝિટ પરના આકર્ષક વ્યાજ દરોને કારણે આ વધારો જોવા મળ્યો છે.

## ૯ રાજ્યોમાં બદલાયા રાજ્યપાલ અને LG

ન્યુ દિલ્હી : દેશની રાજકારણમાં ગુરુવારે એક મોટો વહીવટી બદલાવ જોવા મળ્યો. દિલ્હીથી લઈને ઉત્તર - પૂર્વ અને દક્ષિણ ભારત સુધી કુલ ૯ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં રાજ્યપાલ અને ઉપરાજ્યપાલના પદો પર મોટો ફેરબદલ કરવામાં આવ્યો છે. આ સાથે જ અનેક નવા ચહેરાઓને મહત્વપૂર્ણ બંધારણીય જવાબદારીઓ સોંપવામાં આવી છે. આ પહેલાં ગુરુવાર (૫ માર્ચ)ને જ પશ્ચિમ બંગાળના રાજ્યપાલ ડો. સી.વી. આનંદ બોઝ અને લદ્દાખના ઉપરાજ્યપાલ કવિંદર ગુપ્તાએ પોતાના પદેથી રાજીનામું આપી દીધું હતું. ત્યારબાદ રાષ્ટ્રપતિએ બોઝનું રાજીનામું સ્વીકારી લીધું અને નવા રાજ્યપાલોની નિમણૂકનો આદેશ જારી કરી દીધો.નવા આદેશો મુજબ હિમાચલ પ્રદેશના રાજ્યપાલ શિવ પ્રતાપ શુક્લાને હવે તેલંગાણાના રાજ્યપાલ બનાવવામાં આવ્યા છે. તે જ રીતે તેલંગાણાના રાજ્યપાલ જિષ્ણુ દેવ વર્માને મહારાષ્ટ્રની જવાબદારી સોંપવામાં આવી છે. બિહારના વરિષ્ઠ ભાજપા નેતા નંદ કિશોર યાદવને નાગાલેન્ડના નવા રાજ્યપાલ તરીકે નિમણૂક કરવામાં આવી છે.સેવાનિવૃત્ત લેફ્ટનન્ટ જનરલ સૈયદ અતા હસનૈનને બિહારના રાજ્યપાલ બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત તમિલનાડુના રાજ્યપાલ આર.એન. રવિને પશ્ચિમ બંગાળ મોકલવામાં આવ્યા છે, જ્યારે કેરળના રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરને તમિલનાડુના રાજ્યપાલનો વધારાનો કાર્યભાર સોંપવામાં આવ્યો છે.

## રાજયમાં સિવિલ જજની ભરતી પ્રક્રીયાને સુપ્રીમમાં પડકાર

અમદાવાદ : ગુજરાતમાં સિવિલ જજ (જૂનિયર ડિવિઝન) ની ભરતી પ્રક્રિયા વિવાદોના ઘેરામાં આવી છે. સુપ્રીમ કોર્ટે આ ભરતી પ્રક્રિયાને પડકારતી રિટ પિટિશન પર સુનાવણી કરતા ગુજરાત સરકાર અને ગુજરાત હાઈકોર્ટને નોટિસ પાઠવી જવાબ માંગ્યો છે.

ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યા કાંત, જસ્ટિસ જોયમાલ્ય બાગચી અને જસ્ટિસ વિપુલ પંચોલીની બેન્ચે ૨૬ ફેબ્રુઆરીએ આ આદેશ આપ્યો હતો, જેની આગામી સુનાવણી ૧૨ માર્ચના રોજ નક્કી કરવામાં આવી છે.આ સમગ્ર વિવાદની વિગત એવી છે કે જાન્યુઆરી ૨૦૨૫માં સિવિલ જજની ૨૧૨ જગ્યાઓ માટે જાહેરાત બહાર પાડવામાં આવી હતી. પ્રારંભિક પરીક્ષા બાદ ૮૨૯ ઉમેદવારો મુખ્ય લેખિત પરીક્ષા માટે લાયક ઠર્યા હતા.જોકે, જાન્યુઆરી ૨૦૨૬માં જ્યારે મુખ્ય પરીક્ષાનું પરિણામ જાહેર થયું, ત્યારે એક અત્યંત અસાધારણ સ્થિતિ સર્જાઈ હતી.

# કચ્છ જિલ્લાની અન્ય માધ્યમની શાળાઓમાં જ્ઞાન સહાયકોની સ્થાનિક કક્ષાએથી ભરતી કરાશે

**ખાલી પડેલી જગ્યાઓ ભરવા માટે આગામી ૨૫ માર્ચ સુધીમાં નિમણૂંક પ્રક્રિયા પૂર્ણ કરવા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીનો આદેશ**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાની ગુજરાતી માધ્યમ સિવાયની અન્ય માધ્યમની સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ નિવારવા માટે વહીવટી તંત્ર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ટેટ પરીક્ષા પાસ ઉમેદવારો ઉપલબ્ધ ન હોવાને કારણે કેન્દ્રીયકૃત જ્ઞાન સહાયક યોજના અંતર્ગત પણ જગ્યાઓ ખાલી રહેતા બાળકોના શિક્ષણ પર માઠી અસર પડી રહી હતી. આ પરિસ્થિતિને ધ્યાને રાખીને શિક્ષણ વિભાગની મંજૂરી અન્વયે હવે સ્થાનિક કક્ષાએથી જ્ઞાન સહાયકોની કામચલાઉ નિમણૂંક કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા ભુજ અને ગાંધીધામના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીઓને આ અંગે જરૂરી સૂચનાઓ જારી કરવામાં આવી છે.

આ ભરતી પ્રક્રિયા અંતર્ગત ધોરણ ૧ થી ૫ માટે એચ.એસ.સી. અને પી.ટી.સી.ની લાયકાત તેમજ ધોરણ ૬ થી ૮ માટે સ્નાતક અને તાલીમી લાયકાત ધરાવતા ઉમેદવારો અરજી કરી શકશે. જે તે માધ્યમમાં અભ્યાસ કરેલ હોય તેવા સ્થાનિક ઉમેદવારોને પસંદગીમાં અગ્રીમતા આપવામાં આવશે. નિયત કરવામાં આવેલા સમયપત્રક મુજબ આગામી ૧૦ માર્ચ સુધીમાં ઉમેદવારોએ જે તે શાળા કક્ષાએ પોતાની અરજીઓ જમા કરાવવાની રહેશે. ત્યારબાદ ૧૧ માર્ચ થી ૧૭ માર્ચ દરમિયાન શાળાના આચાર્ય અને એસ.એમ.સી. દ્વારા અરજીઓની ચકાસણી કરી મેરિટના આધારે નિમણૂંકની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે. પસંદ થયેલા ઉમેદવારોએ ૧૮ માર્ચ થી ૨૫ માર્ચ સુધીમાં જે તે શાળામાં હાજર થઈ પોતાની ફરજ સંભાળવાની રહેશે. આ વ્યવસ્થા અન્ય માધ્યમની શાળાઓમાં કાયમી શિક્ષકની નિમણૂંક ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

**ગુજરાતી માધ્યમની ઘટ પણ સ્થાનિક શિક્ષકોથી નિવારો**

ભુજ - કચ્છઉદય : ગુજરાતી માધ્યમ સિવાય અન્ય માધ્યમની સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકની કાયમી નિમણૂંક ન થાય ત્યાં સુધી સ્થાનિક કક્ષાએથી ઉમેદવારની ભરતીનો નિર્ણય લેવાયો છે ત્યારે કચ્છના શિક્ષણવિદો , વાલીઓએ આ ભરતી પ્રક્રિયાને આવકારી છે.પણ સાથે સાથે શિક્ષણ વિભાગ ગુજરાતી માધ્યમમાં હજારો શિક્ષકોની ખાલી જગ્યા છે અને હવે વાર્ષિક પરીક્ષા પણ નજીક છે જેથી ગુજરાતી માધ્યમમાં પણ શિક્ષક જગ્યાઓ ખાલી રહેવાના કારણે બાળકોનું શિક્ષણ પ્રભાવિત ન થાય તે હેતુસર ગુજરાતી માધ્યમ માં પણ ,શાળાઓમાં કાયમી શિક્ષક ની નિમણૂંક ન થાય ત્યાં સુધી સ્થાનિક કક્ષાએથી ધો. ૧ થી ૫ માટે એચએસસી અને પીટીસી તેમજ ધો.૬ થી ૮ માટે સ્નાતક અને તાલીમી લાયકાત ધરાવતા સ્થાનિક ઉમેદવારોને શાળા કક્ષાએથી નિમણૂંક આપવામાં આવે તેમ જરૂરી હોવાનું જણાવ્યું છે.

# કચ્છના ટેટ અને ટાટના ઉમેદવારોની ભુજ ખાતે પરીક્ષા કેન્દ્ર ફાળવવા રાજ્ય પરીક્ષા બોર્ડને અપીલ

**અન્ય શહેરોમાં પરીક્ષા કેન્દ્ર ફાળવવામાં આવતા ઉમેદવારોને પડતી આર્થિક, શારીરિક અને માનસિક મુશ્કેલીઓ નિવારવા માટે જિલ્લાના પરીક્ષાર્થીઓએ કરી રજૂઆત**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના શિક્ષક બનવાનું સ્વપ્ન જોતા અને ટેટ અને ટાટ પરીક્ષાની તૈયારી કરતા હજારો ઉમેદવારોએ આગામી સમયમાં લેવાનારી પરીક્ષાઓ માટે પરીક્ષા કેન્દ્ર જિલ્લાના મુખ્ય મથક ભુજ ખાતે જ ફાળવવામાં આવે તેવી રાજ્ય પરીક્ષા બોર્ડના અધ્યક્ષને પત્ર લખીને અપીલ કરી છે. અગાઉની પરીક્ષાઓમાં કચ્છ જિલ્લાના ઉમેદવારોના કેન્દ્રો રાજકોટ, અમદાવાદ કે ગાંધીનગર જેવા દૂરના શહેરોમાં ફાળવવામાં આવતા હતા જેના કારણે વિદ્યાર્થીઓને અનેક ગંભીર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

કચ્છ ભૌગોલિક રીતે રાજ્યનો સૌથી મોટો જિલ્લો હોવાથી અન્ય શહેરોમાં પહોંચવા માટે ઉમેદવારોએ ૪૦૦ થી ૫૦૦ કિલોમીટર જેટલું લાંબુ અંતર કાપવું પડે છે. મોટાભાગના ઉમેદવારો સામાન્ય કે મધ્યમ વર્ગના પરિવારોમાંથી આવતા હોવાથી લાંબી મુસાફરીનું ભાડું અને અજાણ્યા શહેરમાં રહેવા-જમવાનો ખર્ચ તેમના માટે આર્થિક રીતે બોજારૂપ બની જાય છે. પરીક્ષાના આગલા દિવસે રાત્રિ મુસાફરી કરવાથી વિદ્યાર્થીઓને ઉજાગરો થાય છે અને આ કંટાળાજનક મુસાફરીના કારણે પરીક્ષાના દિવસે ઉમેદવારો ખૂબ જ શારીરિક તેમજ માનસિક થાક અનુભવે છે. મુસાફરીના થાક, રહેવાની વ્યવસ્થાની ચિંતા અને આર્થિક બોજને કારણે પરીક્ષાર્થીઓ એકાગ્રતાથી પરીક્ષા આપી શકતા નથી જેના લીધે વર્ષોની મહેનત છતાં ઘણા તેજસ્વી વિદ્યાર્થીઓનું પરિણામ બગડે છે. આ ઉપરાંત મહિલા ઉમેદવારોને સુરક્ષા તેમજ વાલીને સાથે લઈ જવાની મુશ્કેલી પડે છે અને દિવ્યાંગ ઉમેદવારો માટે આવી લાંબી મુસાફરી કરવી અત્યંત કઠિન બની જાય છે. કચ્છ એ સરહદી અને વિશાળ જિલ્લો હોવાથી તેને વિશેષ કિસ્સા તરીકે ધ્યાનમાં લઈ આગામી તમામ ટેટ અને ટાટ પરીક્ષાઓ માટે ભુજ ખાતે જ કેન્દ્ર ફાળવવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠી છે. ભુજમાં પૂરતી શાળાઓ અને કોલેજોની માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ હોવાથી ત્યાં પરીક્ષાનું આયોજન સરળતાથી થઈ શકે તેમ છે ત્યારે હજારો વિદ્યાર્થીઓના હિતમાં તંત્ર સકારાત્મક નિર્ણય લેશે તેવી આશા પરીક્ષાર્થીઓ દ્વારા રાખવામાં આવી છે.

# હિન્દૂ સંમેલન સમિતિ લાખાપર મંડલ દ્વારા આંબાપર મધ્યે ભવ્ય હિન્દૂ સંમેલન યોજાયો








અંજાર : સંઘ શતાબ્દી વર્ષ નિમિતે હિન્દૂ સંમેલન સમિતિ લાખાપર મંડલ દ્વારા આંબાપર મધ્યે ભવ્ય હિન્દૂ સંમેલનનું આયોજન આજ તારીખ ૦૧.૦૩.૨૦૨૬ના કરવામાં આવ્યું હતું.જેમાં વર્ષામેડી, અજાપર,ખારા પસવારીયા, મીઠા પસવારીયા, સતાપર, સ્વામિનારાયણ નગર,માધવવિલા, લાખાપર ગામો થી ૨૦૦૦ થી વધુ સંખ્યા માં જનમેદની એકત્ર થઈ હતી. અંજાર સચ્ચિદાનંદ મંદિર ના મહંત શ્રી ત્રિકમદાસજી મહારાજ, ભારાપર જાગીરના મહંતશ્રી ભરતરાજા, રાયમલ ધામ ના પંડિત ધનેશ્વરજી જોશી એ ગૌ માતાનું મહત્વ, હિન્દૂ સંમેલનનું મહત્વ અને વર્તમાનમાં હિન્દૂ સંગઠનની આવશ્યકતાની વાત કરી હતી. મીઠા પસવારીયા શાળાના આચાર્ય વિરલ ભાઈ એ નાગરિક કર્તવ્ય પર વક્તવ્ય આપ્યું હતું. સંઘ ના સૌરાષ્ટ્ર પ્રાંત ના સદભાવ સંયોજક કાર્યકર્તા ત્રિકમભાઈ છાંગા દ્વારા પંચ પરિવર્તનની વાત કરવામાં આવી. સમિતિના અધ્યક્ષ બાબુભાઈ વાઘેલા એ સર્વેનું આભાર વ્યક્ત કર્યું હતું. અંતે ભારત માતા ની આરતી કરવામાં આવી અને ભારતીય પરંપરાગત રીતે તમામ સમાજ, અઢારે વરણના ભાઈઓ બહેનોએ એકજ પંગત માં સાથે બેસીને ભોજન લીધું હતું. તમામ વ્યવસ્થા સમિતિના સભ્યો અને સંઘના સ્વયંસેવકો એ સાંભળી હતી.

# કચ્છને મળ્યા વધુ ૬ શિક્ષકો



ભુજ - કચ્છઉદય : રાજ્યના શિક્ષણ વિભાગ અને કમિશનરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગર દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમારનાં માર્ગદર્શન હેઠળ પ્રતીક્ષા યાદીના અનુદાનિત માધ્યમિક શાળા માટેના ઉમેદવારોની ભરતી આજરોજ કરવામાં આવી છે.

નિમણુંક પત્ર મેળવનારા ૬ શિક્ષકોએ પણ સુચારૂ વ્યવસ્થા બદલ સંતોષ વ્યક્ત કર્યો હતો. જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા નવી નિમણૂંક મેળવેલ શિક્ષણ સહાયકો ને કચ્છના બાળકોને ધગશપૂર્વક શિક્ષણકાર્ય કરાવવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

ભરતી નોડલ વર્ગ ૨ અધિકારી બિપીનભાઈ વકીલ તેમજ સિનિયર ક્લાર્ક બિપીનભાઈ નાગુની રાહબરી હેઠળ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ની ટીમે કામગીરી સુપેરે પાર પાડી હતી.

# જિલ્લા પંચાયતની નખત્રાણાને બદલે કોટડા (જ) સીટ

**નખત્રાણા તા.પં. ૧૮ બેઠકોની રોટેશન જાહેર થતા રાજકીય બેડામાં હલચલ : મેમાં ચૂંટણી યોજાવાના એંધાણ**

નખત્રાણા - કચ્છ ઉદય : રાજ્ય ચૂંટણી અયોગે ગઈકાલે સ્થાનિક સ્વરાજ્યની જિ.પં., તા.પં.ના બાકી રહેતા નખત્રાણા તા.પં.નું રોટેશન જાહેર કરતા રાજકીય બેડામાં હલચલ તેજ બની છે.ચૂંટણી આયોગે નખત્રાણા તા.પં.ની કુલ ૧૮ બેઠકનો પ્રકાર જાહેર કર્યો છે. જેમાં ૯ સ્ત્રી તથા ૯ પુરુષ ઉમેદવારો જાહેર કર્યા છે. ગત ટર્મમાં ૨૦ બેઠકો હતી તેમાં પણ ૧૦ પુરુષ, ૧૦ મહિલા ઉમેદવારો હતા તે ડિઝાઈન યથાવત રાખી છે. બાકી નગરપાલિકા નખત્રાણા બનતા તેમાં ૨ તા.પં. સીટ ઘટી છે. તો જિ.પં. નખત્રાણાને બદલે કોટડા (જ) જાહેર કરી છે. કોટડા (જ) જિ.પં. અ.જા. સ્ત્રી નેત્રા સામાન્ય સ્ત્રી, નિરોણા, વિથોણ બિન અનામત સામાન્ય જાહેર થઈ છે. તા.પં. સીટ પર નજર કરીએ તો કુલ ૧૮ બેઠકોમાંથી અ.જા. સ્ત્રી ૨, ૧ પુરુષ અ.જ.જા. ૮ મા ૧ સામાન્ય પુરુષ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગમાં સ્ત્રી - ૩ અને ૨ સામાન્ય પુરુષ સામાન્ય બેઠકમાં ૪ સ્ત્રી અને ૫ પુરુષ ઉમેદવારોનો સમાવેશ થયો છે. નખત્રાણા તાલુકા પંચાયત બેઠક આવતા ગામોની કુલ વસતી ૧,૨૦,૬૯૯ છે. જેમાં આયોગના અભિગમ મુજબ બેઠક દીઠ સરેરાશ વસ્તી ૬,૭૦૬ ની હોવી જઈએ. જેમાં ૧૫ ટકા વધઘટ મુજબ મહત્તમ ૭,૭૧૨ તથા લઘુત્તમ ૫૭૦૦ હોઈ શકે. જે પ્રમાણે તમામ મતદાર મંડળોની દરખાસ્ત રજૂ થયેલ છે. બીજી તરફ સૂત્રો કહે છે કે, મેના પ્રથમ વિકમાં ચૂંટણી યોજાય તેવી વકી છે. તમામ રાજકીય પક્ષોએ તૈયારી શરૂ કરી દીધી છે અને સરની નવી મતદાર યાદી મુજબ ચૂંટણી થશે કે જુની જ યથાવત રહેશે તેના પર મીટ મંડાઈ છે.

# ઉત્તરખંડનાં મુસ્લિમ યુવાનનું ૧૦ વર્ષે પરિવાર સાથે થયું મિલન



ભુજ - કચ્છઉદય : ઉત્તરખંડના લુડકી તાલુકાનાં કલીહર ગામનો મુસ્લિમ યુવાન શોકીન (ઉ.વ. ૩૦) ગુમ થતાં પરિવારજનોએ તેની સતત શોધ ચલાવી હતી. અનેક મુશ્કેલીઓ વેઠતો પરિવાર ખૂબ જ ચિંતાતુર બન્યો હતો. ભારતભરનાં વિવિધ રાજ્યોમાંથી આખરે તે રખડતો - ભટકતો આણંદના માનવતા ચેરીટેબલ ટ્રસ્ટ સેવાશ્રમ મધ્યે પહોંચ્યો હતો. ત્યાંના સંચાલકો એ તેની સારી સેવાઓ કરી. કચ્છ જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ભુજના સીનીયર પેરાલીગલ વોલીન્ટીયર પ્રબોધ મુનવરના માર્ગદર્શન હેઠળ માનવજયોત સંસ્થા ભુજ સંચાલિત શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા - કચ્છનાં સામાજિક કાર્યકર રીતુબેન વર્મા આણંદ આશ્રમની મુલાકાતે ગયેલ ત્યારે આ યુવાનને સાથે ભુજ તેડી આવ્યા. શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા-કચ્છ મધ્યે આશ્રય આપી ભુજની માનસિક આરોગ્યની હોસ્પીટલમાં તેની સારવાર કરાવતાં તે સ્વસ્થ બન્યો હતો. ઉત્તરખંડ પોલીસની મદદથી તેનું ઘર,પરિવાર શોધી કાઢતાં પરિવારજનોમાં ખુશીનો માહોલ છવાયો હતો. તેનાં પિતા દિલસાદ, ભાઈઓ પરવેજ, તકરુ, આશિફ ભુજ આવી પહોંચ્યા હતા.

માનવજ્યોત સેવાશ્રમ મધ્યે પહોંચતાંજ પિતા પુત્ર અને ભાઈ-ભાઈનું ૧૦ વર્ષ પછી મિલન થતાં દરેકની આંખો અશ્રુભીની બની હતી. આજે તે ૪૦ વર્ષનો થઇ ચૂકયો છે. પરિવારજનોએ માનવજ્યોત સંસ્થાની સેવાઓને બિરદાવી સંસ્થાનો આભાર માન્યો હતો. કાર્યમાં પ્રબોધ મુનવર, આનંદ રાયસોની, કનૈયાલાલ અબોટી, રફીક બાવા, દિપેશ શાહ, પ્રવિણ સોઢા, મનીષ મારાજ સહભાગી બન્યા હતા.

## રોઝા-૧૯

### પુનજીવન અને પરલોક-૨

**ઈફ્તાર : ૭:૦૧** | **સહેરી : ૫:૪૬**

આવાગમનના સિદ્ધાંતને વર્તમાન પરિપ્રેક્ષ્યમાં પણ જોવાની આવશ્યક્તા છે. પૃથ્વી પર મનુષ્ય દિન પ્રતિદિન ભ્રષ્ટાચાર, હત્યા, બળાત્કાર તથા અન્ય અત્યાચારોમાં વધુમાં વધુ પ્રવૃત થતો જ રહ્યો છે. આવાગમનના સિદ્ધાંત અનુસાર આ પરિસ્થિતિમાં મનુષ્ય વધતા દુષ્કર્મો અને પાપોનાં દંડરૂપે મોટાભાગના મનુષ્યોનો જન્મ મનુષ્યોમાં નહીં પરંતુ વૃક્ષ, પશુ અથવા બીજા નીચલા સ્તરના પ્રાણીઓમાં થવો જાઈએ. પરિણામ સ્વરૂપ મનુષ્યોની સંખ્યા પહેલાંથી ઓછી થતી જવી જોઈએ. પરંતુ આ એક વાસ્તાવિકતા છે કે માનવોની સંખ્યા એના દુષ્કર્મો પછી પણ ઝડપથી વધી રહી છે. આ રીતે આવાગમનનો સિદ્ધાંત વર્તમાન પરિપ્રેક્ષ્યમાં પણ ખરો નથી ઉતરતો.

તું જ કર્મ કર, તું જ ફળ ભોગવ. (યજુર્વેદઃ૨૩/૧૫) ન્યાયના દિવસ (પરલોક)ને એક ઉદાહરણ દ્વારા પણ સમજી શકાય છે. એક વ્યક્તિએ એક બીજી વ્યક્તિની હત્યા કરી દીધી. એના બે નાના બાળકો, એક બાળકી અને સ્ત્રીની દેખરેખ તથા ભરણ પોષણ કરવાવાળું કોઈ ન રહ્યું. એનો એક મોટો ધંધો હતો જે નષ્ટ થઈ ગયો. વિધવા સ્ત્રી અને બાળકો ભૂખથી મરવા લાગ્યા. બાળકી મોટી થઈને પોતાની અને પરિવારની ભૂખ મટાડવા માટે આવારા છોકરાઓના હાથમાં સપડાઈ ગઈ. એનું જીવન બરબાદ થઈ ગયું. છોકરાઓ ભણી ન શક્યા, બલ્કે કોઈ દેખરેખ રાખનાર ન હોવાના કારણે ગુંડા - ડાકૂ બની ગયાં. કેટલીય લૂંટફાટ અને હત્યાઓ કરી. સમાજમાં ઘણાં અનિષ્ટો ફેલાવ્યાં. એ હત્યા કરનારા અત્યાચારીને આ જગતમાં વધુમાં વધુ જે સજા કરવામાં આવી શકે એમ હતી તે આ છે કે એને ફાંસીએ લટકાવી દેવામાં આવે. એ વ્યક્તિએ જાન લીધી તો એની પણ જાન લઈ લેવામાં આવે. પરંતુ આ સ્ત્રીની જે દુર્દશા થઈ, એની સજા એને ન મળી, તે બે છોકરાઓને ગુંડા - ડાકૂ બનાવી લૂંટફાટ અને હત્યાઓ કરવાનું કારણ બન્યું, આની ઘણી ભયાનક સજા મળવી જોઈએ, જે એને ન મળી શકી, અને ફાંસી આપ્યા પછી આ બધા પાપોની ન્યાય અનુસાર પૂરેપૂરી સજા કરવી આ જગતમાં અશક્ય છે. જો મનુષ્યો અને આ સંસારને બનાવનાર તથા સઘળું તંત્ર ચલાવનાર ઈશ્વર ન્યાયવાહક છે તો અનિવાર્ય છે કે એને ન્યાયાનુસાર પૂરેપૂરી સજા આપે, જે આ લોકમાં સંભવ નથી. આ સજા બે રીતે આપી શકાય છે. એક આ કે આ જગતમાં અને કૂતરો અથવા વૃક્ષ બનાવીને મોકલી દેવામાં આવે. વૃક્ષ તો શાંતિપૂર્ણ જીવન વિતાવે છે. લોકો એની સેવામાં લાગેલા રહે છે. તેથી આ કોઈ યોગ્ય સજા ન થઈ. આ વૃક્ષ જીવન પછી તો તે ઉચ્ચ શ્રેણીમાં જન્મ લેશે કેમ કે વૃક્ષ જીવનમાં એણે લોકોને છાંયડો અને ફળ આપીને બહુ પુણ્ય કમાવ્યા. અર્થાત્ એણે કદી સજા ભોગવી જ નહીં. જો તે કૂતરો બનાવી જન્મ આપવામાં આવ્યો તો કામધંધાની મુશ્કેલીઓ વેઠ્યા સિવાય બીજાની રોટલી ઉપર ઉછરીને અથવા જંગલમાં બીજા પ્રાણીઓને ખાઈને મસ્તીથી પડ્યો રહેશે. આ પણ કોઈ યોગ્ય સજા ન થઈ. વાસ્તવમાં આ જગતમાં આવી જોગવાઈ જ નથી કે અહીં કોઈ સ્થિતિમાં રાખીને એને ન્યાયાનુસાર સજા આપી શકાય. બીજા પ્રકારની સજા આ હોઈ શકે કે આ જગતથી પણ વધુ ક્ષમતાવાળું એક બીજું જગત હોય, જેમાં મૃત્યુ પછી ફરી જીવન પ્રદાન કરવામાં આવે. એવું જીવન જેમાં પૂર્ણ સજા મેળવવાની ક્ષમતા હોય કે તે હત્યારાને હત્યા કરવાની સજા પણ એક સ્ત્રીને વિધવા કરી એનું સુખ છીનવી લેવાની સજા પણ બાળકોના ભૂખથી ટળવળવાની શિક્ષા દીક્ષાથી વંચિત રહેવાની સજા પણ અને એમના જીવનમાં બગાડ પ્રવેશ્યા પછી સમસ્ત કુકર્મોનું અસલ કારણ બનવાની સજા પણ એક સાથે અને ઠીક ન્યાયાનુસાર સંપૂર્ણ પણે આપી શકાય. ન્યાયની આ બીજી પદ્ધતિ બુદ્ધિગમ્ય લાગે છે અને ન્યાયની માંગ આ છે કે અપરાધીને બતાવવામાં આવે કે એના કયા અપરાધની સજા એને આપવામાં આવી રહી છે. સાથે જ એના અપરાધનું પરિણામ પણ સામે હોય અને એને પોતાના બચાવની દલીલોની - પોતાની સ્પષ્ટતાની તક પણ આપવામાં આવી હોય. આ પદ્ધતિ જ ન્યાયવિધિ મુજબ છે. જેનાથી ન્યાયનું સાચું રૂપ સામે આવે છે.

**-સૈયદ અલીઅસગર-ઢોરી**

**નોંધ : આ સમય ભુજ તથા માંડવી માટે છે. બાકીના શહેરો અને ગ્રામીણ વિસ્તારોએ આ સમયને સ્થાનિક સમય સાથે મેળવી લેવું. દા.ત. : નખત્રાણા ૨ મિનીટ ઉમેરવી (વધારવી), મુન્દ્રા ૨ મિનીટ બાદ કરવી (ઘટાડવી)**

# ભુજની મીરજાપર શાળાના બાંધકામનું ગાંધીનગરની ટીમ દ્વારા 'ગુપ્ત' ઇન્સ્પેક્શન

**શિક્ષણ મંત્રીની મુલાકાત બાદ ગાંધીનગરની ટીમ દ્વારા થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન કરાયું : ફરિયાદી આચાર્ય અને એસએમસી સભ્યોને પ્રક્રિયાથી દૂર રખાતા અનેક તર્ક-વિતર્ક**

ભુજ - કચ્છઉદય : ભુજ શહેરની નજીક આવેલી મીરજાપર પ્રાથમિક શાળાના નવા બની રહેલા બિલ્ડીંગના બાંધકામમાં લોલમલોલ ચાલતી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી હતી. બાંધકામની નબળી ગુણવત્તાના મુદ્દે રાજ્યના કેબિનેટ શિક્ષણ મંત્રી દ્વારા લેવામાં આવેલી મુલાકાત બાદ હવે આ મામલે રાજ્ય કક્ષાએથી કડક તપાસના આદેશ છૂટતાં ગાંધીનગરથી આવેલી ખાસ તપાસ ટીમે શાળાના બિલ્ડીંગનું થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન હાથ ધર્યું હતું.

આ સમગ્ર તપાસ પ્રક્રિયા દરમિયાન અનેક આશ્ચર્યજનક પાસાઓ સામે આવ્યા છે. ગાંધીનગરની ટીમે ખૂબ જ ગુપ્ત રીતે આ તપાસ હાથ ધરી હતી, પરંતુ ચોંકાવનારી બાબત એ રહી કે જેઓએ બાંધકામમાં ગેરરીતિની ફરિયાદો કરી હતી તેવા શાળાના આચાર્ય તેમજ શાળા વ્યવસ્થાપન સમિતિ (એસએનસી)ના સભ્યોને તપાસ પ્રક્રિયાથી સંપૂર્ણપણે દૂર રાખવામાં આવ્યા હતા. બીજી તરફ, જે કોન્ટ્રાક્ટર સામે નબળા કામના આક્ષેપો છે, તે ઈન્સ્પેક્શન દરમિયાન હાજર રહેતા અનેક સવાલો ઊભા થયા છે.

સ્થાનિકોમાં ચર્ચાતી વિગતો મુજબ, જે લોકોએ તટસ્થ તપાસની માંગ કરી હતી તેમને જ પ્રક્રિયામાંથી બહાર રાખવા પાછળનું કારણ શું હોઈ શકે તે મોટો પ્રશ્ન છે.

બિલ્ડીંગના બાંધકામમાં વપરાયેલ મટીરીયલ અને કામગીરીની પદ્ધતિને લઈ અગાઉ રજૂઆતો કરવામાં આવી હતી, ત્યારે હવે ગાંધીનગરની ટીમે કરેલી આ 'ગુપ્ત' તપાસમાં કેટલી સત્યતા બહાર આવશે અને કસૂરવારો સામે પગલાં ભરાશે કે કેમ તે જોવું રહ્યું. શિક્ષણ વિભાગની આ કાર્યવાહી બાદ હવે તપાસના અહેવાલ પર સૌની મીટ મંડાયેલી છે.

# હોળી પર્વની પાવન અવસરે સચિદાનંદ સંપ્રદાય દ્વારા ભવ્ય ધાર્મિક કાર્યક્રમ યોજાયો




અંજાર : હોળી પર્વની પાવન અવસરે સચિદાનંદ સંપ્રદાય દ્વારા ભવ્ય ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રંગોત્સવની આધ્યાત્મિક ભાવનાથી ઓતપ્રોત ફૂલોત્સવ ભવ્ય રીતે ઉજવાયો, જેમાં ભક્તિભાવ અને આનંદનું અનોખું દશ્ય સર્જાયું હતું.

આ પાવન કાર્યક્રમ અંજાર સચિદાનંદ મંદિર ખાતે મહંત ત્રિકમદાસજી મહારાજની અધ્યક્ષતામાં યોજાયો હતો. તેમના પવિત્ર આશીર્વચનોથી કાર્યક્રમને વિશેષ આધ્યાત્મિક ગૌરવ પ્રાપ્ત થયું હતું. પ્રસંગે ભગવાનને વૈદિક વિધિ મુજબ છપન્ન ભોગ અર્પણ કરવામાં આવ્યો, જેમાં વિવિધ પ્રકારની મીઠાઈઓ, ફળો અને પ્રસાદનો સમાવેશ થયો હતો. ત્યારબાદ ભવ્ય મહાઆરતી યોજાઈ, જેમાં મોટી સંખ્યામાં રસિકજનો ઉપસ્થિત રહી ભક્તિભાવથી જોડાયા હતા.કાર્યકમમા ભગવાનદાસજી મહારાજ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ભજન-કીર્તન અને ધૂનના મધુર સ્વરો વચ્ચે હોળીના પર્વની આનંદમય ઉજવણી કરવામાં આવી. સમગ્ર વાતાવરણમાં ધાર્મિક શ્રદ્ધા, ઉમંગ અને ભક્તિનો ભાવમય માહોલ છવાયો હતો.

# સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત બહુમાળી ભવનને બેંક દ્વારા પેપર બાસ્કેટ અપાયા



ભુજ - કચ્છઉદય : કોમર્શિયલ ઓપરેટિવ બેંક ભુજ દ્વારા સરકારનાં સ્વચ્છ ભારત અભિયાન હેઠળ બહુમાળી ભવન ભુજને વેસ્ટ પેપર બાસ્કેટ વિતરણ કરવામાં આવેલ હતું.

બેંકના ચેરમેન કલ્પેશભાઈ ઠક્કર, એમ.ડી. હિતેશભાઈ ઠક્કર, ડાયરેક્ટર રમેશભાઈ ધુઆ, મેનેજર ધીરેનભાઈ મજેઠીયા દ્વારા બહુમાળી ભવન ખાતે ધિરાણ અને સહકારી કલ્યાણ મંડળીના હોદ્દેદારો ધીરાણનાં પ્રમુખ શૈલેષ મારૂ, મંત્રી ભરત માંગલીયા, સહકારી મંડળીનાં પ્રમુખ બાબુલાલ આહીર, મંત્રી એમ. આઇ. બાયડની ઉપસ્થિતિમાં વેસ્ટ પેપર બાસ્કેટનું વિતરણ કરવામાં આવેલ હતું

આ પ્રસંગે કલ્પેશ પરમાર, હમીરભાઈ ખાખલા, ગુરૂભાઈ તથા વિવિધ ખાતાના અધિકારી કર્મચારીઓ હાજર રહી વેસ્ટપેપર બાસ્કેટ કુલ-૧૮ સ્વીકાવામાં આવેલ તથા બહુમાળી ભવન હસ્તે મંડળીના હોદ્દેદારો તથા ઉપસ્થિત અધિકારીઓ દ્વારા બેંકની ઉદાર નિતિ તથા સરકારના સ્વચ્છતા અભિયાન હેઠળ જે કાર્ય કરવામાં આવેલ તે માટે ભુજ કોમર્શિયલ ઓપરેટિવ બેક્નો આભાર માનવામાં આવેલ હતો

# રાપર તાલુકામાં રંગોત્સવની હર્ષોલ્લાસ સાથે ધૂળેટી પર્વની ઉજવણી કરવામાં આવી









રાપર : વાગડ વિસ્તારના મુખ્ય મથક એવા રાપર શહેરમાં આજે ધૂળેટીના પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી પૌરાણિક મહત્ત્વ ધરાવતા વાગડ વિસ્તારમાં રંગોત્સવનો અનેરો ઉમંગ છવાયો હતો. વાગડ વિસ્તારના મુખ્ય મથક રાપર શહેરમાં ધૂળેટીના પર્વની લોક-પરંપરાગત ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારથી જ સમગ્ર શહેર જાણે રંગોના દરિયામાં હિલોળા લેતું હોય તેવું દ્રશ્ય સર્જાયું હતું.

લોકોએ એકબીજા પર નેચરલ કલર ગુલાલ અને કેસુડાના રંગો છાંટીને પર્વની શુભેચ્છા પાઠવી હતી વિવિધ સમાજના લોકોએ સાથે મળીને ભાઈચારાના વાતાવરણમાં ધૂળેટીની ઉજવણી કરી હતી.'બુરા ન માનો હોલી હૈ' ના નાદ સાથે રાપર શહેર ગુંજી ઉઠ્યું હતું.અનેક સ્થળોએ ઢોલ-નગારાના તાલે યુવાનો અને વડીલો ઝૂમી ઉઠ્યા હતા. ધુળેટી નિમિત્તે ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા નગરપાલિકાના પ્રમુખ ચાંદભાઈ ભીંડે, જિલ્લા ભાજપ ના મંત્રી ઉમેશ સોની વિગેરે એ શુભેચ્છાઓ પાઠવી હતી ધુળેટી ની ઉજવણી અબાલ વૃધ્ધ સૌ કોઈ એ કરી હતી.

# કંડલા સેઝના નિકાસકારને રાહત : ગુજરાત હાઈકોર્ટે સેન્ટ્રલ જીએસટીની નોટિસ પર સ્ટે મૂક્યો

**સેઝ એક્ટ હેઠળ મળતી મુક્તિ અન્ય કાયદાઓ પર પણ પ્રભાવી હોવાનું અવલોકન કરતા હાઈકોર્ટે કેન્દ્ર સરકારને નોટિસ ફટકારી**




ગાંધીધામ - કચ્છઉદય : ગુજરાત હાઈકોર્ટે કંડલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (સેઝ) માં કાર્યરત પાન મસાલા ઉત્પાદક પાસેથી ટેક્સ વસૂલવાના સેન્ટ્રલ જીએસટી સત્તામંડળના પ્રયાસ પર વચગાળાની રોક લગાવી દીધી છે. જીએસટી વિભાગે કંપનીને 'હેલ્થ સિક્યોરિટી એન્ડ નેશનલ સિક્યોરિટી સેસ એક્ટ' હેઠળ નોંધણી કરાવવા અને મશીનરીની વિગતો આપવા માટે નોટિસ ફટકારી હતી, જેને હાઈકોર્ટે અટકાવી દીધી છે.

આ કેસની વિગતો મુજબ, કચ્છના સેન્ટ્રલ જીએસટી સુપરિન્ટેન્ડેન્ટ દ્વારા કંડલા સેઝમાં વર્ષ ૨૦૧૫-૧૬ થી કાર્યરત અને ૧૦૦ ટકા નિકાસલક્ષી એકમ આર.આર. એક્સપોર્ટ્સને વિવિધ નોટિસો આપવામાં આવી હતી. આ કંપની તમાકુ, ગુટખા અને પાન મસાલાનું માત્ર નિકાસ માટે ઉત્પાદન કરે છે. વિભાગે આ વર્ષના જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિનામાં નોટિસ આપીને કંપનીને જાહેર આરોગ્ય અને રાષ્ટ્રીય સુરક્ષા માટેના ફંડ તરીકે ઉઘરાવવામાં આવતા એચ.એસ.એસ.એન.એસ. સેસ એક્ટ હેઠળ નોંધણી કરાવવા આદેશ આપ્યો હતો. કંપનીએ આ માંગણીનો વિરોધ કર્યો હતો પરંતુ સત્તાધિકારીઓ સહમત ન થતા અંતે હાઈકોર્ટના દ્વાર ખટખટાવવામાં આવ્યા હતા. અરજદાર કંપની વતી એડવોકેટ શાર્વિલ મજમુદારે દલીલ કરી હતી કે સેઝ એક્ટ, ૨૦૦૫ની કલમ ૨૬ સ્પષ્ટપણે સેઝમાં આવેલી કંપનીઓને કસ્ટમ્સ એક્ટની જોગવાઈઓમાંથી મુક્તિ આપે છે. વધુમાં, સેઝ એક્ટ અન્ય તમામ કાયદાઓ પર સર્વોપરી અસર ધરાવે છે, તેથી જીએસટી સત્તામંડળ આર. આર. એક્સપોર્ટ્સ પર નવા સેસ એક્ટની જોગવાઈઓ લાદી શકે નહીં. બીજી તરફ, કેન્દ્ર સરકારના વકીલે એવી રજૂઆત કરી હતી કે આ કાયદાની કલમ ૩ હેઠળ પાન મસાલા ઉત્પાદકોનો સમાવેશ કરદાતા તરીકે થાય છે.

જસ્ટિસ એ. એસ. સુપૈયા અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે પ્રાથમિક સુનાવણી બાદ અવલોકન કર્યું હતું કે અરજદારની દલીલોમાં તથ્ય જણાય છે. હાઈકોર્ટે આ મામલે કેન્દ્ર સરકારને નોટિસ પાઠવી છે અને આગામી સુનાવણી ૨ એપ્રિલના રોજ નિયત કરી છે. ત્યાં સુધી કોર્ટે વચગાળાની રાહત આપતા જીએસટી વિભાગની નોટિસોના અમલ પર સ્ટે મૂક્યો છે.

# કાસેઝમાં સીજીએસટીની ટીમોના પડાવથી ફફડાટ

## ૧ ફેબ્રુઆરીથી લાગુ નવા નિયમોની અમલવારીની તપાસ

**ખૈનિ-ગુટખા-તમ્બાકુવાળા યુનિટમાં ક્રોસ વેરીફીકેશનની કાર્યવાહીનો ધમધમાટ : ગત મોડી સાંજે જીએસટીની પ્રીવેન્ટીવ વિંગના ૨૦થી વધુ અધિકારીઓનો કાફલો ઉતર્યાની ચકચાર**

ગાંધીધામ : કંડલા સ્પેશ્યલ ઈકોનોમીક ઝોનમાં હાલમાં એક પછી એક કિસ્સાઓ ચકચાર સર્જી રહ્યા છે તે વચ્ચે જ હવે સેન્ટ્રલ જીએસટીની ટીમનો પણ પડાવ થવા પામ્યો હોવાની વાત સામે આવવા પામી રહી છે. આ બાબતે મળતી વધુ વિગતો અનુસાર સીજીએસટીના પ્રિવેન્ટીવ અધિકારીની ટુકડી ગત રોજ મોડી સાંજથી કાસેઝમાં ક્રોસ વેરીફીકેશન માટે ઉતરી હોવાનુ મનાય છે. ગુટખા-ખૈની-તમ્બાકુના યુનિટોમાં ૧ ફેબ્રુઆરીથી લાગુ થયેલ નિયમોની અમલવારી થાય છે કે કેમ? તેની ચકાસણીઓ થઈ રહી હોવાનુ મનાય છે.

# માંડવીમાં અનિરૂદ્ધભાઈ દવેએ મતદાન કર્યું



ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણી માટે માંડવી ખાતે મતદાન માટે ઉત્સાહ જોવા મળ્યો હતો. ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણી અન્વયે માંડવી કોર્ટ ખાતે માંડવી બાર વકિલોએ મતદાન કર્યું હતું. માંડવી ધારાસભ્ય અને ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી અને એડવોકેટ અનિરૂદ્ધભાઈ દવેએ મતદાન કરી મહત્વપૂર્ણ ચૂંટણીમાં પોતાની ફરજ નિભાવી હતી.

# કચ્છમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીનું શાંતિપૂર્ણ મતદાન



વકીલમિત્રોએ પોતાના મત અધિકારનો ઉપયોગ કર્યો હતો.

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં આજે બાર કાઉન્સિલ ઓફ ગુજરાત વર્ષ ૨૦૨૬ની ચૂંટણી માટે ઉત્સાહપૂર્ણ અને શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ભુજ કોર્ટ મધ્યે વકીલોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આ ચૂંટણીમાં કચ્છ-ભુજ તરફથી ઉમેદવારી નોંધાવનાર મગનભાઈ ગઢવીએ જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાત અને કચ્છના વિવિધ તાલુકા મથકો જેવા કે માંડવી, મુંદ્રા, રાપર, ભચાઉ, નખત્રાણા, નલિયા, અંજાર અને ગાંધીધામના વકીલ મિત્રો તરફથી તેમને અભૂતપૂર્વ પ્રતિસાદ મળી રહ્યો છે. વર્ષ ૨૦૨૧-૨૨માં શિસ્ત સમિતિમાં રહીને તેમણે કરેલા કાર્યોની વકીલોએ નોંધ લીધી છે, તે બદલ તેમણે તમામ સમર્થકોનો આભાર વ્યક્ત કર્યો હતો. આ તકે ભુજ બાર એસોસિએશનના પ્રમુખ સચિનભાઈ ગોરે વકીલોને અપીલ કરતા જણાવ્યું હતું કે, બાર કાઉન્સિલમાં કચ્છનું પ્રતિનિધિત્વ પુનઃ સ્થાપિત કરવા માટે વધુમાં વધુ મતદાન કરવું અનિવાર્ય છે.

તેમણે ઉમેર્યું હતું કે, મગનભાઈ ગઢવી છેલ્લા પાંચ વર્ષથી વકીલોના આઈ-કાર્ડ, સનદ અને પરીક્ષા જેવા પ્રશ્નો માટે સતત કાર્યરત રહ્યા છે, ત્યારે આજે તેમના આ સેવાકાર્યનું ઋણ ચૂકવવાનો અવસર છે. ભુજમાં વકીલ મંડળ દ્વારા એકજુથ થઈને મતદાન પ્રક્રિયામાં ભાગ લેવામાં આવ્યો હતો. કચ્છમાં પ્રેક્ટિસ કરતા

# રાપર તાલુકા બાર એસોસિયેશન દ્વારા મતદાન



રાપર - કચ્છઉદય : ગુજરાત બાર એસોસિયેશનની ચૂંટણી માટે મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, જે અન્વયે રાપર તાલુકા બાર એસોસિયેશનના ૮૫ સદસ્યો દ્વારા મતદાન કર્યું હતું. ઉમેદવાર તરીકે બે કચ્છના મગનભાઈ ગઢવી, પુનીત દુધરેજીયાએ ઉમેદવારી નોંધાવી છે, જેમાં ૨૩ મત રાજ્યભરના ૯૯ ઉમેદવારને મત આપી શકે છે સમગ્ર કાર્યવાહી રાપર કોર્ટ ખાતે આવેલ બાર એસોસિયેશનના સભાખંડ ખાતે પ્રમુખ પ્રમુખ રમેશભાઈ ચાવડા, મંત્રી તુલસી મકવાણા, ભરતભાઈ ઠાકોર, મહેશભા ગઢવીના માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી.

# નખત્રાણા તા.પં.ની સામાન્ય સભામાં અંદાજપત્રને બહાલી અપાઈ




નખત્રાણા - કચ્છઉદય : તાલુકા પંચાયતની આખરી સામાન્ય સભા પ્રમુખ ભાવનાબેન પટેલના અધ્યક્ષ સ્થાને મળી હતી. પ્રારંભમાં તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ સ્વ. રવજીભાઈ બાથાણીનું નિધન થતાં તેમને અંજલી અપાઈ હતી. બાદમાં તા.વિ. અધિકારી દિક્ષિતભાઈ ઠક્કરે તમામ સભ્યોને આવકારી એજન્ડા રજુ કર્યો હતો. હિસાબનીસ અધિકારી જયવીરસિંહ જાડેજાએ વર્ષ ૨૦૨૫-૨૬નું સુધારેલું અંદાજપત્ર તથા ૨૬-૨૭ના અંદાજપત્રને આખરી બહાલી આપી હતી. ઉપરાંત ગત સામાન્ય સભાની કાર્યવાહી નોંધને સામાન્ય સભા ઠરાવોની બહાલી, માસિક આવક ખર્ચને બહાલી તથા લોકલ ફંડ ઓડીટ પારા, વર્ષ ૧૮, ૧૯, ૨૦ના પ્રથમ જવાબો અંગે તાલુકા પંચાયત ત્રણ વર્ષ ડિપોઝીટ રકમ સ્વભંડોળ સદરે જમા કરાવવા, તાલુકા પંચાયત નાણાપંચના કામોમાં ફેરફાર થયેલ તે કામોને બહાલી આપવા, તા.પં. સ્ટેમ્પ ડ્યુટીની ગ્રાન્ટ ૨૫-૨૬ વર્ષના કામો આયોજન સહિતના પ્રશ્નો આવરી લેવાયા હતા. વિરોક્ષપના નેતા કેતનભાઈ પાંચાણીએ કચ્છઉદયને કહ્યું હતું કે, સામાન્ય સભા વિરોધપક્ષના તમામ સદસ્યો તાલુકામાં આવેલ માતબર રકમ ૨૦ કરોડની સ્ટેમ્પ ડ્યુટીની ગ્રાન્ટ ગામના સાચા સર્વાંગી વિકાસકામો વપરાય અને ભ્રષ્ટાચાર ન થાય તે જોવા કહ્યું હતું. ઉપરાંત તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યા તથા તમામ મહેકમ સ્ટાફની ખાલી તાકીદ પુરાય, સુચારૂ વહિવટ થાય તેવા લોકલલક્ષી પ્રશ્નો ઉઠાવાયા હતા. સામાન્ય સભામાં ટીડીઓ દિક્ષીત ઠક્કરની ભુજ બદલી થતાં તેમણે કહ્યું કે, ૩ વર્ષના પ્રજાના સેવકો તથા સ્ટાફનો સાથ સહકારથી તાલુકાના સર્વાંગી વિકાસને ન્યાય આપ્યો છે.

બેઠકમાં લીલાબેન મહેશ્વરી, ઉત્પલસિંહ જાડેજા, હોતખાન મુતવા, જયસુખભાઈ પટેલ, ગોરધન પટેલ, દિનેશ નાથાણી, મહેન્દ્રસિંહ સોઢા, સ્વાતિબેન ગોસ્વામી, કોંગ્રેસના કેતન પાંચાણી, હરિભાઈ ચારણ, સંગીતાબેન રૂડાણી, લખમીર રબારી, રામીબેન રબારી, કર્મચારી ગણ આર.સી. સોની, વર્ષાબેન જાની, દિપાબેન આચાર્ય, જગદીશ આહિર, કે.પી. આહિર, રમેશ ગરવા ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીધામની મહિલાની ઝારખંડ પોલીસ દ્વારા પુછપરછ માટે અટકાયત

**વિશ્વાસઘાત અને ઠગાઈના ગુનામાં સંડોવણીની શંકાએ પોલીસે હાથ ધરી કાર્યવાહી, સંકુલમાં ચકચાર**

ગાંધીધામ : ઔદ્યોગિક સંકુલમાં છેલ્લા બે દિવસથી એક હાઈપ્રોફાઈલ ધરપકડને લઈને ભારે ચર્ચાઓ જાગી છે. ઝારખંડ રાજ્યમાં નોંધાયેલા ચીટિંગ અને વિશ્વાસઘાતના એક ગુનાના તપાસના તાર ગાંધીધામ સુધી લંબાયા છે. આ પ્રકરણમાં ઝારખંડ પોલીસની એક વિશેષ ટીમે સ્થાનિક સ્તરે ધામા નાખીને એક મહિલાની પૂછપરછ બાદ અટકાયત કરી હોવાના અહેવાલો પ્રાપ્ત થઈ રહ્યા છે.

વિગતો મુજબ ઝારખંડમાં બનેલી ઠગાઈની એક ઘટનામાં સંડોવાયેલા આરોપીઓની કડીઓ મેળવતી પોલીસ ગાંધીધામ સુધી પહોંચી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર આ મહિલા સામે ઝારખંડમાં વિશ્વાસઘાત અને છેતરપિંડીની કલમો હેઠળ ગુનો દાખલ થયેલો છે. આ બાબતે બે દિવસ પૂર્વે જ ઝારખંડ પોલીસે ગાંધીધામમાં ધામા નાખ્યા હતા અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ત્યારબાદ તેમને ઝારખંડ લઈ જવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. આ કાર્યવાહીને પગલે અનેક તર્કવિતર્કો વહેતા થયા છે. આ મુદ્દો સંકુલમાં ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. હાલમાં ઝારખંડ પોલીસ આ મામલે વધુ ઊંડી તપાસ ચલાવી રહી છે.આ બાબતે ગાંધીધામ એ ડિવિઝનના પીઆઈ એમડી ચૌધરી સાથે વાત કરતા તેમણે ઝારખંડ પોલીસ આવી હોવાનું અને પૂછપરછ માટે મહિલાને લઈ ગઈ હોવા બાબત પર સમર્થન આપી વધુ તપાસ ઝારખંડ પોલીસ ચલાવી રહી હોવાનું જણાવ્યું હતું.

# ગાંધીધામના આશાસ્પદ યુવાનનું અકાળે નિધન થતા શોકની લહેર



**ગાંધીધામ શહેર ભાજપના મંત્રી તરીકે સેવારત રહેલા દીપેશ મિનાક્ષીબેન ભટ્ટનું અવસાન**

ગાંધીધામ - કચ્છઉદય : આદિપુરના વોર્ડ નંબર ૨-બી ખાતે રહેતા શહેર ભાજપના મંત્રી દીપેશ ભટ્ટનું ગત રોજ બપોરે અકાળે અવસાન થવા પામતા સંકુલમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. સદગત દીપેશ ગાંધીધામ શહેરમાં ભાજપના મંત્રી પદે રહી અને લોકસેવા ક્ષેત્રમાં યશસ્વી કામગીરી કરી રહ્યા હતા. તેઓ મિલનસાર, હસમુખા, અને સૌને મદદરૂપ થવાનો અનોખો સ્વભાવ ધરાવી રહ્યા હતા. તેમના અકાળે અવસાન થવાથી સંકુલે એક આશાસ્પદ યુવાન ગુમાવ્યાની લાગણી ફેલાઈ જવા પામી ગઈ છે. ભાજપના યુવા આગેવાનનું નિધન થતાં પરીવારજનો, સ્નેહીમિત્રો, સમાજ, અને સંકુલમાં અરેરાટી ફેલાઈ જવા પામી હતી.

# બદલીઓમાં મુખ્ય નિમણૂકો અને ફેરફારોની યાદી

● શમશેર સિંઘને ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ , સિવિલ ડિફેન્સ તરીકે નિમણૂક (નોંધઃ તેઓ આ મહિને જ નિવૃત્ત થશે). ● રાજકોટ રેન્જમાં ઉત્કૃષ્ટ કામગીરી કરી ચૂકેલા IG અશોક કુમારને ગાંધીનગર ખાતે ઈન્ટેલિજન્સ બ્યુરો ના વડા તરીકે મુકાયા છે. ●ગગનદીપ ગંભીરને સ્ટેટ મોનિટરિંગ સેલના IGPનો વધારાનો ચાર્જ સોંપાયો. ● IPS ગૌતમકુમાર પરમારને IG, CID ક્રાઈમ તરીકે નિમણૂક, તેઓ હાલ ભાવનગર રેન્જ આઈજી છે. ●રાઘવેન્દ્ર વત્સ જે હાલ જોઈન્ટ પોલીસ કમિશન સુરત (ક્રાઈમ) છે તેમને IG, અમદાવાદ રેન્જની જવાબદારી સોંપાઈ છે. ● જૂનાગઢ રેન્જ આઈજી નિલેશ જજડિયાને વડોદરા શહેરના જોઈન્ટ કમિશનર ઓફ પોલીસ (JCP - સેક્ટર ૨, ક્રાઈમ) તરીકે બદલી કરાઈ છે.● બિપિન આહિરને IG, સાયબર સેન્ટર ઓફ એક્સલન્સ. ●પી.એલ. મલનીને એન્ટી કરપ્શન બ્યુરોમાં એડિશનલ ડાયરેક્ટર તરીકે બદલી. ● અમદાવાદ શહેરના જેસીપી ટ્રાફિક એન.એન. ચૌધરીને સ્ટેટ IBમાં બદલી. ●એ.જી. ચૌહાણને JCP ટ્રાફિક, અમદાવાદમાં બદલી. ● પંચમહાલ ગોધરા રેન્જના આઈજી આર. વી. અસારીને ભાવનગર રેન્જ આઈજીની જવાબદારી સોંપાઈ ● સુરત જેસીપી કે.એન. ડામોરને CID ક્રાઈમમાં બદલી કરાઈ. ● મકરંદ ચૌહાણને પ્રમોશન સાથે ગાંધીનગરમાં કાયદો અને વ્યવસ્થાના ડીઆઈજી તરીકે બદલી કરાઈ. ● પરીક્ષિતા રાઠોડને બનાસકાંઠા રેન્જ IG તરીકે બદલી. ● અમદાવાદ એડિશનલ સીપી વિધિ ચૌધરીને પંચમહાલ ગોધરા રેન્જ આઈજી તરીકે બદલી કરાઈ. ● વિશાલકુમાર વાઘેલાને સ્ટેટ મોનીટરિંગ સેલમાં ડીઆઈજી તરીકે બદલી અને પોલીસ ભરતી બોર્ડનો વધારાનો ચાર્જ સંભાળશે.● વડોદરાના એડિશનલ સીપી (ક્રાઈમ) લીના પાટીલને પ્રિન્સીપાલ, ગુજરાત પોલીસ એકેડમી કરાઈ તાલીમ શાળા ખાતે બદલી. ● સ્ટેટ મોનીટરીંગ સેલના ડીઆઈજી અને કડક અધિકારીની છાપ ધરાવતા નિર્લિપ્ત રાયને રાજકોટ રેન્જ આઈજી તરીકે જવાબદારી સોંપાઈ ● દીપકકુમાર મેઘાણીને ACBમાં જોઈન્ટ ડાયરેક્ટર. ● રાજકોટના એડિશનલ સીપી મહેન્દ્ર બગરિયાને જોઈન્ટ પોલીસ કમિશનર (સેક્ટર ૨) સુરત તરીકે બદલી. ● હિતેશ જોઈશરને IBમાં મુકાયા. ● ડો. તરૂણ દુગ્ગલને એડિશનલ કમિશનર, અમદાવાદ શહેર (એડમિન). ● ચૈતન્ય માંડલિકને રાજકોટ શહેર એડિશનલ કમિશનર, ક્રાઈમ અને ટ્રાફિક. ●સરોજ કુમારીને DIG, જેલ વડોદરા. ●રાજેન્દ્રસિંહ ચુડાસમાને જૂનાગઢ રેન્જ આઈજી તરીકે બદલી અને સાથે પોલીસ ટ્રેનિંગ કોલેજના પ્રિન્સિપાલનો વધારાનો હવાલો. ● આર. પી. બારોટને DIG, જેલ અમદાવાદ. ● ડો. જી.એ. પંડ્યાને DIG, જેલ રાજકોટ. ●આર. ટી. શુશ્રાને સ્પેશિયલ બ્રાન્ચ, અમદાવાદ. ● સુધા પાંડેને DIG, હથિયારી એકમ વડોદરા. ● સુજાતા મજમુદારને DIG, હથિયારી એકમ ગાંધીનગર. ● ગાંધીનગરમાં આઈબીમાં ડીઆઈજી ડો. સુધીર દેસાઈને એડિશનલ કમિશનર, વડોદરા શહેરમાં મુકાયા. ● રાજ્યપાલના એડીસી બલરામ મીણાને એડિશનલ પોલીસ કમિશનર, સુરત ખાતે મુકાયા ● ડો. કરુણરાજ વાઘેલાને JCP ક્રાઈમ, સુરત.● એસ. વી. પરમારને ત્નઝ ટ્રાફિક, સુરત. ● એ. એમ. મુનિયાને DIGP, કોસ્ટલ સિક્યુરિટી અમદાવાદ અને કોસ્ટલ સિક્યુરિટી ગાંધીનગરનો વધારાનો ચાર્જ. ● મયુર પાટીલને DCP ઝોન ૮, અમદાવાદ. ● વાબાંગ ઝમીરને વેઈટિંગ ફોર પોસ્ટિંગ રાખવામાં આવ્યા. ● આ બદલીઓ રાજ્યના મુખ્ય શહેરો અને રેન્જમાં કાયદો-વ્યવસ્થા, સાયબર સુરક્ષા, એન્ટી-કરપ્શન અને અન્ય વિભાગોને મજબૂત બનાવવા માટે કરવામાં આવી છે.

# રાયધણજર સીમ વિસ્તારમાં બેન્ટોનાઈટ ખનીજની ચોરી પકડાઈ

**લીઝની બાજુમાં કરાતું હતું ખનન : કરોડનો મુદ્દામાલ જપ્ત**



ભુજ - કચ્છઉદય : કચ્છમાં બેફામ બનેલા ખનીજ માફિયાઓ પર લગામ કસવા ભુજ (પશ્ચિમ) ખાણ ખનીજ વિભાગે ફિલ્મી ઢબે અબડાસા તાલુકાના રાયધણજર વિસ્તારમાં માન્ય લીઝની આડમાં ચાલી રહેલા બેન્ટોનાઈટના ગેરકાયદે ખનન પર ત્રાટકીને અંદાજે ૧ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પશ્ચિમ કચ્છ ભૂસ્તરશાસ્ત્રીની કચેરી દ્વારા ગુપ્ત માહિતીના આધારે વહેલી પરોઢે આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં અધિકારીઓની ટીમે મજૂરનો વેશ ધારણ કરી બાઈક પર સ્થળ પર પહોંચી ખનીજ ચોરી ઝડપી લેવામાં આવી હતી.

તપાસ દરમિયાન ઘટના સ્થળેથી હ્યુન્ડાઈ એક્સકેવેટર મશીન તેમજ બે વાહનો નંબર જી.જે. ૧૨ સીવી ૫૦૨૨ અને જી.જે. ૧૨ બીડબલ્યુ ૫૯૮૬ જપ્ત કરવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છેકે, નજીકમાં માન્ય લીઝ આવેલી છે તેની બાજુમાં ગેરકાયદે રીતે ખોદકામ કરવામાં આવી રહ્યું હતું. તંત્ર દ્વારા હાલમાં ખાડાની ચોકસાઈ પૂર્વક માપણી હાથ ધરવામાં આવશે . જેના આધારે લાખો રૂપિયાનો દંડ ફટકારવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. પશ્ચિમ કચ્છ ખાણ ખનીજ અધિકારી ડી.એસ. બારીયાના માર્ગદર્શનમાં કાર્યવાહીમાં રોયલ્ટી ઈન્સ્પેક્ટર જીગર ઠક્કર અને ખુશાલી ગરવા સહિત માઈન્સ સુપરવાઈઝર આશિષ પટેલ, હર્ષદ પ્રજાપતિ, જય કુંડારીયા અને દર્શન જોશી જોડાયા હતા.

# કેબલ ચોરીના બનાવમાં પાંચ આરોપી પકડાયા



ભુજ - કચ્છઉદય : નખત્રાણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નોંધાયેલ કેબલ ચોરીના બનાવમાં એલસીબીએ પાંચ શખ્સોની અટક કરી હતી, જેમાં ભુજના આશાપુરાનગરના ગફુર મામદ નોતિયાર, નાના વરનોરાના સાહિલ ઈશા મોખા, હંગામી આવાસ ભુજના સિકંદર જુસબ ત્રાયા, લક્ષ્મીપર તરાના સાહિલ અલીમામદ જીએજા અને કુવાથડાના અબ્દુલ લતીફ સિધિક નોડેને પકડી લેવામાં આવ્યા છે, જયારે અંજારનો ઈમરાન કુંભાર અને ભુજનો દાઉદ ઉર્ફે દાઉભા અબ્દુલા કુંભાર પકડવાના બાકી હોવાનું પોલીસે જણાવી ૯૦ હજારના વાયર અને વાયર કાપવાની કટર આરી કબ્જે કરી ઝડપાયેલા શખ્સોને નખત્રાણા પોલીસના હવાલે કરવામાં આવ્યા હોવાનું જણાવાયું છે.

**કચ્છ-ભૂજના દંપતીની કાનૂની લડાઈમાં સુપ્રીમ કોર્ટનો અસાધારણ ચુકાદો**

# ભરણપોષણ ન ચુકવતા પતિના પગારમાંથી દર મહિને રૂ.૨૫,૦૦૦ કાપી લેવા એસસીનો આદેશ

**આ રકમ પત્નીના ખાતામાં ટ્રાન્સફર કરવાની કંપનીને તાકીદ**

નવી દિલ્હીઃ એક દુર્લભ આદેશમાં સુપ્રીમ કોર્ટે પત્ની અને ચાર વર્ષની પુત્રીને ભરણપોષણ ન ચુકવતા પતિના પગારમાંથી દર મહિને રૂ.૨૫,૦૦૦ની સીધી કપાત કરવાનો નોકરીદાતા કંપનીને આદેશ આપ્યો હતો. કોર્ટે કાપેલી આ રકમ પત્નીના બેંક એકાઉન્ટમાં આરટીજીએસ મારફત ટ્રાન્સફર કરવાની પણ કંપનીને તાકીદ કરી હતી. આ મામલે પતિએ સ્વેચ્છાએ કોઈ રકમ ચૂકવવાનો ઈનકાર કર્યો હતો. જસ્ટિસ જે બી પારડીવાલા અને કે વી વિશ્વનાથનની ખંડપીઠે પતિ નિશાંત પ્રવિણભાઈ સોની વિરુદ્ધ ડિમ્પલે દાખલ કરેલી ટ્રાન્સફર અરજીની સુનાવણી કરતી વખતે આ આદેશ આપ્યો હતો. ટ્રાન્સફર પિટિશનમાં કચ્છ-ભૂજની ફેમિલી કોર્ટમાં પેન્ડિંગ દાવાને ટ્રાન્સફર કરવાની માંગ કરાઈ હતી. જસ્ટિસ પારડીવાલાની આગેવાની હેઠળની ખંડપીઠે નોંધ્યું હતું કે ૧૬ ડિસેમ્બર, ૨૦૨૫એ અગાઉ આદેશ આપવા છતાં પતિ મધ્યસ્થી કાર્યવાહી માટે તેની પત્ની અને સગીર પુત્રીના મુસાફરી ખર્ચ માટે રૂ.૨૫,૦૦૦ જમા કરાવવામાં નિષ્ફળ ગયો હતો. ચુકાદામાં જણાવાયું હતું કે અત્યાર સુધી પતિએ તેની પત્નીને કે તેની સગીર પુત્રીને એક પણ પૈસો ચૂકવવાની તસ્દી લીધી નથી. કમનસીબે તેને છેલ્લા ચાર વર્ષથી તેની સગીર પુત્રીની પણ કોઈ રીતે સંભાળ રાખી નથી.

સુનાવણી દરમિયાન ખંડપીઠે પતિએ દાખલ કરેલા સોગંદનામાની ચકાસણી કરી હતી. તેમાં જણાવવામાં આવ્યું હતું કે તેનો માસિક પગાર રૂ.૫૦,૦૦૦ છે અને વાર્ષિક આવક રૂ.૬ લાખ છે. તેની પાસે કોઈ મોટી સંપત્તિ નથી અને તે લોન ચુકવણી સહિત નાણાકીય જવાબદારીઓનો સામનો કરી રહ્યો છે. સુપ્રીમ કોર્ટે સવાલે કર્યો હતો કે તેઓ વચગાળાના ભરણપોષણ માટેના બાકીના રૂ.૧.૩૮ લાખ સહિત રૂ.૨.૫ લાખ જમા કરવા તૈયાર છે કે નહીં. તેનો પતિએ ઈનકાર કર્યો હતો. આ પછી ખંડપીઠે આદેશ આપ્યો હતો કે આવા સંજોગોમાં અમારી પાસે પ્રતિવાદી પતિના એમ્પ્લોયરને તેના પગારમાંથી દર મહિને રૂ.૨૫,૦૦૦ કાપવાનો આદેશ આપ્યા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. રિશદ શિપિંગ એન્ડ ક્લિયરિંગ એજન્સી પ્રાઈવેટ લિમિટેડને આરટીજીએસ દ્વારા કાપેલી આ રકમ પત્નીના બેંક ખાતામાં ટ્રાન્સફર કરવાનો પણ આદેશ આપ્યો હતો.

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે દંપતીની સગીર પુત્રીના કલ્યાણને ધ્યાનમાં રાખીને આ આદેશ જરૂરી હતો, કારણ કે પુત્રીની સંભાળ ફક્ત તેની માતા દ્વારા જ લેવામાં આવે છે.આ કેસમાં પતિ-પત્ની ૨૦૨૨થી અલગ રહેતા હતાં. પત્નીએ સંપૂર્ણ અને અંતિમ સમાધાન તરીકે રૂ.૪૦ લાખ માંગ્યા હતાં.

# ગુજકેટને કારણે ઉચ્ચતર માધ્યમિક શિક્ષક અભિયોગ્યતા કસોટી હવે ૧૨મી એપ્રિલે લેવાશે

ભુજ - કચ્છઉદય : રાજ્યમાં ડિગ્રી ઈજનેરી પ્રવેશ માટેની ગુજકેટ અને ધોરણ ૧૧-૧૨માં શિક્ષક બનવા માટેની ઉચ્ચતર માધ્યમિક શિક્ષક અભિયોગ્યતા કસોટી એક જ દિવસે આવતી હોવાથી શિક્ષણ વિભાગ દ્વારા પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે. અગાઉ આ પરીક્ષા ૨૯મી માર્ચના રોજ યોજવાની જાહેરાત થઈ હતી, પરંતુ તે જ દિવસે ઈજનેરી પ્રવેશ પરીક્ષા હોવાથી વિદ્યાર્થીઓની સુવિધા ખાતર હવે શિક્ષક અભિયોગ્યતા કસોટીની પ્રાથમિક પરીક્ષા ૧૨મી એપ્રિલના રોજ લેવામાં આવશે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ફોર્મ ભરવાની મુદત લંબાવવામાં આવ્યા બાદ આ વર્ષે કુલ ૧,૬૪,૩૦૦ ઉમેદવારોએ નોંધણી કરાવી છે. નોંધનીય છે કે વર્ષ ૨૦૨૩ની સરખામણીએ આ વખતે ફોર્મ ભરનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં ૪૯,૪૩૦ જેટલો વધારો જોવા મળ્યો છે. હવે ગુજકેટ તેના નિર્ધારિત સમયે ૨૯મી માર્ચે જ લેવાશે, જ્યારે શિક્ષક બનવા ઈચ્છતા ઉમેદવારોને તૈયારી માટે વધારાનો સમય મળશે.

## પહેલા પાનાથી...

**ઈરાન યુદ્ધ વચ્ચે**

માટે રશિયન ક્રુડતેલ ખરીદી શકશે.અમેરિકી નાણામંત્રીએ જણાવ્યું કે, આ ટુંકાગાળાનો વિકલ્પ છે અને તેનાથી રશિયાને કોઈ મોટા નાણાકીય લાભ થશે નહી. તેઓએ વધુમાં જણાવ્યું કે ભારત એ અમેરિકાનું એક મહત્વપૂર્ણ ભાગીદાર રાષ્ટ્ર છે અને અમોને પુરતી ખાતરી છે કે ભારત અમેરિકી ક્રુડતેલ ખરીદવાનું વધારતું રહેશે પણ જે રીતે ઈરાને સમગ્ર વિશ્વને બાનમાં લેવા પ્રયાસ કર્યા છે તેમાં આ વચગાળાનો નિર્ણય ભારત માટે રાહત થશે.હોર્મુજ જળમાર્ગ બંધ થવાથી ભારતને જે રીતે ક્રુડતેલના પુરવઠાનો પ્રશ્ન ઉભો થયો છે તેમાં હાલ રાહત છે પણ તે ભારતમાં રાજકીય વિવાદ સર્જી શકે છે. બીજી તરફ દેશની ઓઈલ રિફાઈનરીઓ માર્ચ અને એપ્રિલના પ્રથમ અઠવાડીયામાં રશિયન ક્રુડતેલ ખરીદવા બહું ઝડપથી આગળ વધશે.

**સેવા હી પરમો ધર્મ**

# ભુજમાં સાંસદ વિનોદભાઈ ચાવડાના જન્મદિવસ નિમિત્તે સેવાકીય પ્રવૃત્તિઓની મહેકી સુવાસ


આયુષ હોસ્પિટલમાં મેડિકલ કેમ્પ


આયુષ હોસ્પિટલમાં મેડિકલ કેમ્પ




રક્તદાન કેમ્પ


પક્ષીઓ માટે કુંડાનું વિતરણ




દિવ્યાંગો સાથે ઉજવણી


મંગલમ ચાર રસ્તા પાસે ગાયોને નિરણ

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સેવા મંત્રને સાર્થક કરતા સાંસદ : સવારથી જ રક્તદાન, મેડિકલ કેમ્પ અને ટીબીના દર્દીઓને પોષણક્ષમ કિટ વિતરણ સહિતના લોકહિતના કાર્યોથી કચ્છ ગાજ્યું


ભુજ - કચ્છઉદય : કચ્છ લોકસભા મતવિસ્તારના લોકપ્રિય સાંસદ વિનોદભાઈ ચાવડાના જન્મદિવસ નિમિત્તે આજે ભુજ શહેર સહિત સમગ્ર જિલ્લામાં 'સેવા પરમો ધર્મ'ની ભાવના સાથે વિવિધ જનહિતલક્ષી કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અંત્યોદય અને સેવાના આહવાનને શિરોધાર્ય કરી સાંસદ દ્વારા તેમના જન્મદિવસની ઉજવણી કોઈ આડંબર વગર, જરૂરિયાતમંદોની સેવા કરીને કરવામાં આવી રહી છે. દિવસની શરૂઆતથી જ ભુજ શહેરના માર્ગો અને સંસ્થાઓમાં સેવાનો અવિરત પ્રવાહ વહેતો જોવા મળ્યો હતો, જેમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો અને વિવિધ સામાજિક સંસ્થાઓ ઉત્સાહભેર જોડાઈ હતી.

સાંસદ વિનોદભાઈ ચાવડાએ આ પ્રસંગે તમામ કાર્યકરો અને સંસ્થાઓનો આભાર માનતા કહ્યું હતું કે જનતાની વચ્ચે રહીને તેમના સુખ-દુઃખમાં સહભાગી થવું એ જ સાચી જનપ્રતિનિધિની ઓળખ છે. દર વર્ષે મુખ્ય કાર્યક્રમ દિવ્યાંગોને સાધન-સહાયરૂપ આપવાનો થતો હોય છે, આજે પણ સૌથી વધારે દિવ્યાંગોને અલગ-અલગ પ્રકારની સાધન-સહાય આપીશું. વડાપ્રધાન મોદીએ જનપ્રતિનિધિઓને આહવાન કર્યું અને દેશની અંદર જે ટીબીના દર્દીઓ છે, તે ટીબી મુક્ત થાય એ અભિયાનની શરૂઆત થઈ. જેના ભાગરૂપે કચ્છની અંદર ગાંધીધામ, મોરબી, આખા કચ્છ લોકસભા વિસ્તારની અંદર આજે ટીબીના દર્દીઓને પણ ૧૦૦૦ થી વધારે કિટો આપવાના છીએ. ગાંધીધામ, મોરબી અને ભુજ મધ્યે કાર્યક્રમ થશે. શ્રમિકોને મોટા પ્રમાણમાં આજે રાશન આપવામાં આવશે

આજે સવારે ભુજના જ્યુબેલી સર્કલ ખાતે પક્ષીઓ માટે પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું, જે જીવદયાના ઉત્કૃષ્ટ ઉદાહરણ તરીકે ઉભરી આવ્યું હતું. ત્યારબાદ જીવનજ્યોત બ્લડ બેંક ખાતે રક્તદાન કેમ્પનું આયોજન થયું હતું, જેમાં યુવા કાર્યકર્તાઓએ ઉત્સાહપૂર્વક રક્તદાન કરી જરૂરિયાતમંદ દર્દીઓ માટે સેવાનો સંકલ્પ લીધો હતો. આરોગ્ય ક્ષેત્રે મહત્વનું યોગદાન આપતા આયુષ હોસ્પિટલ ખાતે નિઃશુલ્ક મેડિકલ કેમ્પનો પ્રારંભ થયો હતો, જ્યાં નિષ્ણાત તબીબો દ્વારા નાગરિકોનું સ્વાસ્થ્ય પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

માનવતાના અભિગમ સાથે કે.સી.આર.સી. અંધજન મંડળ ખાતે પ્રજ્ઞાચક્ષુ બાળકોને સુપોષિત કિટ અર્પણ કરવામાં આવી હતી અને કેક કટિંગ કરી બાળકોના ચહેરા પર સ્મિત રેલાવ્યું હતું. વડાપ્રધાનના ટીબી મુક્ત ભારતના અભિયાનને વેગ આપવા માટે ટીબી હોસ્પિટલ ખાતે દર્દીઓને પોષણક્ષમ આહારની કિટોનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાંસદે જણાવ્યું હતું કે સમગ્ર લોકસભા વિસ્તારમાં ૧૦૦૦થી વધુ આવી કિટો વિતરણ કરવાનું લક્ષ્ય છે. આ ક્રમમાં આગળ વધતા શ્રી રામદેવ સેવા ટ્રસ્ટ (માનવ-જ્યોત) ખાતે નિરાધાર લોકો સાથે ભોજન કરી સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. બપોરના સમયે પણ સેવાનો આ યજ્ઞ અવિરત ચાલુ રહ્યો હતો. માધાપર સ્થિત નવચેતન અંધજન મંડળમાં બાળકોને મિષ્ટાન સાથે ભોજન અને આરોગ્ય સ્વાસ્થ્ય કિટ એનાયત કરવામાં આવી હતી. ત્યારબાદ શ્રીહરિ શાંતિનિકેતન વૃદ્ધાશ્રમમાં વડીલોના આશીર્વાદ લઈ તેમને સ્વાદિષ્ટ ભોજન પીરસવામાં આવ્યું હતું. બપોરે આંબેડકર ભવન ખાતે શ્રમિક પરિવારોને રાશન કિટનું વિતરણ કરી તેમની પાયાની જરૂરિયાતો પ્રત્યે સંવેદનશીલતા દાખવવામાં આવી હતી. હજુ પણ સાંજ સુધી દિવ્યાંગોને સાધન સહાય અને શૈક્ષણિક કિટ વિતરણ જેવા અનેક કાર્યક્રમો યોજાનાર છે. આ કાર્યક્રમો દરમ્યાન જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ, મહામંત્રી હિતેષભાઈ ખંડોર, શહેર ભાજપ પ્રમુખ મિત ઠક્કર, ભુજ નગરપાલિકા પ્રમુખ રશ્મિબેન સોલંકી, ડૉ. ઉપેન્દ્રસિંહ વાઘેલા, અંગદાન પ્રણેતા દિલિપભાઈ દેશમુખ સહિત ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. જ્યારે ભુજના મંગલમ ચાર રસ્તા પાસે સર્વ સમાજ મેડીકલ અને એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ગાયોને લીલો ઘાસચારો નીરણ કરી સાંસદના જન્મ દિવસની ઉજવણી કરાઈ હતી.

# લખપતના યાત્રાધામોના વિકાસ માટે સરકાર કટિબદ્ધ : પી.એમ.જાડેજા


બુધા


હમનખુડી


સાયણ

## કુનરી, હમનખુડી, બુધા એપ્રોચ રોડ, સાયણ મોટી એપ્રોચ રોડની આધાર શીલા મુકાઈ : મહાનુભાવો ઉપસ્થિત રહ્યા

નખત્રાણા : લખપત તાલુકાના કુનરી, હમનખુડી રોડ અને પુલનું રૂા. ૨૦૦ લાખના ખર્ચે થનાર કામ તથા બુધા એપ્રોચ રોડ પર થનાર ૮૦ લાખના ખર્ચે થનાર નાલા પુલનું કામ, સાયણ મોટી એપ્રોચ રોડનું રૂા. ૬૦ લાખના ખર્ચે નિર્માણ થનાર કામનું ખાતમુર્હૂતની આધાર શીલા મુકતા અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, લખપત તાલુકો વિકાસ ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યો છે ત્યારે યાત્રાધામના વિકાસ માટે સરકાર કટિબદ્ધ છે. માતાનામઢ, કોટેશ્વર, નારાયણ સરોવર, ગુરૂદ્વારો, લખપત ઝારા ડુંગર સહિત તમામ સમાજોના યાત્રાધામ - પ્રવાસન ધામ માટે સરકાર બજેટમાં કરોડોની ગ્રાન્ટની જોગવાઈ રાખે છે. આજે માતાનામઢ, ના.સરોવર સહિતના યાત્રાધામો નવા વાઘા ધારણ કર્યા છે. અને ભવિષ્યમાં પણ જે જે યાત્રાધામોની વિકાસ ખુટતી કડીઓ હશે તેની પુરતી કરાશે. યાત્રાધામ - પ્રવાસન ધામમાં રસ્તા, પાણી, વીજળી સહિતની સુવિધા ઉપલબ્ધ છે. ગામડાને જોડતા તમામ રસ્તા નવા આકાર પામી રહ્યા છે. વિકાસની ગતિ સતત ચાલુ છે. અને હજુ પણ તમામ ગામડાનો સર્વાંગી વિકાસ થશે. આજના પ્રસંગે તા.ભા. પ્રમુખ ગણપતભાઈ રાજગોરે સ્વાગત પ્રવચન કરી કાર્યક્રમની રૂપરેખા આપી હતી. આ ટાંકણે જેતમલજી જાડેજા, રાજુ ઠક્કર, ભાવીનભાઈ, નીતીનભાઈ પટેલ, સાજના હમીર, જીતુભાઈ કોટક, રામજી ગોડરીયા, દિપકભાઈ ઠક્કર સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## નખત્રાણામાં કેક કાપી વિનોદ ચાવડાનો જન્મદિન ઉજવાયો



નખત્રાણા - કચ્છ - મોરબીના સાંસદ વિનોદભાઈ ચાવડાનો ૪૭મો જન્મદિન તાલુકા ભાજપ અને કેસીઆરસી અંધજન મંડળના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો. જિલ્લા પંચાયત સદસ્ય નયનાબેન પટેલ, તાલુકા ભાજપ પ્રમુખ ધર્મેશભાઈ કેસરાણી, ચંદનસિંહ રાઠોડ, જીતેન્દ્રસિંહ જાડેજા, હરિસિંહ રાઠોડ, મયુરભાઈ વાઘેલા, હિરેનભાઈ ભટ્ટ, વસંતભાઈ વાઘેલા, ડાયાલાલ સેંઘાણી ઉપસ્થિત રહ્યા હતા.

## સાંસદના જન્મદિને પોષણ કીટનું વિતરણ



અંજાર તાલુકાના ભીમાસર ગામે આંગણવાડી મધ્યે એન્જલ એન્ટરપ્રાઈઝ દ્વારા સાંસદ વિનોદભાઈ ચાવડાના જન્મદિવસ નિમિતે ભીમાસર મધ્ય કુપોષિત બાળકો માટે પોષણ કીટ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અંજાર તાલુકા ભાજપના પ્રમુખ બાબુભાઈ આહીર, શંકર પરમાર, દેવજી ડાંગર સહિત કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

# કચ્છમાં ૧૮મી માર્ચ સુધી હથિયારબંધી

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં યોજાનારા ધાર્મિક તહેવારો - મેળાઓ તથા ઉત્સવોની ઉજવણી અંતર્ગત જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ સુલેહ શાંતિ જળવાઈ રહે તે માટે સાવચેતીના પગલાં રૂપે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ડી.પી. ચૌહાણે તા.૧૮/૩ સુધી જિલ્લામાં હથિયારબંધીના આદેશ જાહેર કર્યા છે. આ જાહેરનામા અન્વયે હથિયાર લઈ જવાની ફરજ હોય, પરવાનગી આપી હોય કે અધિકૃત કરી હોય તે સિવાયની કોઈ વ્યક્તિ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ કરનારને ઓછામાં ઓછી ૪ માસની અને વધુમાં વધુ ૧ વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

## સુમનભાઈ રોશિયાની વિદાયથી મહેશ્વરી સમાજે ધાર્મિક, સહકારી આગેવાન ગુમાવ્યા : વાલજીભાઇ દનીચા



ગાંધીધામ : મૂળ આદિપુરના વર્ષોથી મુંબઈ વસતા સ્વ. સુમનભાઈ રોશિયાના નિધનથી મહેશ્વરી સમાજે સહકારી આગેવાન ગુમાવ્યાનું જણાવી કચ્છ મહેશ્વરી સમાજના પૂર્વ ધારાસભ્ય વાલજીભાઈએ શ્રધાંજલિ અર્પણ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, પચાસ વર્ષ અગાઉ તેઓના અથાક પરિશ્રમને કારણે મુંબઈ વસતા અનેક પરિવારોને ચેમ્બુરમાં માલિકીના રહેણાંક મકાનો પ્રાપ્ત થયા હતા. તેઓ મહેશ્વરી, માતંગ ધર્મના ચુસ્ત અનુયાયી રહી કચ્છના દરેક ધાર્મિક સ્થળો, મંદિરોએ દરેક પ્રસંગે પરિવાર સાથે હાજર રહી સહભાગી રહ્યા હતા. તેઓ મહારાષ્ટ્રમાં અનેક રાજકીય વ્યક્તિઓ સાથે જોડાયેલા હતા જેમના થકી સામાજિક કાર્યોમાં મુંબઈ મહેશ્વરી સમાજને મદદગાર રહ્યા હતા. સ્વર્ગસ્થના કચ્છના બહોળા સગા સબંધીઓ અને સમસ્ત સમાજમાં તેઓની વિદાયથી આઘાતની લાગણી પ્રસરી છે.

છેલ્લા પાનાનું ચાલુ..

**કચ્છના સરહદી**

માટે માત્ર જાહેરનામા પૂરતા નથી, પરંતુ કોથ માસ્ટર અને સંબંધિત અધિકારીઓએ પ્રેક્ટિસ બાદ દરેક એકમની ગણતરી કરી મેદાનને સંપૂર્ણ સુરક્ષિત જાહેર કરવું અનિવાર્ય છે. સ્થાનિકોની ઉગ્ર માંગ છે કે ફાયરિંગ રેન્જની આસપાસ સુરક્ષા ફેન્સિંગ મજબૂત કરવામાં આવે અને પ્રેક્ટિસ પૂર્ણ થયા બાદ તુરંત જ વણફૂટ્યા ગોળા શોધીને તેનો નિકાલ કરવામાં આવે. જો તંત્ર દ્વારા આ બાબતે કડક વલણ અપનાવવામાં નહીં આવે, તો કચ્છના સરહદી વિસ્તારોમાં નિર્દોષ લોકો આ ઘાતક વિસ્ફોટકોનો ભોગ બનતા રહેશે.


**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ માંડવી(કચ્છ)ની કોર્ટમાં**

**જાહેર નોટિસ** — જન્મ-મરણ કેસ નં.૨૪/૨૦૨૬

**અમૃત ભવાનજી ગંગર**
રહે. મુળ છસરા, તા.મુંદરા-કચ્છ
હાલે-ઈ-૫૦૪, પંચશીલ ગાર્ડન્સ, મહાવીર નગર, કાંદીવલી વેસ્ટ, મુંબઈ ........................અરજદાર
અરજદારના વકીલશ્રી પી.એન.ફુફલ,વી.જે.મહેતા,એસ.કે.ચાવડા માંડવી-કચ્છ

**વિરૂધ્ધ**

જન્મ મરણ નોંધણી અધિકારી અને
મુખ્ય અધિકારીશ્રી માંડવી નગરપાલિકા ........................સામાવાળા

**વિષય -: જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળ જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટિસ થી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી અમૃત ભવાનજી ગંગર રહે. મુળ છસરા, તા.મુંદરા-કચ્છ હાલે-ઈ-૫૦૪, પંચશીલ ગાર્ડન્સ, મહાવીર નગર, કાંદીવલી વેસ્ટ, મુંબઈ એ તા.૨૯/૦૧/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે તેઓની પુત્રી નામે આકાંક્ષા અમૃત ભવાનજી નો જન્મ તા.૧૩/૦૬/૧૯૭૫ ના રોજ માંડવી મધ્યે થયેલ પરંતુ પરિવારની અજ્ઞાનતાના તથા શરતચૂકના કારણે જન્મ અંગેની નોંધણી માંડવી નગરપાલિકાના વર્ષ : ૧૯૭૫ ના જન્મ રજિસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહું જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી જન્મ-મરણ નોંધણી રજિસ્ટર નં.૨૪/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધારપુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજરોજ તા. ૨૩/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

**(પી.એ. જેઠવા)**
મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ માંડવી-કચ્છ


## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ફરી ત્રણ જાહેરનામા અમલી

ભુજ : કચ્છમાં કાયદો - વ્યવસ્થા જળવાઈ રહે તેમજ જિલ્લાની સરકારી કચેરીઓમાં કામસર આવતા લોકોને કોઈ અગવડ ન પડે તે હેતુસર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ડી.પી. ચૌહાણ દ્વારા ફરી ત્રણ જાહેરનામા અમલી બનાવાયા છે, જે અંતર્ગત જિલ્લા - મધ્યસ્થ તાલુકા સેવા સદનના પરિસરની ૧૦૦ મિટરની ત્રિજ્યામાં ધરણા, પ્રતિક ધરણા, ભૂખ હડતાલ પર બેસવા કે ઉપવાસ પર બેસવા મનાઈ ફરમાવાઈ છે. આ ઉપરાંત ભુજની સરકારી કચેરીઓમાં બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર પ્રતિબંધ અને જિલ્લાની સરકારી કચેરીઓમાં ચાર કરતા વધુ વ્યક્તિઓને ભેગા થઈને આવેદન પત્ર આપવા પર રોક લગાવાઈ છે. આ ત્રણેય જાહેરનામા તા.૧૮-૩ સુધી અમલી રહેશે.


**જન્મદિવસની શુભકામના**



**શ્રી વિનોદભાઈ એલ. ચાવડા**
સાંસદશ્રી, કચ્છ-મોરબી લોકસભા મત વિસ્તાર

કચ્છ-મોરબીના વિકાસ માટે સતત ચિંતિત અને પ્રયત્નશીલ સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા ને જન્મદિન નિમિત્તે હાર્દિક શુભકામનાઓ પાઠવતા અમે હર્ષની લાગણી અનુભવીએ છીએ. આપનું જીવન સુખ, શાંતિ અને સમૃદ્ધિથી ભરેલું રહે તેવી અભ્યર્થના.

-:: શુભેચ્છક ::-

- કેશવજીભાઈ વાછીયાભાઈ રોશિયા (જિ.પં.સદસ્ય)
- રાજેન્દ્રગીરી ગોસ્વામી (તા.ભા.જ.પ. બક્ષીપંચ મોરચા પ્રમુખ)
- ખુશીબેન સુનીલભાઈ ચોથાણી (તા.ભા.જ.પ. મંત્રીશ્રી)
- હરેશભાઈ દેવજીભાઈ રંગાણી (તા.પં.સદસ્યશ્રી)
- બળવંતસિંહ ટપુભા જાડેજા (તા.પં.સદસ્યશ્રી)
- કોમલબેન સંજયગીરી ગોસ્વામી (સરપંચશ્રી, ગઢશીશા)
- વિજયભાઈ નરશીભાઈ છાભૈયા (ઉપસરપંચશ્રી, ગઢશીશા)
- રમેશભાઈ શિવજીભાઈ ખત્રી (આશાપુરા ઈલેક્ટ્રોનિક)
- વિરમભાઈ કરણાભાઈ રબારી (ઉપાધ્યક્ષ હિન્દુ યુવા સંગઠન)
- શંભુગર શંકરગર ગોસ્વામી (ગઢશીશા ગોસ્વામી સમાજ પ્રમુખશ્રી)
- દિવ્યરાજસિંહ ભુપેન્દ્રસિંહ જાડેજા (મોમાય ફાર્મ - મઉ મોટી)
- વાછીયાભાઈ વજાભાઈ રબારી (દેવપર ગઢ યુવા અગ્રણી)
- મેજાભાઈ દેવાભાઈ રબારી (યુવા અગ્રણી દેવપર)

**તેમજ ગઢશીશા વિસ્તાર ભારતીય જનતા પાર્ટી પરિવાર**



**જન્મદિવસની શુભકામના**



**શ્રી વિનોદભાઈ એલ. ચાવડા**
સાંસદશ્રી, કચ્છ-મોરબી લોકસભા મત વિસ્તાર

આપના જન્મદિનની ખૂબ ખૂબ શુભેચ્છા. લોકોપયોગી સેવા કાર્યો કરી ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો સર કરતા રહો તેમજ આપનું જીવન નિરોગી, દીર્ઘાયુ બની રહે તેવી શુભકામના..

**ભીમજીભાઈ હરજીભાઈ જોધાણી**
મહામંત્રીશ્રી, કચ્છ જિલ્લા ભાજપ • ડાયરેકટરશ્રી, એપીએમસી - ભુજ



**જન્મદિવસની શુભેચ્છા**



**શ્રી વિનોદભાઈ એલ. ચાવડા**
સાંસદશ્રી, કચ્છ-મોરબી લોકસભા મત વિસ્તાર

કચ્છની પ્રજાની વચ્ચે રહીને પ્રશ્નોને વાચા આપનારા અને સંસદમાં કચ્છ-મોરબીનો મજબૂત અવાજ બનેલા માનનીય સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા ને જન્મદિવસની કોટી કોટી શુભેચ્છાઓ. આપના નેતૃત્વમાં આપણો વિસ્તાર પ્રગતિના નવા શિખરો સર કરે અને આપ લોકસેવાનું ઉત્તમ કાર્ય કરતા રહો તેવી મા આશાપુરા પાસે પ્રાર્થના.

**હિતેશભાઈ હિંમતલાલ ખંડોર**
- મહામંત્રીશ્રી : કચ્છ જિલ્લા ભાજપ
- સંયોજકશ્રી : ગુજરાત પ્રદેશ ભાજપા સહયોગ, આપત્તિ રાહત અને સેવાઓ વિભાગ
- પૂર્વ મંત્રીશ્રી : ભારતીય જનપા પાર્ટી કચ્છ જિલ્લા
- પ્રમુખશ્રી : તેરા તુજકો અર્પણ ટ્રસ્ટ - કચ્છ
- પ્રમુખશ્રી : શ્રી સમસ્ત જૈન સમાજ - માધાપર

અબડાસા વિધાનસભા વિસ્તારમાં વિકાસ કામોની વણઝાર

# સરકાર કરોડોની લ્હાણી કરે છે પણ કામ ટકાઉ અને મજબૂત બનાવવા સ્થાનિકોની જવાબદારી : પ્રદ્યુમનસિંહ જાડેજા






નખત્રાણા - કચ્છઉદય : અબડાસા વિધાનસભા વિસ્તારમાં છેલ્લા બે દિવસથી વિકાસ કામોની વણઝાર ફૂટી છે. અબડાસા ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા તેમજ ભારતીય જનતા પાર્ટીના જિલ્લા - તાલુકાના આગેવાનો સાથે છેલ્લા બે દિવસમાં નખત્રાણા તાલુકા વિસ્તારમાં ૭ કરોડ ૩૦ લાખ ૬૩ હજારના વિકાસતામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું વિવિધ વિકાસ કામોના ખાતમુહૂર્ત કરતા ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ કહ્યું હતું કે, સરકાર સુવિધા અપાવવા કટિબદ્ધ છે અને લાખો, હજારો નહીં પરંતુ કરોડોની લ્હાણી કરી વિકાસ કરી રહી છે ત્યારે સ્થાનિક ગામે થતું વિકાસનું કામ રોડ હોય, પુલ હોય ડેમ હોય કે કોમ્યુનિટી હોલ હોય તે કામ ભ્રષ્ટાચાર વિના થવું જોઈએ એ સરકારની નીતિ છે માટે સ્થાનિક લેવલે જાળવણી કરવી અને કામ ટકાઉ કેમ બને? મજબૂત કેમ બને તે માટે સ્થાનિકોની પ્રથમ જવાબદારી છે. ક્યાંય પણ કામમાં શંકા લાગે કે લીપાપોતી થતી હોય તો અવાજ ઉઠાવવો જોઈએ અથવા સ્થાનિકના પ્રતિનિધિઓનું ધ્યાન દોરવું જોઈએ માટે પોતાના ગામમાં થતા વિકાસ કામને મજબૂત બનાવવાની સંપૂર્ણ જવાબદારી સ્થાનિક રહેવાસીઓની રહે છે. અબડાસા વિધાનસભા વિસ્તારના નખત્રાણા તાલુકામાં રોડ, પુલ, સેડ, કોમ્યુનિટી હોલ, મંદિરોના વિકાસ, સીસી રોડ, આરોગ્ય, પાણીના ટાંકા, સબ સ્ટેશન, શિક્ષણ સંકુલો વગેરે કલ્પી ન શકાય એટલા બનાવવામાં આવ્યા છે. કામો મંજુર થયા છે એનાથી વિશેષ બની ગયા છે અને પ્રગતિમાં છે. નખત્રાણા ખાતે ૫૫ કરોડના ખર્ચે મીની જનરલ હોસ્પિટલ મંજૂર કરાઈ છે. ૧૦ કરોડના ખર્ચે કસ્તુરબા ગાંધી વિદ્યાલયનું કામ પૂર્ણતાના આરે છે તેમજ એપીએમસીનું કામ પણ પ્રગતિમાં ચાલી રહ્યું છે. નખત્રાણા

### ધારાસભ્ય દ્વારા ૭ કરોડ ૩૦ લાખ ૬૩ હજારના વિકાસ કામોનું કરાયું ખાતમુહૂર્ત

ખેતીવાડી ઓફિસ, નખત્રાણા પુસ્તકાલય, હાજીપીર રોડ, ઉખેડા - બિટ્ટા રોડ સહિતના કામો કરોડોના ખર્ચે પ્રગતિના પંથે છે અને ટૂંક સમયમાં લોકાર્પણ પણ થશેટ્. આમ નખત્રાણા તાલુકાનું એક ગામડું પણ ભાજપ સરકારમાં વિકાસ વિહોણું નથી રહ્યું. આઠ વર્ષમાં પશ્ચિમ કચ્છનો કાયા કલ્પ થયો છે. છેલ્લા બે દિવસમાં જ નખત્રાણા તાલુકામાં સાત કરોડ ૩૦ લાખ ૬૩,૦૦૦ ના વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. પશ્ચિમ કચ્છના ગામો ચોમાસા દરમિયાન કાયમ માટે સંપર્ક વિહોણા બની જતા હતા, પરંતુ છેલ્લા આઠ વર્ષમાં આ વિકાસ ગાથાના કારણે એક પણ ગામ પુલ કે રસ્તા વગરનું નથી રહ્યું. દરેક નદીઓ ઉપર આડબંધ, પુલિયા બાંધી સરકારે લોકોને શહેર સાથે જોડવાનું કામ કર્યું છે, જેમાં નખત્રાણા તાલુકાના ભડલી - કોટડા - થરાવડા - વમરાપર રોડ ૮૨.૬૨ લાખના ખર્ચે ખાતમુહૂર્ત કરાયું તેમજ આથમણી અંગોણ એપ્રોચ રોડ ૬૫.૭૫ લાખ તથા કોમ્યુનિટી હોલ ચાર લાખ તેમજ સેડ ૮ લાખનું લોકાર્પણ કરાયું છે. વડવાભોપા ખાતે ગામના પ્રવેશદ્વારે જ ૫૦.૩૯ લાખના ખર્ચે પુલનું ખાતમુહૂર્ત કરાયું છે તેમજ કોટડા રોહા ખાતે બે કરોડ ૫૨ લાખના ખર્ચે પુલનું કામનું ખાતમુહૂર્ત કરાયું તથા નાના અંગિયા ખાતે લિંક રોડ પર ૧૩૯.૬૩ કરોડના ખર્ચે પુલના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત નિરોણા ખાતે અમૃત ફાર્મ મધ્ય પણ ૭૬.૧૩ લાખના ખર્ચે પુલનું કામ ખાતમુહૂર્ત તથા વેડહાર નદી પર ૬૩.૯૧ લાખના ખર્ચે નાડા બનાવવાનું ખાતમુહૂર્ત કરાયું હતું. આવા વિવિધ વિકાસ કામો છેલ્લા બે દિવસમાં સાત કરોડ ૬૩ લાખ ૩૦ હજારની માતબર રકમનું ખાતમુહૂર્ત ધારાસભ્ય, સ્થાનિક આગેવાનો તેમજ જિલ્લા તથા તાલુકાના પાર્ટીના કાર્યકરોના હસ્તે શાસ્ત્રોત વિધિથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ ભાવનાબેન પટેલ, કરસનજીભાઈ જાડેજા, નયનાબેન પટેલ, રાજેન્દ્રસિંહ જાડેજા, જયસુખભાઈ પટેલ, સ્વાતિબેન ગોસ્વામી, ચંદનસિંહ રાઠોડ, મહેન્દ્રસિંહ સોઢા, હોતખાન મુતવા, હંસાબા જાડેજા, ઈકબાલ ઘાંચી, નૈતિક પાંચાણી, જીતેન્દ્રસિંહ જાડેજા, તાલુકા ભાજપ પ્રમુખ ધર્મેશ કેસરાણી, વસંત વાઘેલા, નયનાબેન પટેલ, મંગળાબેન વાઘેલા, જયાબેન ચોપડા, ખેંગારભાઈ રબારી સહિતના આગેવાનોએ ખાતમુહૂર્ત કર્યા હતા. વિકાસ કામોના ખાતમુહૂર્તમાં સ્થાનિકો અંગિયા ખાતે ગોપાલભાઈ ગરવા, હંસાબેન પટેલ, શંકરનાથ નાથબાવા, પન્ના જેસા રબારી, હુસેન બકાલી, રાણા વેસા રબારી, મોહન કેશરાણી, જેન્તી પારસિયા, અમૃતભાઈ ગરવા, ગંગારામ બાપા, હીરાલાલ પટેલ, મહેન્દ્ર પારસીયા, દિનેશ કેસરાણી, કાંતિ પટેલ, આઈદાન ગઢવી, અરવિંદ જયપાલ, નાનજીભાઈ જેપાર, ઘની બકાલી, ઘની તુરીયા, હારુન લુહાર, મમૂભાઈ રબારી, દેવાભાઈ રબારી, સોનાભાઈ રબારી, લક્ષ્મણભાઈ રબારી, કૌશિક મહારાજ, વેલાભાઈ રબારી સહિત ઉપસ્થિત રહ્યા હતા. ગંગોણ ખાતે સરપંચ નવીનભાઈ પટેલ, ઉપસરપંચ કલાભાઈ રબારી, રવુભા જાડેજા, રામસંગજી જાડેજા, ગુલાબસિંહ જાડેજા, દેવુભા જાડેજા, નારણભાઈ ભીમાણી, સલીમ માંજોઠી હાજર રહ્યા હતા. ધાર્મિક વિધિ પ્રવિણ મહારાજે કરાવી હતી.

વડવાભોપા ખાતે દેવા ભોપા, જેસા ભોપા, વેરશી ભોપા, વેલા ભોપા, લખું ભોપા, વંકા ભોપા, સેવા ભોપા, પબા ભોપા, સુરા ભોપા, જગા ભોપા, મેજા ભોપા, મુરા ભોપા હાજર રહ્યા હતા. થરાવડા ખાતે યોજાયેલા ખાતમુહૂર્તમાં સરપંચ ઓમ આહીર, લગધીરભાઈ ગઢવી, મામદભાઈ સંગાર, ઉપસરપંચ રમેશ કરસન પટેલ, રામાભાઈ આહીર, સિધિક સંઘાર, આઈદાનભાઈ ગઢવી સહિતના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. નિરોણા ખાતે યોજાયેલા ખાતમુહૂર્તમાં ગામના સરપંચ એન.ટી. આહીર, બિબ્બર સરપંચ નરેન્દ્રસિંહ જાડેજા, ગજુભા જાડેજા, જેસાભાઈ આહીર, ખેંગારભાઈ આહીર, ખેંગારભાઈ મારવાડા, જીતુભાઈ પટેલ, રમેશભાઈ આહીર, મહેન્દ્રસિંહ સોઢા હાજર રહ્યા હતા.

કોટડા રોહા ખાતે ખાતમૂર્ત પ્રસંગે હીરાસિંહ જાડેજા, મેહુલભાઈ ગોસ્વામી, મીઠુભાઈ મહેશ્વરી, મોહનગર માસ્તર, દલપતસિંહ જાડેજા, ઈન્દ્રજીતસિંહ જાડેજા, નીતિનભાઈ ગોસ્વામી, અબ્દુલ જત, વિજાભાઈ રબારી, જયરામભાઈ ભાનુશાલી, હરેશ મહારાજ, કાસમ હિંગોરજા, જૂસબ ખત્રી, મહિપતસિંહ જાડેજા સહિતના ઉપસ્થિત રહ્યા હતા. વેડહાર ખાતે યોજાયેલા ખાતમુહૂર્તમાં કરસનજી જાડેજા, હરેશભાઈ ગઢવી, હોતખાન મૂતવા, જબાર જત, ભુરજી માસ્તર, સોનજી સોઢા, સવાઈસિંહ સોઢા સહિતના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. તમામ કાર્યક્રમનું સંચાલન તાલુકા ભાજપ મહામંત્રી હરીસિંહ રાઠોડે કર્યું હતું.

ગઢશીશામાં શ્રીમદ્ ભાગવત કથાને અનુલક્ષીને

# શ્રીમદ્ ભાગવત કથા સમિતિની અગત્યની બેઠક મળી






ગઢશીશા - કચ્છઉદય : અહીં વિધ્વાન પંડીત પિતામ્બરદાસજીની સ્મૃતિમાં ગઢશીશા કચ્છના છોટા કાશી તરીકેની ઓળખ ધરાવે છે. ભગવતી દેવી ચંદુમાના નામથી ગઢશીશાનું નામ જગ વિખ્યાત બન્યું છે, ત્યારે માનવસેવા અને જીવદયાની જગતી જ્યોત એવા દેવી ચંદુમાના સાનિધ્યમાં ગં. સ્વ. માતૃશ્રી ઉષામા વિજયભાઈ આડઠક્કર પરિવારના મુખ્ય યજમાન પદે સ્વ. વિજયભાઈ વલ્લભજી આડઠક્કરની સ્મૃતિમાં આંતર રાષ્ટ્રીય કથાકાર પૂજ્ય જીજ્ઞેશ દાદાની વ્યાસગાદીએ તા. ૧૧થી ૧૭-૩-૨૦૨૬ દરમિયાન શ્રીમદ ભાગવત કથાનું આયોજન ગઢશીશા કિસાન ચોકડી પાસે ભુજ ધોરીમાર્ગ પર આયોજન કરાયું છે, જે આયોજનને અનુલક્ષી માના ભાવિક ભક્તો દ્વારા પંદર એકરના ખેતરમાં વિશાળ શ્રી ચંદ્રમૌલી વિહારધામની રચના કરવામાં આવી છે.

આયોજનને આખરી ઓપ આપવા અગાઉ શ્રીમદ ભાગવતકથા વરિષ્ઠ કમિટી બનાવવાની સાથે કથામાં સુચારૂં સેવા માટે વિવિધ બત્રીસ જેટલી નાની મોટી સમિતિઓ બનાવાઈ છે. કથા પ્રારંભને માત્ર ગણતરીના દિવસો જ બાકી છે, ત્યારે આયોજનને સફળ બનાવવા ગઈકાલે રાત્રે શ્રી ગઢશીશા વિસ્તાર સમસ્ત સનાતન સમિતિની બેઠક બોલાવવામાં આવી હતી, જેમાં વિવિધ અડતાલીસ ગામોના ભાવિકો, સામાજિક તેમજ રાજકીય અગ્રણીઓ અને યુવાઓએ હાજરી આપવાની સાથે ભાગવતકથામાં સેવામાં કોઈ તુટી રહી ન જાય તે માટે વિવિધ સમિતિઓનું વિસ્તરણ કરાયું

### અડતાલીસ ગામોના અગ્રણીઓએ આપી હાજરી: ગઢશીશા સમસ્ત સનાતન સમાજના અગ્રણીઓ - યુવાનો સેવા કાર્યમાં જોડાયા : આયોજનને સફળ બનાવવા વિવિધ સમિતિઓનું વિસ્તરણ કરાયું

હતું, જેમાં સનાતન સમાજના વિવિધ ગામોના સામાજિક તેમજ રાજકીય અને યુવા અગ્રણીઓ જોડાવાની સાથે સમિતિઓનું વિસ્તરણ કરી વિવિધ સેવા વિભાગોની જવાબદારીઓની સોંપણી કરવામાં આવી હતી. પ્રારંભમાં ગઢશીશા સમસ્ત સનાતન સમાજના યુવા અગ્રણી યોગેશભાઈ સેંઘાણીએ કરાયેલ આયોજન અંગે સૌને માહિતગાર કર્યા હતા.

મહેશસિંહ જાડેજાએ આયોજનનો ઉદ્દેશ્ય સમજાવ્યો હતો. બેઠકમાં ઉપસ્થિત વિવિધ સામાજિક અને રાજકીય અગ્રણીઓએ સેવાઓને સુચારૂ બનાવવા વિવિધ સૂચનો કર્યા હતા, જેને વરિષ્ઠ સમિતિઓ માન્ય રાખી જરૂરી સુધારા કર્યા હતા. આ પ્રસંગે સનાતન સમાજના વિવિધ સમાજોના પ્રમુખો, પ્રતિનિધિઓ, વિવિધ સમિતિઓના કન્વિનરો અને કાર્યકરોએ હાજરી આપી હતી. છેલ્લા દોઢ મહિનાથી કથાના આયોજનમાં રાત - દિવસ જોયા વગર નિષ્ઠા પૂર્વક સેવા આપી રહેલા સેવાભાવીઓની સેવાને વરિષ્ઠ કમિટી દ્વારા બિરદાવવામાં આવી હતી. કથા દરમ્યાન માકપટ રબારી સમાજની બહેનો દ્વારા લોક સંસ્કૃતિને છાજે તેવા તા. ૧૪-૩ના બપોર બાદ યોજનાર કાર્યક્રમ અંગે પણ સૌને માહિતગાર કરાયા હતા. સનાતન સમાજના તમામ નાના - મોટા સમાજોનું યોગદાન રહ્યું હોવાનો અને સેવા માટે કટિબદ્ધ હોવાનું જણાવવાની સાથે જય અંબેનો જય નાદ કથા મંડપમાં ગુંજી ઉઠ્યો હતો. કથાના પ્રથમ દિવસે શોભાયાત્રા તેમજ પ્રસાદાલયમાં સમસ્ત સનાતન સમાજના ભાઈઓ અને બહેનો સેવા આપશે તેવી જાહેરાત કરાઈ હતી. અંતમાં યજમાન પરિવારના હિરેનભાઈ આડ ઠક્કરે ઉપસ્થિત તમામ રાજકીય, સામાજિક અગ્રણીઓ અને યુવાઓનો આભાર માનતાં તમામના સહયોગથી ભાગવત કથાનું આયોજન નિવિઘ્ને પૂર્ણ થાય તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. યજમાન પરિવાર દિપકભાઈ આડઠક્કરે તમામ સ્વયંસેવકોને કામે લાગી જવા આહવાન કર્યું હતું. સમિતિના સુરેશભાઈ વાસાણીએ સમિતિઓની તૈયારીઓ અંગે છણાવટ કરી હતી. દેવી ચંદુમાએ કથા મંડપની મુલાકાત લીધી હતી.

# મુન્દ્રા ગૌસેવા ટ્રસ્ટના રતનભાઈ ગઢવીના પિતાનું નિધન



મુન્દ્રા - કચ્છઉદય : મુન્દ્રા ગૌસેવાના સીઈઓ પ્રમુખ અને ૧૦૮ તરીકે ઓળખાતા રતન ગઢવીના પિતાનું નિધન થતાં શોકની લાગણી ફેલાઈ છે. મુન્દ્રા ગૌ રક્ષા કેન્દ્રમાં લુલા-લંગડા તેમજ અકસ્માતમાં ઘાયલ પશુઓનું રેસ્ક્યુ કરવા હંમેશા ટીમ સાથે જઈ કામ કરતા સ્વ. દેવણાંધ સેડાનું ટુંકી માંદગી બાદ નિધન થતાં ગૌસેવકો, રજાકીય-સામાજિક અગ્રણીઓએ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

સ્વ. દેવણાંધભાઈ સેડાના પાર્થિવ દેહને ઝરપરા સ્મશાન ભૂમિ ખાતે અગ્નિદાહ કરાયું હતું. નગરપાલિકા પ્રમુખ રચનાબેન જોષી, ધારાસભ્ય, નગરપાલિકાના કારોબારી ચેરમેન ભોજરાજભાઈ ગઢવી, પૂર્વ પ્રમુખ કિશોરસિંહ પરમાર, પૂર્વ જિ.પં.ના છાયાબેન ગઢવી, ચેરમેન વિરમભાઈ ગઢવી, કરશનભાઈ ગઢવી, જયેશભાઈ, કચ્છ સર્વ સેવા સંઘના જીગરભાઈ છેડા, તા.પં. પ્રમુખ મહિપતસિંહ જાડેજા, હરેન્દ્રસિંહ જાડેજા, વિજયસિંહ જાડેજા, કોંગ્રેસ પ્રમુખ કાનજીભાઈ સોંધરા, અ.ક. ગણેશના પ્રમુખ કિશોર પીંગોળ તેમજ સમાજના અગ્રણીઓએ શ્રદ્ધાંજલિ અર્પિત કરી હતી.


## નખત્રાણા નગરપાલિકા

**‘ઈ-ટેન્ડરીંગ નિવિદા’**

નખત્રાણા નગરપાલિકા દ્વારા રજીસ્ટર કોન્ટ્રાકટરો પાસેથી કામોના ઓનલાઈન ભાવો મંગાવવામાં આવે છે.

નખત્રાણા નગરપાલિકાને ડીએમએફ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ તે ગ્રાન્ટમાંથી નખત્રાણાના જુદા જુદા વિસ્તારોમાં કોમ્યુનિટી હોલ/શેડ બનાવવાના કામો મંજુર કરવામાં આવેલ છે. તે કામે ઓનલાઈન ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવેલ છે. ઓનલાઈન ટેન્ડર તા. ૦૬/૦૩/૨૦૨૬ થી જોઈ શકાશે. અને ઓનલાઈન ટેન્ડર ભરવાની છેલ્લી તા.૧૬/૦૩/૨૦૨૬ છે તથા ઓનલાઈન ટેન્ડર શકય હશે તો તા. ૧૭/૦૩/૨૦૨૬ અથવા ત્યાર પછીના અનુકુળ સમયે ખોલવામાં આવશે. સદરહુ કામના ટેન્ડર ડોકયુમેન્ટને લગતી વધુ માહિતી માટે http:// www.tender.nprocure.com પર લોગ ઓન કરવું અથવા નખત્રાણા નગરપાલિકાનો સંપર્ક કરવાનો રહેશે. તથા હવે પછીના કંઈપણ સુધારા વધારા માત્ર ઓનલાઈન પોર્ટલ પર કરવામાં આવશે. ટેન્ડર મંજુર તથા નામંજૂર કરવાનો હક્ક નખત્રાણા નગરપાલિકાને અબાધિત રહેશે.

નં./નનપા/બાંધકામ/૩૦૭/૨૦૨૬ તા. ૦૫/૦૩/૨૦૨૬

(નામાનિ/કચ્છ/૧૫૧૭/૨૦૨૫-૨૬)

**ચીફ ઓફિસર**
**નખત્રાણા નગરપાલિકા**


### ભીડ નાકા પાસે નાઈટ મિલનનો જુગાર રમતો શખ્સ પકડાયો

ભુજ - કચ્છઉદય : શહેરમાં ભીડ નાકા અંદર ઠોઠાવંડી પાસે જાહેરમાં નાઈટ મિલનનો વરલી મટકાનો આંક ફરકનો આંકડાનો જુગાર રમતા શખ્સને એલસીબી દ્વારા ઝડપી લેવામાં આવ્યો હતો. ખાટકી ફળિયામાં રહેતા અસરફ ઉમર કુરેશીને પકડી રોકડા ૧૨,૨૮૦ કબ્જે કરી જુગાર ધારાનો કેસ એ ડિવિઝનમાં દાખલ કરવામાં આવ્યો હતો.


## અભિનંદન



આપશ્રી ઝાયડસ મેડીકલ કોલેજમાં એમ.બી.બી.એસ. નાં ફાઈનલ વર્ષમાં ફર્સ્ટ કલાસ સાથે સારા ગુણાંક સાથે ઉર્તીણ થવા બદલ ખુબ ખુબ મુબારક બાદી અને ભવિષ્યમાં મેડીકલ ક્ષેત્રે સારી સેવા બજાવો તેવી શુભકામના

**ડો. જત મહંમદ રૂહાન નઝીમભાઈ**
(M.B.B.S.) અંજાર-કચ્છ

**ખત્રી હાજીઅબ્દુલલતીફ ઈબ્રાહીમ પરિવાર**
**લોહાર હાજી રફીકભાઈ ઓસમાણ પરિવાર**



## જન્મદિવસની શુભકામના



આપના જન્મદિનની ખૂબ ખૂબ શુભેચ્છા. લોકોપયોગી સેવા કાર્યો કરી ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો સર કરતા રહો તેમજ આપનું જીવન નિરોગી, દીર્ઘાયુ બની રહે તેવી શુભકામના..


**શ્રી વિનોદભાઈ એલ. ચાવડા**
સાંસદશ્રી, કચ્છ-મોરબી લોકસભા



**અશોકભાઈ હાથી**
ઉપપ્રમુખશ્રી, કચ્છ જિલ્લા ભાજપ
પૂર્વ પ્રમુખશ્રી, કચ્છ જિલ્લા ભાજપ અનુ.જાતિ મોરચો
**શ્રી ચામુંડા પેટ્રોલિયમ**
ભુજ-ખાવડા નેશનલ હાઈવે, ગામ : કુનરીયા, તા.ભુજ-કચ્છ.



## જન્મદિવસની હાર્દિક શુભકામના



આપના જન્મદિનની ખૂબ ખૂબ શુભેચ્છા. લોકોપયોગી સેવા કાર્યો કરી ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો સર કરતા રહો તેમજ આપનું જીવન નિરોગી, દીર્ઘાયુ બની રહે તેવી શુભકામના..

**શ્રી વિનોદભાઈ એલ. ચાવડા**
(સાંસદશ્રી, કચ્છ-મોરબી) પૂર્વ મહામંત્રીશ્રી ગુજરાત પ્રદેશ ભાજપ

શુભેચ્છક
**શંકરભાઈ પરમાર**
એન્જલ એન્ટરપ્રાઈઝ, ભીમાસર, તા. અંજાર



## લખ લખ વધાઈયું



કચ્છની પ્રજાની વચ્ચે રહીને પ્રશ્નોને વાચા આપનારા અને સંસદમાં કચ્છ-મોરબીનો મજબૂત અવાજ બનેલા **માનનીય સાંસદશ્રી વિનોદભાઈ ચાવડા** ને જન્મદિવસની કોટી કોટી શુભેચ્છાઓ. આપના નેતૃત્વમાં આપણો વિસ્તાર પ્રગતિના નવા શિખરો સર કરે અને આપ લોકસેવાનું ઉત્તમ કાર્ય કરતા રહો તેવી મા આશાપુરા પાસે પ્રાર્થના.

**શ્રી વિનોદભાઈ ચાવડા**
સાંસદશ્રી, કચ્છ-મોરબી લોકસભા

:: શુભેચ્છક ::
**યદુનંદન કન્સ્ટ્રકશન**



**Bandhan Bank** | રીજનલ ઑફિસઃ નેતાજી માર્ગ, મીઠાખળી છ રસ્તા પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોનઃ ૨૬૪૨૧૬૭૧-૭૫

**બાકીદારો માટે માંગણાની નોટિસ**

નીચે જણાવેલ ખાતું એન.પી.એ. માં પરિવર્તિત થયેલ છે અને બંધન બેંક દ્વારા સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ (ધ એક્ટ), ૨૦૦૨ ની કલમ ૧૩ (૨) હેઠળ નીચે જણાવેલ કર્જદારોને ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવેલ હતી જે પરત ફરી છે. આથી આપ તમામને અને જાહેર જનતાને મોટા પ્રમાણમાં આ પ્રકાશન દ્વારા નોટિસ જારી કરવામાં આવે છે.

| લોન લેનારનું નામ, ગેરન્ટર અને લોન ખાતા નં. | મોર્ગેજ કરેલ મિલકતનું વર્ણન (સિક્યોર્ડ એસેટ) | ડિમાન્ડ નોટિસ ની તારીખ/NPA તારીખ | ડિમાન્ડ નોટિસની તારીખે બાકી રહેતી રકમ (રૂા.માં) | નોટિસ લગાવ્યાની તારીખ |
|---|---|---|---|---|
| શ્રી સમેજા સિકંદર સિધિક શ્રીમતી સમેજા રોશનબાનુ સિકંદર ૨૦૦૦૨૦૪૦૦૦૬૪૦૬ | તમામ ચલ અને અચલ સંપત્તિ, જે સર્વે નં. ૫૮૯ પૈકી, બ્લોક/બિલ્ડીંગ નં. સીટીએસ નં. ૨૨૪/૩૫૨/૨, મકાન નં./ફાઈનલ પ્લોટ નં. ૬૭/બી, ૬૦ ચો.મી. જેટલો વિસ્તાર, વોર્ડ નં. ૪, બાપા દયાલુ નગર ૨, રેલ્વે સ્ટેશન સામેનો વિસ્તાર, શહેર અને તહેસીલ ભુજ, જિલ્લો કચ્છ, ગુજરાત-૩૭૦૦૦૧ સ્થિત છે અને જે આવરિત છેઃ ઉત્તરઃ સબ પ્લોટ નંબર - ૬૭/એ, પૂર્વઃ આંતરિક માર્ગ, પશ્ચિમઃ પ્લોટ નંબર ૬૬, દક્ષિણઃ પ્લોટ નંબર ૬૮ | જાન્યુઆરી ૧૯, ૨૦૨૬/ જાન્યુઆરી ૦૩, ૨૦૨૬ | રૂ.૫,૯૩,૧૨૨.૨૨ (જાન્યુઆરી ૦૯, ૨૦૨૬ ના રોજ) | ફેબ્રુઆરી ૧૯, ૨૦૨૬ |

આ નોટિસ દ્વારા બેંક તમને પુનઃ ચૂકવણી કરવાની માંગણી કરે છે જે પુનઃ ચૂકવણી તમારા નામે રહેલી બાકી રકમ, વ્યાજ, ખર્ચ અને શુલ્ક સહિત આ નોટિસની તારીખથી ૬૦ દિવસમાં ભરવાની રહેશે, જેમાં તમે નિષ્ફળ રહેશો તો બેંક સરફેસી (SARFAESI) કાયદાની કલમ ૧૩(૪) અન્વયે ઉલેખિત કોઈ અથવા તમામ પ્રકારનાં પગલાં આગળના સમયમાં લઈ શકે છે. સિક્યોર્ડ એસેટને રીડીમ કરવા/પરત મેળવવા ઉપલબ્ધ સમય સંદર્ભે એક્ટની કલમ ૧૩ની પેટા-કલમ (૮)ની જોગવાઈઓ તરફ કર્જદાર/મોર્ગેજ મૂકનારનું ધ્યાન દોરવામાં આવે છે.

**સ્થળઃ** કચ્છ
**તારીખઃ** માર્ચ ૦૬, ૨૦૨૬

**અધિકૃત અધિકારી**
**બંધન બેંક લિમિટેડ**

# સોશિયલ માધ્યમોના પ્રભાવથી યુવાનોમાં “ફોમો”ની લાગણી વધે છે : સર્વેક્ષણમાં ખુલાસો

**ભુજની લાલન કોલજના મનોવિજ્ઞાન દ્વારા ૧૮ થી ૩૫ વર્ષના યુવાનો પર કરાયું સર્વેક્ષણ**

ભુજ-કચ્છઉદય : આજના સોશિયલ મીડિયાના આધુનિક યુગમાં યુવાનોના જીવનમાં “ફોમો” (ફિયર ઓફ મિસિંગ આઉટ) નામની એક માનસિક સ્થિતિ ઝડપથી અસરકારક બની રહી છે. કચ્છમાં તાજેતરમાં કરાયેલ એક સર્વેક્ષણ મુજબ યુવાનોમાં ‘ફોમો’ ધીમે ધીમે વધતો જોવા મળ્યો છે. ‘ફોમો’ એટલે અન્ય લોકો કોઈ મહત્વપૂર્ણ કે આનંદદાયક ઘટના અનુભવી રહ્યા હોય અને આપણે તેમાંથી વંચિત રહી જઈએ તેવી અંદરથી ઉદભવતી લાગણી.

સોશિયલ મીડિયાના વધતા ઉપયોગ અને સતત થતી તુલનાને કારણે યુવાનો કેટલી હદે પ્રભાવિત થાય છે તે જાણવા ભુજની આર.આર.લાલન કોલેજના મનોવિજ્ઞાન વિભાગ દ્વારા ૧૮ થી ૩૫ વર્ષના યુવાનો પર સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. આ સર્વેક્ષણ મનોવિજ્ઞાન વિભાગના અધ્યક્ષ ડૉ. પલ્લવી ચૌહાણના માર્ગદર્શન હેઠળ અને વિભાગના મુલાકાતી અધ્યાપક ધ્યાનિકા કે. પરમાર દ્વારા પૂર્ણ કરવામાં આવ્યું હતું. કચ્છના કુલ ૨૦૦ યુવાનોના પ્રતિભાવો ગૂગલ ફોર્મ દ્વારા એકત્રિત કરવામાં આવ્યા હતા.

સર્વેક્ષણના તારણો અનુસાર યુવાઓમાં ‘ફોમો’ની અસર ઊંચા સ્તરે જોવા મળી હતી. લિંગ આધારિત વિશ્લેષણમાં સ્ત્રીઓમાં પુરુષોની તુલનાએ વધુ પ્રમાણ નોંધાયું હતું. ઘણા યુવાનોએ પ્રત્યુત્તરમાં જણાવ્યું કે અન્ય લોકો પોતાના કરતાં વધુ સારા અને સંતોષકારક જીવન જીવે છે, તેવી લાગણી તેઓ અનુભવે છે, જે ખરેખર સત્ય હોય તેવું નથી. મિત્રો સાથે નક્કી કરેલી મુલાકાત ચૂકી જવાથી ખરાબ લાગવાની લાગણી પણ નોંધપાત્ર પ્રમાણમાં જોવા મળી હતી, જે સામાજિક સંબંધોના ભાવનાત્મક મહત્વને દર્શાવે છે.

ડિજિટલ વર્તન અંગેના પ્રશ્ના દ્વારા જાણવા મળ્યું કે મોટાભાગના યુવાનો વારંવાર સોશિયલ મીડિયા તપાસવાની અને અપડેટ રહેવાની જરૂરિયાત અનુભવે છે. રજાના દિવસોમાં મિત્રો શું કરી રહ્યા છે તેની જાણ રાખવાની ઈચ્છા પણ કેટલાક યુવાનોમાં જોવા મળી હતી. આ પરિસ્થિતિ પાછળ સોશિયલ મીડિયામાં થતી સતત તુલના, “લાઈક” અને “અપડેટ” દ્વારા મળતો તાત્કાલિક માનસિક સંતોષ અને પાછળ રહી જવાની અંદર રહેલી ભીતિ, ડર જેવા કારણો જવાબદાર હોઈ શકે છે. આ સર્વેક્ષણ દર્શાવે છે કે ’ફોમો’ આજની યુવા પેઢીમાં એક નોંધપાત્ર સામાજિક-માનસિક પરિબળ બની રહ્યું છે. આત્મસંતોષ, આત્મવિશ્વાસ, ડિજિટલ માધ્યમનો મર્યાદિત ઉપયોગ, પરિવાર-મિત્રો સાથેનો ગુણવત્તાયુક્ત સમય અને સકારાત્મક જીવન દ્રષ્ટિ અપનાવવાથી ફોમોના પ્રભાવને ઘટાડવો શક્ય છે. અંતે સમજવું જરૂરી છે કે જીવન કોઈ દોડ નથી, પરંતુ વ્યક્તિગત અનુભવ અને વિકાસની અનોખી યાત્રા છે.

# હિન્દુ સમાજની વિશેષતા સૌને સાથે રાખીને આગળ વધવાની




**આરએસએસના ૧૦૦ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં રાયધણપર ખાતે હિન્દુ સંમેલન : સમરસતા અને એકતાથી મજબૂત રાષ્ટ્ર નિર્માણનો સંદેશ : સંમેલનમાં વિવિધ ગામોના લોકો જોડાયા**

ભુજ - કચ્છઉદય : સમાજમાં નાત-જાતના ભેદભાવને દૂર કરી સમગ્ર હિન્દુ સમાજ સમરસતા અને સંગઠનના સૂત્રમાં બંધાઈ રાષ્ટ્રના વિકાસમાં પોતાનું યોગદાન આપે તે સમયની અગત્યની જરૂરિયાત હોવાનું રાયધણપર ખાતે યોજાયેલા હિન્દુ સંમેલનમાં વક્તાઓએ ઉલ્લેખ કર્યો હતો. આ સંમેલનમાં આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં જનસમૂહ ઉપસ્થિત રહી સમાજમાં એકતા અને સંસ્કૃતિ પ્રત્યેના સંકલ્પને મજબૂત બનાવ્યો હતો.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્થાપનાના ૧૦૦ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં દેશભરમાં વિવિધ સ્થળોએ હિન્દુ સંમેલનો યોજાઈ રહ્યા છે, જેના ભાગરૂપે રાયધણપર ખાતે આ સંમેલન યોજાયું હતું. સંમેલનમાં મુખ્ય વક્તા તરીકે હાજર રહેલા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કચ્છ વિભાગના સેવા પ્રમુખ રામજીભાઈ વીરાએ જણાવ્યું હતું કે હિન્દુ સમાજની વિશેષતા સૌને સાથે રાખીને આગળ વધવાની છે. સમાજમાં સમરસતા, સંસ્કાર અને સંગઠન જાળવવાથી જ મજબૂત રાષ્ટ્રનું નિર્માણ શક્ય બને છે. તેમણે પર્યાવરણ સંરક્ષણ, રાષ્ટ્રપ્રેમ, મહિલા સશક્તિકરણ અને ભારતીય સંસ્કૃતિના સંવર્ધન જેવા મુદ્દાઓ ઉપર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

આ પ્રસંગે રુદ્રાણી જાગીરના મહંત લાલગિરિબાપુએ પોતાના આશીર્વચનમાં જણાવ્યું હતું કે આધુનિક અને પશ્ચિમી જીવનશૈલીનો લાભ લેતા હોવા છતાં ભારતીય સંસ્કૃતિ અને પરંપરાને જાળવી રાખવી અત્યંત આવશ્યક છે. સમાજના મૂલ્યો અને સંસ્કારોને સાચવવાથી જ રાષ્ટ્ર મજબૂત બની શકે છે. ઉપરાંત કથાકાર હિતેશભાઈ જોષી (પદ્ધર)એ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે આજના સમયમાં સમાજને શાસ્ત્ર અને શસ્ત્ર બંનેમાં પારંગત બનવાની જરૂર છે. સમાજ શિક્ષિત, સજાગ અને સશક્ત બનશે ત્યારે જ રાષ્ટ્ર વધુ શક્તિશાળી બની શકે છે.

કાર્યક્રમનું અધ્યક્ષસ્થાન અટલનગરના હરિભાઈ ગોપાલભાઈ ગાગલેએ સંભાળ્યું હતું. તેમના હસ્તે સંતગણ તેમજ મુખ્ય વક્તાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સમિતિના મંત્રી હરેશભાઈ કેરાસિયાએ પ્રાસંગિક વક્તવ્ય આપી સંમેલન યોજવાનો મુખ્ય ઉદ્દેશ સમજાવ્યો હતો.

આ સંમેલનમાં આદિતિ ગાગલ, જિયા બરાડિયા, દીપાલી બરાડિયા અને છાયા ગાગલે મંચ પરથી પોતાના વિચારો રજૂ કરી સમાજમાં એકતા, સંસ્કાર અને સંસ્કૃતિના સંરક્ષણ માટે યુવાનો આગળ આવે તેવી અપીલ કરી હતી.

રાયધણપર મંડળ અંતર્ગત રાયધણપર, ગળપાદર, ઝીંકડી, મોટા વરનોરા, અટલનગર, ચપરેડી, ત્રાયા, ત્રંબૌ, નાગોર અને સરસપર ગામોમાંથી મોટી સંખ્યામાં લોકો સંમેલનમાં જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમની આયોજન અને વ્યવસ્થા રાયધણપર મંડળના સ્વયંસેવકો દ્વારા સુચારૂ રીતે સંભાળવામાં આવી હતી.

# ભુજ લાલન કોલેજના એનએસએસ વિભાગ દ્વારા વાર્ષિક શિબિર યોજાઈ









ભુજ - કચ્છઉદય : શિબિરનો પ્રારંભ કોલેજના આચાર્ય ડો. સી.એસ. ઝાલાના અધ્યક્ષસ્થાને કુકમા ચિંતન ફાર્મ ખાતે ફાર્મના સંચાલક તથા કચ્છ યુનીવર્સીટી બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્ય ડો. મનોજ સોલંકીના હસ્તે થયો હતો. સમારંભના મુખ્ય અતિથીઓ તરીકે કચ્છ યુનીવર્સીટીના એન.એસ.એસ. કોર્ડીનેટર ડો. જીગ્નેશ તાળા તથા કુકમાના સરપંચ રસીલાબેન રાઠોડ ઉપરાંત જીલ્લા પંચાયતના સભ્ય હરિભાઈ જાટિયા, તાલુકા પંચાયતના સભ્ય જયનેશ વરૂ, કુકમાના તલાટી તીર્થરાજસિંહ જાડેજા, ઉપસરપંચ ભરતસિંહ સોઢા, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડો. ધારા અજાણી, કે.જી. રાઠોડ માધ્યમિક શાળાના આચાર્યા જીજ્ઞાસાબેન રાઠોડ, પ્રાથમિક શાળાના આચાર્ય મીત મેર, ગ્રામ સેવક કસ્નાભાઈ સોલંકી હાજર રહ્યા હતા. બાદ શિબિરાર્થીઓએ ગ્રામ ભ્રમણ કરી ગામ લોકો સાથે સંવાદ કર્યો હતો. શિબિરની જાણકારી આપી હતી. ગામમાં સફાઈ અભિયાનમાં ગલીઓમાં તથા શાળાઓ અને આરોગ્ય કેન્દ્રની આસપાસ સફાઈ કરવામાં આવી હતી. તળાવમાં પણ સફાઈ કરવામાં આવી હતી. લોકોએ તથા વિદેશથી ફરવા આવેલાં સહેલાણીઓએ પણ આ કામગીરીને બિરદાવી હતી. બાદમાં રેલી કાઢીને આખા ગામમાં સ્વચ્છતા, શિક્ષણ અને દેશભક્તિના સૂત્રોચ્ચારો વડે જાગૃતિ લાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ જાહેર જગ્યાઓએ દિવાલો પર સુંદર સૂત્રો લખીને પણ જનજાગૃતિનું કાર્ય કર્યું હતું. શિબિરાર્થીઓ દ્વારા ગામનો આર્થીક સામાજિક સર્વે પણ કરવામાં આવ્યો હતો. ગામની પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓમાં જઈને શિબિરાર્થીઓએ આખા દિવસની પ્રવૃત્તિ બાળકો સાથે રહીને કરી હતી. તેઓએ શિક્ષણ, રમતો અને સ્પર્ધાઓ દ્વારા વિદ્યાર્થીઓને નૂતન અનુભવ પૂરો પાડ્યો હતો. શિબિરાર્થીઓએ ચિંતન ફાર્મની મુલાકાત લઈને પ્રાકૃતિક ખેતી, પંચગવ્ય, ગોબર કળા, ખાતર નિર્માણ વગેરેનું વિશાળ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. શિબિર દરમ્યાન સાહસિક કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓએ નજીકના ખાત્રોડ ડુંગર પર આરોહણ કર્યું હતું. પ્રાચીન ડુંગર પર કઠીન માર્ગે આરોહણ કરતાં તેઓએ ૧૫ થી ૨૦ કરોડ વર્ષ જૂના દરિયાઈ અવશેષો શોધ્યા હતા. ડુંગર પર વિવિધ રમતો અને ગરબા રમીને સાહસ દિવસની ઉજવણી કરી હતી. શિબિર દરમ્યાન બપોરના કાર્યક્રમોમાં કોલેજના અધ્યાપકો તથા વિવિધ તજજ્ઞોના વ્યાખ્યાનો દ્વારા શિબિરાર્થીઓએ વિવિધ વિષયોનું જ્ઞાન મેળવ્યું હતું. ડો. મેહુલ શાહ, ડો. પ્રણવ પંડ્યા, ડો મનોજ છાયા, ડો. તસ્લીમ ખત્રી, ડો. રાજેન્દ્ર બામ્ભણીયા, ડો. બાબુલાલ વાઘેલા, ડો. અર્ણવ અંજારિયા, ડો કપિલ દોશી, ડો. શૈલેન્દ્રપ્રતાપ, ડો. હેતલ મેરિયા, ડો. રમેશ વરચંદ, ડો. રાધેશ્યામ છાંગા, પ્રો. પ્રદીપસિંહ જાડેજા, પ્રો. મેહુલ પુરોહિત, પ્રો. અમિત ગોસ્વામી, પ્રો. કર્મદીપસિંહ જાડેજા, પ્રો. ધ્યાનિકા પરમાર, ડો. વિજય ઝાટિયા, ડો મનોજ સોલંકી, ડો વિરાભાઈ ચાવડા જેવા વિદ્વાનોનું માર્ગદર્શન મળ્યું હતું. આ ઉપરાંત વિવિધ શારીરિક, માનસિક, તાર્કિક અને મનોવૈજ્ઞાનિક રમતો વડે શિબિરાર્થીઓનું મનોરંજન કરવામાં આવ્યું હતું. સંચાલન ગૌરાંગભાઈ રાવ, દિલીપભાઈ તથા દિવ્યભાઈએ કર્યું હતું. શિબિરાર્થીઓ ઉપરાંત કોલેજના અન્ય વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા. શિબિર દરમ્યાન જે શિબિરાર્થીઓએ ઉત્તમ કામ કર્યું હતું તેઓનું સમ્માન કરવામાં આવ્યું હતું. ટીમ ૧ ને સુવર્ણ ચંદ્રક, ટીમ ૩ ને રજત ચંદ્રક તથા ટીમ ૨ અને ૪ ને કાંસ્ય ચંદ્રક વડે સમ્માનિત કરવામાં આવી. શ્રેષ્ઠ શિબિરાર્થીનો એવોર્ડ અપૂર્વા ભટ્ટને, બેસ્ટ લીડર (મેલ) નો એવોર્ડ કરણસિંહ જાડેજાને, બેસ્ટ લીડર (ફીમેલ) નો એવોર્ડ અર્ચના જેપારને, બેસ્ટ વોલન્ટીયર (મેલ) એવોર્ડ લક્ષ ઓઝા તથા હર્ષ જોશીને બેસ્ટ વોલન્ટીયર (ફીમેલ) એવોર્ડ શીતલ પેડવા તથા ભારતી મહેશ્વરીને, ઉત્તમ અભિવ્યક્તિનો એવોર્ડ ધૈર્યા સોનીને તથા ઉત્તમ પુસ્તક સમાલોચનાનો એવોર્ડ પકજ મેરિયાને આપવામાં આવ્યા હતા. સંચાલન ડો. મેહુલ શાહ તથા આસિસ્ટન્ટ પ્રોગ્રામ ઓફિસર ડો. હેતલ મેરિયા અને ડો. રમેશ વરચંદ દ્વારા કરવામાં આવ્યું હતું.

# કચ્છના ૧૪ નાયબ મામલતદારોની સામુહિક બદલી

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લા કલેકટર આનંદ પટેલ દ્વારા વહીવટી કારણોસર નાયબ મામલતદાર સંવર્ગના ૧૪ જેટલા કર્મચારીઓની આંતરિક બદલીના ઓર્ડર કરવામાં આવ્યા છે. કચ્છમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને આડે હવે ગણતરીનો સમય બાકી રહ્યો છે ત્યારે વહીવટી તંત્રમાં થયેલા આ ફેરફારો સૂચક માનવામાં આવી રહ્યા છે. જોકે, આગામી દિવસોમાં ચૂંટણીની સત્તાવાર તારીખો જાહેર થવાની આસપાસ ફરી એક વખત મહેસુલી તંત્રમાં મોટા પાયે ધરખમ ફેરફારો થાય તેવી પૂરેપૂરી સંભાવનાઓ સેવાઈ રહી છે.

**બદલી પામેલા કર્મચારીઓની નામાવલી**

| કર્મચારીનું નામ | હાલનું સ્થળ | બદલીની જગ્યા |
|---|---|---|
| વી.એમ. ગઢવી | પુરવઠા કચેરી ભુજ | કલેક્ટર કચેરી |
| જે.એન. ઝાલા | સર્કલ ઓફિસર બળદિયા | કલેક્ટર કચેરી |
| એ.એમ. પરમાર | નાયબ મામલતદાર ખાવડા | સર્કલ ઓફિસર બળદિયા |
| વી.ડી. અમીન | મ.ભો.યો મામલતદાર ભુજ | નાયબ મામલતદાર ખાવડા |
| એચ.આઈ. ચૌહાણ | સર્કલ ઓફિસર વિથોણ | મ.ભો.યો. મામલતદાર ભુજ |
| એન.એચ. ટાંક | પુરવઠા મામલતદાર ભુજ | કલેક્ટર કચેરી |
| એ.કે. વાવિયા | પ્રાંત કચેરી અંજાર | કેડીસીસી બેંક ભુજ |
| એમ.પી. અંદરપા | કલેક્ટર કચેરી | પ્રાંત અધિકારી અંજાર |
| પી.ડી. જોષી | મ.ભો.યો-૨ મા. કચેરી નખત્રાણા | પ્રાંત કચેરી અંજાર |
| એસ.બી. ધાસુરા | સર્કલ ઓફિસર ફતેહગઢ | પુરવઠા મા. ગાંધીધામ |
| વી.કે. ચૌધરી | પુરવઠા મા. ભચાઉ | સર્કલ ઓફિસર ફતેહગઢ |
| આર.જે. બુકોલિયા | મતદાર યાદી મા. લખપત | સર્કલ ઓફિસર લખપત |
| આર.વી. રાજપૂત | પ્રાંત કચેરી ભુજ | મહેસુલ મા. કચેરી નખત્રાણા |
| એ.જી. ઝાલા | કલેક્ટર કચેરી | પ્રાંત કચેરી ભુજ |

# બાલિકા પંચાયતના તાલીમ મોડ્યુલ માટેની પ્રશિક્ષકોની તાલીમ યોજાઈ





ભુજ - કચ્છઉદય : કચ્છમાં કિશોરીઓના સર્વાંગી ઉત્થાન, સામાજિક નેતૃત્વ અને સ્થાનિક સ્વરાજ્યની પ્રક્રિયામાં તેમની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવાના ઉમદા આશય સાથે કચ્છ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા બેટી બચાવો, બેટી પઢાવો’ યોજના અંતર્ગત, આંબેડકર હોલ ભુજ ખાતે ‘બાલિકા પંચાયત’ વિષય પર ત્રણ દિવસીય માસ્ટરટ્રેનર્સ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા મહિલા અને બાળ અધિકારી અવનીબેન રાવલના માર્ગદર્શન હેઠળ ૫૪ જેટલા આઈ.સી.ડી. એસ વિભાગના મુખ્ય સેવિકા બહેનો અને આરોગ્ય વિભાગના ૩૦ જેટલા ફિમેલ હેલ્થવર્કર બહેનોએ માસ્ટર ટ્રેનર તરીકે સઘન તાલીમ મેળવી હતી.

૧૨ જેટલા મહત્વના વિષયો પર સત્રો યોજવામાં આવ્યા હતા તેમજ રમતો અને મોકસેશન દ્વારા તાલીમાર્થીઓને વિવિધ મુદ્દાઓ જેવા કે, બાલિકા પંચાયતનો પરિચય, બાળ અધિકારો, જેન્ડર આધારિત ભેદભાવોની નાબૂદી, બાળા સુરક્ષાના કાયદાઓ, જીવન કૌશલ્યો, ડિજિટલ સલામતી અને મહિલાઓ લક્ષી યોજનાઓ જેવા મુદ્દાઓ પર ગહન ચર્ચા-કરવામાં આવી હતી.

સમારોહમાં દિલ્લી યુનિસેફના ચાઈલ્ડ પ્રોટેકશન સ્પેશિયાલિસ્ટ જેરૂસલી ગોતેમજ ગુજરાત યુનિસેફ ટીમના ચાઈલ્ડ પ્રોટેકશન સ્પેશિયાલિસ્ટ અદ્વિકાબેન હાજર રહ્યા હતા. બાલિકા પંચાયતની પ્રશંસા કરવામાં આવેલ તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગની કામગીરીને બિરદાવામાં આવેલ. કેશવભાઈ દ્વારા જીવન કૌશલ્યો અને મહિલાલક્ષી વિવિધ યોજનાઓ અને બાળ સુરક્ષા કાયદા અંગેની સમજ આપવમાં આવેલ.

કાર્યક્રમમાં મહિલા અને બાળ અધિકારી અવનીબેન દવે, પ્રોગ્રામ ઓફિસર દશરથ પંડયા, દહેજ પ્રતિબંધક સહરક્ષણ અધિકારી સુનીલભાઈ ચુવાડિયા અને પૂર્ણા કન્સલ્ટન્ટ વર્ષાબેન, રાપર ઈસાર સંસ્થાના સેજલબેન તેમજ મીનલબેન ઉપસ્થિત રહ્યા હતા.

# ભુજ પાલિકાના ચીફ ઓફિસર ટ્વિંકલબેન પટેલનું કચ્છ જિલ્લાના કર્મચારી મંડળો દ્વારા સન્માન



ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લો હંમેશા પોતાની વિશિષ્ટ સંસ્કૃતિ અને લાગણીશીલ પરંપરા માટે જાણીતો રહ્યો છે. કચ્છમાં આવતા કે અહીંથી વિદાય લેતા અધિકારીઓને આદર-સન્માન આપવાની અને ખાસ કરીને સ્ત્રી અધિકારીઓ પ્રત્યે વિશેષ સન્માન જાળવવાની વર્ષો જૂની પરંપરા રહી છે. આ પરંપરાને જીવંત રાખતા ભુજ નગરપાલિકાના ઇતિહાસમાં પ્રથમ મહિલા ચીફ ઓફિસર તરીકે ચાર્જ સંભાળનાર ટ્વિંકલબેન પટેલનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

કચ્છ જિલ્લા કર્મચારી સંકલન સમિતિના નેજા હેઠળ ગુજરાત રાજયના વિવિધ સરકારી કર્મચારી મંડળ ભુજના હોદેદારો દ્વારા ટ્વિંકલબેન પટેલને શાલ ઓઢાડી તથા પુષ્પગુચ્છ અર્પણ કરી તેમનું ભાવભીનું સન્માન કરવામાં આવ્યું હતું. કચ્છની ધરતી પર એક મહિલા અધિકારી તરીકે તેમની આ નિમણૂકને ગૌરવશાળી ગણાવી હોદેદારોએ તેમને આવકાર્યા હતા.

આ વેળાએ કર્મચારી મંડળના એમ.આઈ. બાયડ, હિતેશ ગોર, રાજેશ આથા, અશ્વિન ગોર, ઉર્મિલ ધોળકિયા, નીતિન મકવાણા મુખ્ય હોદેદારો, મંડળોના પ્રતિનિધિઓએ આ તકે નવનિયુક્ત ચીફ ઓફિસરને તેમની નવી સફર માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

# ભુજમાં વર્ક ફોર હર પ્રોજેક્ટ દ્વારા બહેનનું જીવન બચાવાયું

ભુજ - કચ્છઉદય : આર્શીવાદ ફાઉન્ડેશન સંસ્થા, અમદાવાદ દ્વારા ૨થી ૮ માર્ચ મહિલા દિન ઉજવણીના ભાગરૂપે વર્ક ફોર હર પ્રોજેક્ટ દ્વારા પગલા દાન આપીને એક બેનનું જીવન બચાવવા કાર્ય કર્યું હતું. પશ્ચિમ કચ્છ હોમગાર્ડ કમાન્ડ નવ યુનિટના ભાઈઓ અષ્ટાંગ યોગા ભુજના બહેનો જોડાયા હતા. વર્ષે ૨૦૨૪ - ૨૫ પગલાં દાનમાં આવેલ જેની સામે કચ્છના બહેનોનું મેમોગ્રાફી બજાર ભાવ ૨૫૦૦થી ૩,૦૦૦માં થાય છે. આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા ૧૫૦૦ને ફ્રી ઓફ કરાવેલ જેમાં બ્રેસ્ટ કેન્સર સ્ક્રીનિંગ કેમ્પ પણ સામેલ છે. હોમગાર્ડ કમાન્ડન્ટ મનીષભાઈ બારોટ ગુજરાત રાજ્ય યોગા બોર્ડ અને અષ્ટાંગ યોગાના વર્ષાબેન પટેલ, ૧૨ એસોસિએશન પ્રમુખ સચિનભાઈ ગોર, મહિલા પ્રતિનિધિ ભક્તિબેન ગોર, ડાયમંડ મહિલા મંડળ મમતાજબેન ખોજા, નારી શક્તિ મહિલા મંડળ તુષારબેન વેકરીયા, લોહાણા મહિલા મંડળ માધાપર વર્ષાબેન ઠક્કર, ઉમિયા ફાઉન્ડેશન સંસ્થા માનકુવા મંજુલાબેન, રસીલાબેન, અરૂણાબેન, પીએસઆઈ માનકુવા ઉષાબેન, જીએમડીસી હાઈસ્કૂલના પ્રિન્સિપલ અને શિક્ષકો જોડાયા હતા. આર્શીવાદ ફાઉન્ડેશન કચ્છ જિલ્લા કોર્ડીનેટર પ્રફુલા ઠક્કરે જહેમત ઉઠાવી હતી. પ્રોજેક્ટ દ્વારા પગલા દાન આપીને એક બેનનું જીવન બચાવવાનું ભગીરથ પુણ્ય કાર્ય કરવામાં આવેલ હતું.

# ભુજમાં હાટકેશ જયંતિની ધામધૂમથી ઉજવણી કરાશે

**સમુહ યજ્ઞોપવિત, શોભાયાત્રા, દાતાઓનું સન્માન સહિતના કાર્યક્રમ યોજાશે**

ભુજ : વડનગરા નાગર , જ્ઞાતિ વ્યવસ્થાપક મંડળ તથા હાટકેશ પાટોત્સવ ઉજવણી સમિતિ દ્વારા તા.૧-૪ના હાટકેશ પાટોત્સવની ઉજવણી ધામધૂમથી કરવાનો નિર્ણય જ્ઞાતિજનોની મળેલી બેઠકમાં નિર્ણય લેવાયો હતો. બેઠકના આરંભે પ્રમુખ અતુલ મહેતાએ સૌનું સ્વાગત કરી આગામી પોટોત્સવની ઉજવણી સંદર્ભે વિગતો આપી આ ઉજવણીમાં સૌ જ્ઞાતિજનોને હોંશભેર ભાગ લેવા અનુરોધ કર્યો હતો. દિવ્યાંસુ ધોળકિયાએ ગત વર્ષના પાટોત્સવ તથા મહાશિવરાત્રી ઉજવણીના હિસાબની રજુઆત કરી હતી.

પાટોત્સવની પૂર્વ સંધ્યાએ તા.૩૧ માર્ચના સાંજે ૭.૩૦ કલાકે લય અંતાણીની હાઉઝી તથા દાંડીયારાસનુ આયોજન કરવામાં આવનાર છે. આ અવસરે જ્ઞાતિને ૫૦૦૦ કે તેથી વધારે દાન આપનાર દાતાઓનું સન્માન કરવામાં આવશે તથા અલ્પાહારનું પણ આયોજન કરાયું છે. તા.૧-૪ના હાટકેશ પાટોત્સવ નિમિત્તે સવારે હવન, સમુહ યજ્ઞોપવિત, સવારે ૯.૩૦ વાગ્યે શોભાયાત્રા બાદ લઘુરુદ્ર હવન તથા બપોરે મહાઆરતી બાદ ભોજન હાટકેશ્વર મંદિર ખાતે યોજાશે. આજ દિવસે સાંજે ૭ વાગ્યે હાટકેશ કોમ્પલેક્ષ ખાતે સમુહપ્રસાદનું આયોજન કરાયું છે. પાટોત્સવનો ફાળો નોંધાવવા માટે તા.૧૦-૩ થી તા ૩૦-૩ સુધી હાટકેશ્વર મંદિર ની ઓફીસ ખાતે સવારે ૧૦ થી ૧૨.૩૦ તથા સાંજે ૪ થી ૭ (રવિવારે સવારે ૧૦ થી ૧૨.૩૦)ના સમય દરમ્યાન સંપર્ક કરવા તથા સમૂહ જનોઈ માટે જડિયાનાં નામ તા.૨૬-૩ સુધી હાટકેશ્વર મંદિર ઓફીસ ખાતે નોંધવામાં આવશે. સમુહ યજ્ઞોપવિતમાં જોડાનાર જડીયાને આપવાની આશીર્વાદ ભેટ ૩૦-૩ સુધી મંદિર ખાતે આપી જવા જણાવાયું છે.

# માતાનામઢના સર્વાંગી વિકાસ માટે ગ્રા.પં. સક્રિય : કાસમ કુંભાર

**અ.જા. વિસ્તારમાં પાંચા લાખના ખર્ચે આકાર પામેલ નૂતન કોમ્યુનિટી હોલનું લોકાર્પણ**






નખત્રાણા - કચ્છઉદય : યાત્રાધામ માતાનામઢ અ.જા. વિસ્તારમાં ૧૫મા નાણાપંચની પાંચ લાખ રૂપિયાના ખર્ચે બનેલા કોમ્યુનિટી હોલનું લોકાર્પણ કરતા સરપંચ કાસમભાઈ કુંભારે કહ્યું હતું કે, માતાનામઢે સર્વાંગી વિકાસ માટે ગ્રામ પંચાયત સક્રિય છે. અગાઉ આ વિસ્તારમાં ગટર, પાણીની લાઈન સહિતના કામો થયા છે. અને સમતોલ વિકાસ માટે અનેક ગ્રાન્ટો ફાળવાઈ છે. સામાજિક અગ્રણી લાલજીભાઈ ખોખરે કહ્યું કે, આ અ.જા. વિસ્તારમાં ગ્રામ પંચાયત અનેક વિકાસલક્ષી કામો કર્યા છે. અને બાકીની વિકાસની ખુટતી કડીઓ પણ તાકીદે પૂર્ણ કર ાશે. તમામ સમાજોના સહિયારા પ્રયાસથી ગ્રામ પંચાયત દ્વારા વિકાસકામો હાથ ધ રાય છે તે સરાહની છે. આ અવસરે તા.કો. પ્રમુખ હારૂનભાઈ કુંભાર, ઉપસરપંચ હિતેશભાઈ મહે શ્વરી, ચેરમેન રામજીભાઈ બ્રાભણિયા, પૂર્વ ઉપસરપંચ કાનજીભાઈ ગોરડિયા, નારાણભાઈ ગોરાડિયા, ગોપાલભાઈ ખોખર, જીતુભા ચૌહાણ, હિતુભા ચૌહાણ, ગ્રામ પંચાયતના સદસ્યો, અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંચાલન હિતેશભાઈ મહેશ્વરીએ કર્યું હતું.

# ગ્લોબલ ગુજરાતી એવોર્ડ :સફેદ રણના આંગણે જામશે કલાકારોનો મેળાવડો



**કચ્છની ધરતી પર પ્રથમવાર યોજાશે મેગા ઇવેન્ટ ; મનોરંજન જગતની ૪૦થી વધુ હસ્તીઓ અને કચ્છી પ્રતિભાઓનું થશે સન્માન**

ભુજ - કચ્છઉદય : કચ્છના વિશ્વપ્રસિદ્ધ સફેદ રણમાં આવતીકાલથી કલા અને ગૌરવનો અનોખો સંગમ રચાવા જઈ રહ્યો છે. એ.આર. નવ હોલી-ડે પ્રાઈવેટ લિમિટેડ દ્વારા આયોજિત ગ્લોબલ ગુજરાતી એવોર્ડ સમારોહને લઈને કચ્છયાત્રા રિસોર્ટ ખાતે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ગુજરાતની અસ્મિતા અને સંસ્કૃતિને વૈશ્વિક ફલક પર પ્રસ્તુત કરવાના સંકલ્પ સાથે યોજાનારા આ બે દિવસીય મહોત્સવમાં ગુજરાતી ફિલ્મ જગત અને કલા ક્ષેત્રના ૪૦થી વધુ દિગ્ગજ કલાકારો પોતાની હાજરી નોંધાવશે. આ આયોજન માત્ર મનોરંજન પૂરતું સીમિત ન રહેતા કચ્છની ભાતીગળ કલા અને સર્જનાત્મક શક્તિને મહાકાય મંચ પૂરું પાડશે. આ મેગા ઈવેન્ટના પ્રથમ દિવસે સફેદ રણના ધોરડો ખાતે કચ્છની પરંપરાગત સંસ્કૃતિની ઝલક રજૂ કરતો વિશેષ કાર્યક્રમ યોજાશે, જ્યારે બીજા દિવસે વિવિધ ૪૦ કેટેગરીમાં શ્રેષ્ઠ પ્રતિભાઓને એવોર્ડ એનાયત કરવામાં આવશે. આ ગરિમાપૂર્ણ અવસરે સિદ્ધાર્થ રાંદેરિયા, યશ સોની, જાનકી બોડીવાલા, હિતુ કનોડિયા, મોના થીબા, અને પૂજા જોશી જેવા લોકપ્રિય કલાકારો ઉપસ્થિત રહી પર્ફોર્મન્સ દ્વારા પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરશે. આ ઉપરાંત શેખર શુક્લા, મયૂર વાંકાણી, ધર્મેશ વ્યાસ અને પ્રિન્સ ગુપ્તા સહિતના કલાકારોની હાજરીથી કચ્છની ધરતી ગુંજી ઉઠશે. આ સમારોહનું મુખ્ય આકર્ષણ કચ્છનું ગૌરવ વધારનાર છ વિશિષ્ટ પ્રતિભાઓનું વિશેષ બહુમાન રહેશે. જેમાં આધ્યાત્મિક અને સામાજિક પ્રેરણાના સ્ત્રોત એવા અંજાર સચ્ચિદાનંદ મંદિરના મહંત ત્રિકમદાસજી મહારાજ, સંગીત ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કીર્તિભાઈ વરસાણી અને જાણીતા ઉદ્યોગપતિ તથા અનેક સેવાભાવી સંસ્થાઓના ટ્રસ્ટી જાદવજી વિશ્રામ ગોરસિયાનું સન્માન કરાશે. આ સાથે જ તબીબી ક્ષેત્રે નાની વયે મોટી સિદ્ધિ મેળવનાર ડો. દેવેન જોગલ, મહિલા સશક્તિકરણ અને ઉદ્યોગ ક્ષેત્રે અગ્રેસર બાબુભાઈ ભીમાભાઈ હુંબલ તેમજ લિમ્કા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન પામનાર ખ્યાતનામ ચિત્રકાર બિપિન સોનીને પણ તેમની વિશિષ્ટ સેવાઓ બદલ એવોર્ડથી નવાજવામાં આવશે.

# રસાયણ મુક્ત ગાય આધારિત ખેતીના ઉત્પાદનથી સમાજને નિરોગી રાખવામાં ખેડૂત નિમિત્ત બને

**સ્વામિનારાયણ મંદિર ભુજ પ્રેરિત ગાય ખેતી અભિયાનના ખેડૂતોનું તપોવન ગુરૂકુળમાં પરિવાર મિલન યોજાયું**






રામપર વેકરા - કચ્છઉદય : સ્વામિનારાયણ મંદિર- ભુજ પ્રેરિત ગાય આધારિત ખેતી અભિયાનને ચાર વર્ષ પૂર્ણ થતાં અનુભવોની આપ-લે માટે તપોવન ગુરૂકુળ- રામપર વેકરા ખાતે કચ્છભરના ખેડૂત ભાઈઓ - બહેનો માટે એક ખેડૂત પરિવાર મિલન યોજાયું હતું.

સાતત્યપૂર્વક ચાલતાં આ અભિયાનના મુખ્ય માર્ગદર્શક અને ગુરુકુળના સંચાલક દેવચરણદાસજી સ્વામીજીએ જણાવ્યું હતું કે, સમાજને ઝેરમુક્ત ગાય આધારિત ખેતીનું અનાજ ખવડાવીને બિમારી મુક્ત રાખવાની બહુ મોટી જવાબદારી ખેડૂતોની છે ત્યારે ખેતીની અનેક પધ્ધતિના વારંવાર અખતરાઓને બદલે આપણા કચ્છ પ્રદેશની આબોહવા, ધરતી, પાણી અને વરસાદને અનુરૂપ ગાયને મુખ્ય આધાર બનાવીને વિકસાવેલ પધ્ધતિને સાતત્યપૂર્વક વળગી રહીને પોતાના પરિવાર પુરતી જમીનમાં નિષ્ઠાપૂર્વકના પ્રયોગો કરશું તો ખર્ચ ખૂબ ઘટશે અને ઉત્પાદનમાં સફળતા પણ મળશે.

અભિયાનના સદસ્ય અને આરએસએસની ગૌસેવા ગતિવિધિના સૌરાષ્ટ્ર પ્રાંત સંયોજક મેઘજીભાઈ હિરાણીએ દેશી ગાયના ગોબર અને ગૌમુત્રથી વધતી ધરતીની ફળદ્રુપતા અને ખાડા પધ્ધતિથી જમીનમાં અળસિયા અને ઉપયોગી જીવાણુઓનો અસંખ્ય માત્રામાં થતો વધારો સહિતના પોતાના લાંબા ગાળાના અનુભવો વર્ણવીને જે ખેડૂતોએ સતત ચાર - પાંચ વર્ષથી આ પધ્ધતિ અપનાવી છે તેઓને ખુબ સફળતા મળી હોવાથી સૌને આ દિશામાં આગળ વધવા અનુરોધ કર્યો હતો. અભિયાનમાં જોડાયેલ ૨૯૯ ખેડૂતોમાંથી ઉપસ્થિત અનેક ખેડૂતોએ સંવાદ સત્રમાં ગાય આધારિત ખેતીમાં પોતાને મળેલ સફળતાના અનુભવો સાથે પોતાને મુંઝવતા પ્રશ્નો પણ પૂછ્યા હતા. પ્રારંભે વડીલ સંત વિશ્વવલ્લભ સ્વામીએ ભુજ મંદિરના મહંત પૂ. ધર્મનંદનસ્વામીના સંકલ્પ અને આશીર્વાદથી ચાલતા આ નિષ્ઠા પૂર્વકના પ્રયાસને સફળ બનાવી ગાય માતા અને ભગવાનનો રાજીપો મેળવવાના આશિર્વચન આપ્યા હતા. અંતમાં સૌએ ગુરૂકુળમાં ચાલતી નમુનારૂપ એવી વિશાળ તપોવન ગૌશાળાનું દર્શન કરી ગોવ્રતિ ભોજન પ્રસાદ લઈને છુટા પડયા હતા એવું અભિયાનના સંયોજક રામજી વેલાણીની યાદીમાં જણાવાયું છે.

# ક્ષેત્રપાળ દાદાની પુનઃસ્થાપનાના નવમા પાટોત્સવની ધામધૂમથી ઉજવણી



ભુજ - કચ્છઉદય : વર્ષ ૨૦૧૭માં બુચ, છાયા, ધોળકિયા, વચ્છરાજાની અને ભિંડે અવટંકના કાયસ્થ શેરી ભુજ મધ્યે આવેલ ક્ષેત્રપાળ દાદાનાં પુનઃસ્થાપન બાદ દર વર્ષે ઉજવાતા પાટોત્સવ અંગે સ્થાનકના ૯માં વર્ષ ૨૦૨૬ના પાટોત્સવની ઉજવણી અંગે બેઠક હાટકેશ્વર મંદિર ભુજ મધ્યે યોજવામાં આવેલ હતી જેમાં ભક્તજન ઉપસ્થિત રહ્યા હતા. પહેલી માર્ચના ક્ષેત્રપાળ દાદાના પાટોત્સવની ઉજવણી ધામધૂમથી આશરે ૪૦૦ લોકોની હાજરીમાં કરવામાં આવેલ હતી, જેમાં સવારે ૮:૩૦ વાગ્યે સ્થાનક મધ્યે હવન પ્રારંભ અને બપોરે ૧૨:૩૦ વાગ્યે હવન પૂર્ણાહુતિ કરવામાં આવેલ હતી અને બીડુ હોમવામાં આવેલ હતું. હવન ખંજનભાઈ અનીમેશભાઈ વોરાના આચાર્યપદે યોજયેલ હતો જેમાં યજમાન પદે ખયાલીબેન પ્રેયશભાઈ ધોળકિયા દંપતી તથા નીવાબેન પ્રતિકભાઈ છાયા દંપતિએ લાભ લીધેલ હતો. બપોરે હાટકેશ કોમ્પલેક્ષ, ભુજ મધ્યે સમૂહ પ્રસાદનો લાભ ભક્તજનોએ લીધેલ હતો.

સમગ્ર પ્રસંગ માટે ભક્તજનો, આમંત્રિતો અને આજુબાજુના વેપારી- રહેવાસીઓ દ્વારા નિયત આર્થિક સહયોગ આપવામાં આવેલ હતો. લાપસી પ્રસાદનો લાભ કાજલબેન દેવાંગભાઈ છાયા પારિવારી, હવન પ્રસાદનો લાભ પ્રજ્ઞાબેન સુધીરભાઈ ધોળકિયા, નીશાબેન કૈવલ્યભાઈ છાયા તથા બિમલ સવાઈલાલ ધોળકિયા પરિવારે લીધો હતો. હવાન દરમ્યાન આઈસ્ક્રીમના દાતા રક્ષીતાબેન નીરૂપમભાઈ છાયા, ફાલ્ગુનીબેન ભાવેશભાઈ છાયા રહ્યા હતા. પુજારી કપિલભાઈ વ્યાસ દ્વારા પૂજા - અર્ચના કરવામાં આવેલ હતી.

કાર્યક્રમમાં આયોજન અંગે કૈવલ્યભાઈ ધોળકિયા, દિવ્યાંશુભાઈ એસ. ધોળકિયા તથા મલ્હાર દર્શક બુચ દ્વારા મુખ્ય વ્યવસ્થા સંભાળવામાં જેમાં ભાવિન વાય. છાયા, સંજીવભાઈ બુચ, જયેશભાઈ બુચ નો પણ સહકાર મળેલ હતો આવેલ હતી આ ઉપરાંત અન્ય નામી અનામી કાર્યકરો દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી. સર્વ ખુબ આનંદ અને હર્ષોલ્લાપૂર્વક પૂર્વક ક્ષેત્રપાળ દાદાના આશીર્વાદથી વિના વિઘ્ને આ પાટોત્સવની ઉજવણી કરી હતી.


# દુબઈથી પરત ફરેલા બેંગલુરુના યુવકનો ગાંધીધામ રેલવે સ્ટેશન પર કડવો અનુભવ

**તંત્રની અમાનવીય વર્તણૂક અને બગડેલા સાધનો સામે મુસાફરે સોશિયલ મીડિયા પર આક્રોશ ઠાલવ્યો**

ગાંધીધામ - કચ્છઉદય : તાજેતરમાં મધ્યપૂર્વમાં સર્જાયેલી તંગદિલી વચ્ચે દુબઈથી પરત ફરેલા બેંગલુરુના એક યુવકે ગુજરાતના ગાંધીધામ રેલવે સ્ટેશનના વહીવટીતંત્ર સામે ગંભીર આક્ષેપો કર્યા છે. વત્સલ સંઘવી નામના આ મુસાફરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, તેમને દુબઈ કે મુંબઈ એરપોર્ટ પર જેટલી મુશ્કેલી નથી પડી, તેનાથી વધુ હાલાકી ગાંધીધામ રેલવે સ્ટેશન પર ભોગવવી પડી છે. પોતાના વૃદ્ધ માતા-પિતા સાથે મુસાફરી કરી રહેલા વત્સલે આક્ષેપ કર્યો હતો કે સ્ટેશન પર સુરક્ષા તપાસ દરમિયાન ફરજ પરના અધિકારીઓનું વર્તન અત્યંત અપમાનજનક અને સંવેદનહીન હતું.

વત્સલે વધુમાં જણાવ્યું કે ગાંધીધામ સ્ટેશન પર લગેજ સ્કેનિંગ મશીનો મોટાભાગે બંધ હાલતમાં હોય છે, જેના કારણે મુસાફરોએ ભારે હાલાકી વેઠવી પડે છે. જ્યારે તેમણે આ બાબતે રજૂઆત કરી ત્યારે અધિકારીઓએ ઉદ્ધતાઈપૂર્વક જવાબ આપ્યો હતો કે તમને દુબઈમાં તકલીફ ન પડી તો અહીં કેમ થાય છે? આ ઉપરાંત તેમણે એવો પણ દાવો કર્યો હતો કે તપાસ કરી રહેલા કેટલાક કર્મચારીઓ સિવિલ ડ્રેસમાં હતા અને તેમની પાસે ઓળખપત્ર પણ નહોતા. વત્સલે આ મામલે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને સ્થાનિક સાંસદ વિનોદ ચાવડાને ટેગ કરીને સ્ટેશન પર આધુનિક મશીનો લગાવવા અને સ્ટાફની વર્તણૂકમાં સુધારો લાવવા વિનંતી કરી છે.

# આપણે સારૂ કરીએ તો આપણા સાથે પણ સારૂ જ થાય : એપીએમસી ચેરમેન



**એપીએમસીના ચેરમેન પોતાના ૬૨મા જન્મદિવસ નિમિતે પૂર્વગ્રહ ટાળવા કરી અપીલ**

ભુજ - કચ્છઉદય : એપીએમસીના ચેરમેન શંભુભાઈ જરૂનો ચોથી માર્ચે જન્મદિવસ હોતાં તેમને "કચ્છઉદય" દ્વારા શુભેચ્છાઓ આપવામાં આવી હતી. તેમના કુળદેવી ભુવડ માતાજી તેમના અને તેમના પરિવાર ઉપર કૃપાની અમીવર્ષા કરતા રહે તેવી પ્રાર્થના કરી હતી. ૧૯૬૪માં જન્મેલા શંભુભાઈ ૬૨ વર્ષ પુરા કરી અને ૬૩ વર્ષમાં પ્રવેશ્યા છે. મૂળ રતનાલ ગામના તેઓ હાલમાં માધાપરમાં રહે છે. ટ્રાન્સપોર્ટના વ્યવસાય શરૂ કર્યો અને માધાપર રહેવા આવ્યા પછી સહકારી મંડળીમાં પદાર્પણ કરી અને ડાયરેક્ટર તરીકે પહેલીવાર તેમાં તેઓ ચૂંટાયા ત્યારથી જાહેર જીવનમાં તેમનો પ્રવેશ થયો. આ પછી એપીએમસીમાં ચૂંટાયા અને સતત ત્રીજીવાર તેઓ સૌની પસંદ બની ગયા છે અને ચેરમેન તરીકે ચાલુ રહ્યા છે. શંભુભાઈનો સ્વભાવ બધાને મદદ કરવાનો અને એકદમ સરળ અને ચુંબકીય છે, એટલે આહીર સમાજમાં પણ તેમનું ઘણું માન છે. આહીર સમાજની પણ તેઓ લાંબા સમયથી સેવા કરી રહ્યા છે. આહીર સમાજની પધ્ધર વઈમાં સતત બાર વર્ષ સુધી તેઓ મંત્રીપદે રહ્યા હતા. તેમના પત્ની લક્ષ્મીબેન પણ તેમની સાથે ખભેખભા મેળવી અને સામાજિક તેમજ રાજકીય સેવા પ્રવૃત્તિ કરી રહ્યા છે. હાલમાં તાલુકા પંચાયતના સભ્ય છે તેમણે જણાવ્યું કે હળીમળી અને રહેવું અને બધાના પ્રશ્નો હલ કરવા, કોઈને પણ કોઈ પણ જાતની તકલીફ ન પડવી જોઈએ અને કોઈની પણ સાથે પૂર્વગ્રહ રાખી અને હેરાન કરવુ નહીં, જીવનમાં મોટુ મન રાખી બધાને માફ કરી દેવુ અને સેવા કરવી અને કામથી કામ રાખવું અને બધા સાથે સારા સંબંધો જ રાખવાએ તેમનો સિદ્ધાંત છે. વેપારીઓ અને ખેડૂતો બંને પક્ષને પૂરતો ન્યાય મળે તે માટે તેઓ સંકલન કરવા માટે એપીએમસીના ચેરમેન તરીકે સતત પ્રયાસ રહ્યા છે. સાથે એપીએમસીની પણ આવક જળવાય તે માટે તેઓ જાગૃત છે.

તેમણે જણાવ્યું કે એપીએમસીમાં અત્યારે ખાસ કોઈ પ્રશ્નો નથી અને બધું નિયમિત છે. જન્મદિવસની ઉજવણી વિશે પૂછતા તેમણે વધામણી આપી હતી કે તેમના ઘરે સાડા ત્રણ મહિના પહેલાં પૌત્રનો જન્મ થયો છે એટલે કુદરતી તે નિમિત્તે તેમના જન્મદિવસે જ તેમણે જન્મદિવસની અને પૌત્રના જન્મની તથા તેમના જન્મદિવસની સાથે ઉજવણી સાથે પરિવારજનો અને મિત્રો સંગાથે કરી નાખી. અંતે તેમણે પોતાનો બાસઠ વર્ષ પસાર કર્યા પછી જિંદગી વિશે સંદેશ આપતાં જણાવ્યું કે 'આપણે સારું કામ કરીએ તો આપણા આત્માને શાંતિ મળે અને સંતોષ થાય અને આપણા સાથે પણ ભગવાન સારું કરે'એવો તેમનો જીવનનો અનુભવ થયો છે.

# રસ્તાના વિકાસ સાથે વૃક્ષોનો વિનાશ અટકાવો

ભુજ - કચ્છઉદય : હાલમાં ભુજમાં ચોતરફ રસ્તાના કામો થઈ રહ્યા છે, જે આવકાર્ય છે, પણ એ બન્ને દિશામાં જંગલખાતાએ કે તંત્ર દ્વારા ભૂકંપ બાદ વૃક્ષો વાવવામાં આવ્યા છે, તે મોટા પણ થઈ ગયા છે ત્યારે શક્ય હોય ત્યાં વૃક્ષછેદન ન થાય અને વૃક્ષો બચાવી શકાતા હોય ત્યાં બચાવવા જોઈએ. ખાસ કરીને માંડવી રોડ, મુન્દ્રા રોડ બન્ને બાજુ વૃક્ષો ઉગેલા છે. જ્યાં જે-તે વખતે જ લોકો વૃક્ષ કાપી દબાણ કરતા હતા ત્યારે જ તંત્રએ અટકાવવા જોઈતા હતા. કારણ કે રહેણાંક, હોટલ, પાનની લારી, નાસ્તાની લારીઓ, ફલઝાડ વેંચવાવાળા, માટલવાળા કે સિઝનેબલ ધંધો કરાવવાળા આવી વૃક્ષાચ્છાદિત જગ્યામાં ઘૂસી બેસી જતા હોય છે અથવા તો વૃક્ષ કાપીને ગોઠવાઈ જાય છે ત્યારે તંત્રએ જે-તે વખતે જ ખ્યાલ રાખ્યો હોત તો ઝુંપડપટ્ટીના લોકોને આજે પરેશાની ભોગવવી ન પડત. જંગલ ખાતાએ ખાસ કરીને રોડ સાઈડે વૃક્ષ ઉછેર બાબની કાળજી લઈ તેમને સાથે રાખી આવા દબાણો થતાં અટકાવવા જોઈએ. વૃક્ષ વાવવા સહેલા છે, ઉછેરવા અઘરા છે.

જ્યારે હાલમાંભુજમાં ચોતરફ વૃક્ષો ઉગેલા છે. એ રસ્તાનો વિકાસ હોય કે અન્ય કામસર જમીન ઉપયોગમાં લેવાની થાય, પણ વૃક્ષો કપાવવા જ જોઈએ. આ માટે પર્યાવરણ ક્ષેત્રે કામ કરતી એનજીઓએ પણ આગળ આવવું જોઈએ અને વૃક્ષો કાપવા જરૂરી હોય અને સ્થળાંતરીત કરી શકાતા હોય તો તો એ કરવું અથવા જેટલા વૃક્ષો કપાય એટલા જ જે તંત્ર કાપે એ ફરી અન્યત્ર ઉછેરી આપે તો પર્યાવરણીય સંતુલન જળવાઈ રહે.

# કચ્છ યુનિવર્સિટી ખાતે ૭મી માર્ચનાં સરદાર વલ્લભભાઈ પટેલનાં વિઝન પર રાષ્ટ્રીય સેમિનાર

ભુજ - કચ્છઉદય : ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીમાં ઈતિહાસ વિભાગઅને અખિલ ભારતીય ઈતિહાસ સંકલન સમિતિ, ગુજરાત પ્રાંતના સંયુક્ત ઉપક્રમે ૭ માર્ચનાં સરદાર વલ્લભભાઈ પટેલનું આત્મનિર્ભર ભારત, સામાજિક ન્યાય, જાતિગત સમાનતા અને ખેડૂતોના અધિકારો માટેનું વિઝન વિષય પર એક દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું આયોજન યુનિવર્સિટી કોર્ટ હોલમાં કરવામાં આવ્યું છે. સેમિનાર રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન દ્વારા કમ્પોનન્ટ ૧૧ ફેકલ્ટી ઈમ્પ્રુવમેન્ટ યોજનાનાં સહયોગથી યોજવામાં આવી રહ્યો છે. સેમિનારમાં મુખ્ય મહેમાન અને ઉદ્ઘાટક તરીકે રાજ્ય સરકારના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના મંત્રી ત્રિકમભાઈ છાંગા ઉપસ્થિત રહેશે. સેમિનારનાં પ્રેરણાસ્ત્રોત તરીકે ઉચ્ચ શિક્ષણ કમિશ્નર અને રૂસાનાં સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર દિલીપ રાણા (આઈ.એ.એસ.) તેમજ કચ્છ યુનિવર્સિટીનાં કુલપતિ ડો. મોહન પટેલ રહેશે. સેમિનારમાં અતિથિ વિશેષ તરીકે અખિલ ભારતીય ઈતિહાસ સંકલન સમિતિ ગુજરાત પ્રાંતના અધ્યક્ષ ડૉ. અંબાદાન રોહડિયા તેમજ મુખ્ય વક્તા તરીકે અખિલ ભારતીય ઈતિહાસ સંકલન સમિતિ ગુજરાત પ્રાંતના મહામંત્રી હસમુખભાઈ જોશી, સરદાર વલ્લભભાઈ ગ્લોબલ યુનિવર્સિટી, અમદાવાદના પ્રોવોસ્ટ ડો. પ્રોફેસર સુભાષ બ્રહ્મભટ્ટ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરના ઈતિહાસ વિભાગના પ્રોફેસર અને અધ્યક્ષ વસંતભાઈ પટેલ તેમજ પ્રતાપ ગૌરવ કેન્દ્ર, ઉદયપુરના રિસર્ચ ડાયરેક્ટર ડો. વિવેક ભટનાગર ઉપસ્થિત રહેશે. રૂસાનાં સ્ટેટ નોડલ ઓફિસર ડૉ. યોગેશ યાદવ તેમજ યુનિવર્સિટીનાં કુલસચિવ ડો. અનિલ ગોર માર્ગદર્શન આપી રહ્યા છે. સેમિનારમાં ગુજરાતની જુદી જુદી યુનિવર્સિટીઓમાંથી ૨૫૦ કરતાં વધારે સહભાગીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે જેમાંથી ૧૫૦ કરતાં વધારે સહભાગીઓ વિવિધ વિષયો પર પેપર રજુ કરવાનાં છે. ઉપરાંત ઈતિહાસ વિભાગના અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થીઓનાં સંશોધનને આધારે તૈયાર થયેલ સ્થાનિક ઈતિહાસ અને ગ્રામીણ સંસ્કૃતિને ઉજાગર કરતા પુસ્તક "ભુજ તાલુકાની સાંસ્કૃતિક વિવિધતા" નું વિમોચન પણ રાજ્યમંત્રી અને ઉપસ્થિત મહાનુભાવોનાં હસ્તે કરવામાં આવશે. સમગ્ર સેમિનારનું સંયોજન ઈતિહાસ વિભાગનાં અધ્યક્ષ ડો. નંદલાલ છાંગા કરી રહ્યા છે.

# કચ્છ યુનિવર્સિટીઅને એસઆરકે ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર એડ્યુકેશન દ્વારા સંયુક્ત વર્કશોપ યોજાયો

ભુજ - કચ્છઉદય : ક્રાંતિગુરુ શ્યામજી ક્રિષ્ના વર્મા કચ્છ યુનિવર્સિટીઅને એસઆરકે ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર એડ્યુકેશન દ્વારા સંયુક્ત સંગઠિત કચ્છ પ્રદેશમા દ્વારા સંયુક્ત આયોજન હેઠળ કચ્છ પ્રદેશમાં બહુમુખી સંશોધન તકો અને તેના આર્થિક વિકાસ તથા વિકસિત ભારત ૨૦૪૭ પરના પ્રભાવ વિષયક એક દિવસીય રાજ્યસ્તરીય પરિષદ અને વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ "ગુજરાતના ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા જ્ઞાન કન્સોર્ટિયમયોજના અંતર્ગત, ગુજરાત સરકારના પ્રાયોજકત્વ હેઠળ યોજાશે. કાર્યક્રમનું સ્થળ ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ચેમ્બર ભવન, સેક્ટર, ગાંધીધામ રહેશે.

કચ્છ પ્રદેશ તેની ભૌગોલિક વૈવિધ્યતા, પ્રાકૃતિક સંસાધનો, સાંસ્કૃતિક વારસા અને વ્યૂહાત્મક સ્થાનને કારણે સંશોધન માટે અનોખી તકો પ્રદાન કરે છે. રણ વિસ્તાર, દરિયાકાંઠો, ખનિજ સંપત્તિ, હસ્તકલા ઉદ્યોગ, નવીનીકરણીય ઊર્જા સ્ત્રોતો અને જૈવ વૈવિધ્યતા જેવા ક્ષેત્રોમાં ઊંડાણપૂર્વકના અભ્યાસ દ્વારા રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે આર્થિક વિકાસને ગતિ મળી શકે છે. કચ્છમાં સોલાર અને પવન ઊર્જા વિકાસ, દરિયાઇ પર્યાવરણ સંરક્ષણ, કૃષિમાં નવીનતા, ભૂકંપ અભ્યાસ, પર્યટન વિકાસ અને ગ્રામિણ ઉદ્યોગોના વિસ્તરણ જેવા ક્ષેત્રોમાં સંશોધન માટે વિશાળ શક્યતાઓ ઉપલબ્ધ છે. આ સંશોધન પ્રવૃત્તિઓ સ્થાનિક રોજગાર સર્જન, ઉદ્યોગિક વિકાસ, પર્યાવરણ સંતુલન અને સામાજિક સશક્તિકરણમાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે.

શૈક્ષણિક સંસ્થાઓ, સંશોધન કેન્દ્રો, ઉદ્યોગ જગત અને નીતિનિર્માતાઓએ મળીને સંકલિત પ્રયાસો હાથ ધરવા જરૂરી છે. કચ્છ પ્રદેશમાં સંકલિત અને આંતરવિષયક સંશોધન દ્વારા આત્મનિર્ભરતા, ટકાઉ વિકાસ અને વૈશ્વિક સ્પર્ધાત્મકતા તરફ ભારતને આગળ ધપાવી શકાય છે. પરિષદ અને વર્કશોપનો મુખ્ય હેતુ કચ્છ પ્રદેશમાં ભૂગર્ભશાસ્ત્ર, નવીનીકરણીય ઊર્જા, આપત્તિ વ્યવસ્થાપન, હવામાન પરિવર્તન પ્રતિરોધકતા, વેપાર - ઉદ્યોગ, પર્યટન, સમુદ્રી વિજ્ઞાન, કૃષિ, પર્યાવરણ વિજ્ઞાન, સાંસ્કૃતિક અને ઐતિહાસિક અભ્યાસ જેવા વિવિધ ક્ષેત્રોમાં સંશોધન તકોને પ્રોત્સાહન આપવાનો છે. કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થી, સંશોધક, પ્રાધ્યાપક, ઉદ્યોગપતિ, નીતિનિર્માતા અને સરકારી અધિકારીઓ વચ્ચે જ્ઞાનવિનિમય અને સહયોગી સંશોધન માટે મંચ ઉપલબ્ધ થશે.પરિષદ દ્વારા સંભવિત સંશોધન ગ્રાન્ટ, નેટવર્કિંગ તકો, કાર્યકારી ભલામણો અને પ્રાદેશિક વિકાસ માટે વ્યૂહરચનાઓ વિકસાવવામાં આવશે.આ કાર્યક્રમ ડો. ગૌરવ ચૌહાણ ના માર્ગદર્શન હેઠળ ડો. દ્રુમા વૈદ્ય અને ડો. સુરભિ આહીરના સહયોગથી કરવામા આવશે.

કાર્યક્રમમાં સ્નાતક, અનુસ્નાતક વિદ્યાર્થીઓ, સંશોધન વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો, ઉદ્યોગજગતના પ્રતિનિધિઓ અને રસ ધરાવતા તમામ વ્યક્તિઓને ભાગ લેવા આમંત્રિત કરવામાં આવે છે.

# ઉમા યોગ કેન્દ્ર-ભુજમાં મહિલા સપ્તાહની ઉજવણી

**શિક્ષણક્ષેત્રે યોગદાન આપનાર શિક્ષિકાઓનું સન્માન : ૭ થી ૧૪ માર્ચ સુધી યોગ સત્રો**

ભુજ-કચ્છઉદય : ભુજના બેક્કર્સ કોલોની વિસ્તારમાં આવેલ ઉમા યોગ કેન્દ્ર ખાતે મહિલા દિવસ નિમિત્તે મહિલા સપ્તાહની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. યોગગુરૂ કમલકાંતભાઈના માર્ગદર્શન હેઠળ અને પ્રોજેક્ટ ચેરપર્સન ભાવના ઝવેરીના આયોજનમાં શિક્ષણક્ષેત્રે યોગદાન આપનાર પ્રિન્સિપાલ તથા શિક્ષિકાઓનું સન્માન કરવામાં આવશે. આ પ્રસંગે રાજ્ય પુરસ્કાર વિજેતા અને નવનીતનગર શાળાની શિક્ષિકા કૃપાબેન નાકર વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. સન્માનિત થનારી શિક્ષણવિદોમાં ચેતનાબેન રાસ્તે, આલીમાબેન લાહેજી, ડો. ખુશ્બુબેન સરવૈયા, ડો. ચેતનાબેન જોશી, મીનાક્ષીબેન ચૌહાણ, રીટાબેન દવે અને મેઘાબેન મહેતાનો સમાવેશ થાય છે. મહિલા સપ્તાહ અંતર્ગત "શેરોલેટ ચોપીન યોગ" કાર્યક્રમ હેઠળ તા. ૭ થી ૧૪ માર્ચ દરમિયાન દરરોજ સાંજે ૫ થી ૬ વાગ્યા સુધી ઉમા યોગ કેન્દ્રના હોલ, બેક્કર્સ કોલોની, ગેટ નં. ૫ની અંદર, ભુજ ખાતે તમામ ઉંમરના લોકો માટે નિઃશુલ્ક યોગ સત્રો યોજાશે.

# અબડાસાના બેરમોટી જૂથ ગ્રામ પંચાયતના સાત ગામોમાં પીવાના પાણીની કટોકટી

નલિયા - કચ્છઉદય : અબડાસા તાલુકાની બેરમોટી જૂથ ગ્રામ પંચાયત હેઠળ આવતા સાત ગામોમાં છેલ્લા બે મહિનાથી પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાઈ છે. પંચાયત દ્વારા જિલ્લા કલેક્ટરને કરવામાં આવેલી લેખિત રજૂઆત મુજબ બેરમોટી, બેરનાની, હોથીયાય, રોહારો, ગોલાય, ભગોડીવાંઢ અને નવાવાસ ગામોમાં માત્ર ૧૫ દિવસે એકવાર પાણીનું વિતરણ કરવામાં આવે છે, જે પણ અપૂરતા જથ્થામાં મળે છે. હાલમાં પવિત્ર રમજાન માસ ચાલી રહ્યો હોવાથી સ્થાનિક રહીશોને તળાવ કે કુવાઓ પર પાણી માટે ભટકવું પડી રહ્યું છે, જેના કારણે લોકોમાં ભારે હાલાકી જોવા મળી રહી છે. આ બાબતે વારંવાર નલિયા કચેરી ખાતે રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા લાઈટ નથી અથવા પાણીનું લેવલ નથી તેવા જવાબો આપી જવાબદારીમાંથી છટકવામાં આવી રહ્યું છે. ગ્રામજનોએ છેલ્લા મહિનામાં અપાયેલા પાણીના જથ્થાની વિગતો માંગી આ પ્રશ્નનું તાત્કાલિક નિવારણ લાવવા કલેક્ટર સમક્ષ માંગ કરી છે.

# લખપતના પીપરમાં દર પંદર દિવસે પાણી મળતા ગ્રામજનોમાં રોષ

ભુજ - કચ્છઉદય : લખપત તાલુકાના પીપર જૂથ ગ્રામ પંચાયત હેઠળ આવતા મેડી અને ખીરસરા ગામોમાં છેલ્લા બે મહિનાથી પીવાના પાણીની વિકટ સમસ્યા સર્જાઈ છે.

આ અંગે પંચાયત દ્વારા જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરવામાં આવી છે કે, આ ગામોમાં દર પંદર દિવસે એકવાર પાણી વિતરણ કરવામાં આવે છે, જે પણ અપૂરતા જથ્થામાં મળે છે.

સ્થાનિકો જ્યારે લાઈનમેન કે સંબંધિત કચેરીએ સંપર્ક કરે છે ત્યારે લાઈટ નથી અથવા પાણીનું લેવલ ઓછું હોવાના બહાના બતાવવામાં આવે છે. હાલમાં મુસ્લિમ બિરાદરોનો પવિત્ર રમઝાન માસ ચાલી રહ્યો છે ત્યારે પાણીની ભારે ખેંચને કારણે લોકોને તળાવ કે કુવાઓ પર ભટકવાની નોબત આવી છે.

અગાઉ નલિયા કચેરીએ રૂબરૂ અને ઓનલાઈન ફરિયાદો કરવા છતાં કોઈ ઉકેલ ન આવતા અંતે કલેક્ટર પાસે આ મામલે તાત્કાલિક નિવારણ લાવવા અને છેલ્લા એક મહિનામાં અપાયેલા પાણીના જથ્થાની વિગતો જાહેર કરવા માંગ કરવામાં આવી છે.

# ગુજરાત હાઇકોર્ટના નિવૃત્ત જસ્ટિસને અપાઈ અંજલી



ભુજ - કચ્છઉદય : મૂળ અંજારના રહેવાસી અને ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત જસ્ટીસ જયપ્રકાશભાઈ રમાકાંતભાઈ વોરાનું તા. ૫-૩ ગુરૂવારના દુઃખદ અવસાન થતા ભુજ હાટકેશ સેવા મંડળ તેમજ અંબિકા મહિલા મંડળ દ્વારા ઉંડા શોખની લાગણી વ્યક્ત કરી શ્રદ્ધાંજલિ આપી હતી. હાટકેશજનના તંત્રી અવિનાશભાઈ એમ વૈદ્ય, હાટકેશ સેવા મંડળના અગ્રણી વિભાકરભાઈ એન. અંતાણી, ધર્માંશુભાઈ વૈદ્ય, જયશ્રીબેન હાથી, વસ્તલાબેન શુક્લ, વારીશભાઈ પટણી તેમજ અન્ય સભ્યોએ શ્રદ્ધાંજલિ આપતા જણાવ્યું હતું કે, જયપ્રકાશભાઈ વોરાનો લાગણીશીલ સ્વભાવ પ્રમાણિક અને નિષ્ઠાવાન તેમજ બીજાને મદદરૂપ અને સતત માર્ગદર્શન આપતા રહેતા હોવાને કારણે જ્ઞાતિમાં પણ સારી છાપ ઊભી કરી શક્યા હતા.

તેઓના પિતા સ્વ. રમાકાંતભાઈ વોરા પણ રાપર મુકામે સિવિલ જજ તરીકે સેવા આપી ચૂકેલ છે, તેઓના પિતા રમાકાંતભાઈ વોરાનું યુવાનને અવસાન થવાને કારણે જય પ્રકાશભાઈ વોરા તેમજ તેમના સમગ્ર પરિવારની જવાબદારી અંજારના વરિષ્ઠ અને પ્રખ્યાત ધારાશાસ્ત્રી સ્વ. પુષ્પકાંતભાઈ અંતાણી, સ્વ. બીપીનભાઈ અંતાણી કે જેઓ સ્વ. જય પ્રકાશભાઈ વોરાના મામા થતા હોવાથી અંજારમાં તેઓએ મોસાળ મુકામે રહી એલએલબીલો ઉચ્ચ અભ્યાસ કરી શરૂઆતમાં અંજારમાં વકીલાતની પ્રેક્ટિસ કરી નામના મેળવી હતી તેઓના દુઃખદ અવસાનથી આ સંસ્થાએ મુકસેવકને ગુમાવ્યાની ખોટ હરહંમેશ સાલશે તેઓ સંસ્થાની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે. આ પ્રસંગે શાંતિ પાઠ દર્શનાબેન મુનશી અને શોક ઠરાવનું વાંચન આશાબેન સ્વાદિયાએ કરેલ હતું એવું પારૂલબેન બુચની યાદીમાં જણાવ્યું છે.

# વૃદ્ધાશ્રમમાં પહોંચ્યા ગૃહમંત્રી હર્ષ સંઘવી

ભુજ-કચ્છઉદય : જ્યારે પોતાના વૃદ્ધ માતા પિતાને તેના સગા સંતાનો તહેવાર કે મોટા દિવસે પણ યાદ નથી કરતા અને જુના દિવસો યાદ કરી અને એકલતામાં આવા વૃદ્ધો પોતાના બાળકોના નાના હતા ત્યારે તેમણે તેમણે સાથે ગાળેલા દિવસો યાદ કરતા હોય છે.

આવા સમયે સુરતના વૃદ્ધાશ્રમમાં હર્ષ સંઘવી એક ગૃહમંત્રી તરીકે નહીં પરંતુ આ વૃદ્ધોના દીકરા તરીકે પ્રોટોકોલ છોડી અને તેમને રંગના ઉમંગથી ભરી દેવા માટે પહોંચી ગયા હતા. આવા સમયે વૃદ્ધાશ્રમમાં લોકોની આંખો સ્નેહ ભાવથી ભીંજાઈ ગઈ હતી.

# પૂર્વ કચ્છ એસપીશ્રી ખુદ આ તપાસમાં ધ્યાન આપે

# ગાંધીધામનું મ્યુલ બેંક કૌભાંડ : ઝડપાયેલા બેંક મેનેજરોના ઉઘડા લ્યો તો પાર્થ-દીપ-વીકી-દેવરાજ ના કરોડોના કાંડ ખુલશે.!

**ઝડપાયેલા ઠગ બેંક મેનેજરોમાંથી હિતેશના કડક પુછાણા લેવા જરૂરી : હિતેશ સહિતના મેનેજરોએ અગાઉ કઈ કઈ બેંકોમાં કરી છે નોકરી? શું ત્યાં પણ આવા બોગસ-ડમી બેંક એકાઉન્ટસ બનાવ્યા છે ખરા? જો તપાસ કરાશે તો હિતેશ-યશ-પાર્થ-વિકીના ૫૦૦થી વધુ ભાડુઆતી બેંક ખાતાઓ હોવાનો થશે ખુલાસો : કિશન અગાઉ કઈ બેંકમાં કામ કરતો હતો? તે બેંકમાં પણ તેના ૩૦૦૦ જેટલા ભાડુઆતી ખાતા હોવાની છે ચકચાર**

ગાંધીધામ : પૂર્વ કચ્છના ઔદ્યોગીક પાટનગર ગાંધીધામમાંથી પોલસે હાલમાં જ ૧૮૨ કરોડના મ્યુલ બેંક કૌભાંડનો પર્દાફાશ કર્યો છે અને હવે તેની તપાસ આગળ ધપી રહી છે ત્યારે ગાંધીધામની બેંકોના મેનેજરોની પણ ધરપકડ કરવામા આવી છે અને તેઓની ભુંડી ભુમિકા સામે આવી ગઈ છે. દરમ્યાન જ જાણકારો કહી રહ્યા છે કે ઝડપાયેલા પૈકીના હિતેશના જો કડક પુછાણા લેવામા આવશે તો ઘણુ બધુ બહાર આવશે. હિતેશ કયા પાર્થ, દીપ-યશ-વીકી અને અંજારની મોટી કચેરીના વહીવટદાર દેવરાજની સાથે મળી અને ૫૦૦થી વધુ અન્ય ભાડુઆતી ખાતાઓ ધરાવી રહ્યો છે તે સહિતના મોટા ખુલાસાઓ

**અંજારની મોટી કચેરીના વહીવટદાર દેવરાજનો ચહેરો અને કરતુતો પણ થશે બેનકાબ : દેવરાજ એકાદ માસ માટે ગોવામાં કોના વિલામાં માણી આવ્યો છે મહેમાનગતિ? શેના પેટે?**

થવાની સંભાવનાઓ સેવાઈ રહી છે. આ બાબતે સહેજ વિગતે વાત કરીએ તો તાજેતરમાં પૂર્વ કચ્છ પોલીસ દ્વારા બેંક મેનેજરોની ધરપકડ બાદ અનેક ચોંકાવનારી વિગતો બહાર આવી શકે તેમ છે. આ કૌભાંડમાં હિતેશ નામના મેનેજરની ભૂમિકા અત્યંત શંકાસ્પદ જણાય છે. જો તેમની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે, તો મોટા પાયે ખોલવામાં આવેલા 'ડમી' ખાતાઓનું નેટવર્ક ખુલ્લું પડી શકે તેમ છે.

તપાસમાં એવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે કે હિતેશએ અલગ-અલગ બેંકોમાં રહીને સેંકડો શંકાસ્પદ ખાતા ખોલવામાં મદદ કરી છે.જાણકારો કહી રહ્યા છે કે, જો હિતેશની તપાસ કરવામા આવશે તો પાર્થ, દીપ અને વિકી નામના વ્યક્તિઓના આશરે ૫૦૦ થી વધુ શંકાસ્પદ ખાતા હોવાની શક્યતા છે. હાલમાં તે જે બેંકમાં ફરજ બજાવતો હતો તે પૂર્વે જ્યારે હિતેશભાઈ અન્યબેંકમાં ફરજ બજાવતા હતા, ત્યારે પણ તેમણે ૩૦૦૦ થી વધુ આવા ખાતા ખોલ્યા હોવાનું મનાય છે. કહેવાય છે કે આટલા બધા મોટા ખાતામાં પાર્થ અને દીપ જેવા શખ્સો વિકી સાથે ૫૦%ની ભાગીદારી ધરાવે છે. એટલુ માત્ર જ નહી પણ અંજારની મોટી કચેરીમાં વહીવટદાર તરીકે પંકાયેલા દેવરાજનું પણ આ બન્ને શખ્સો સાથે આવા ભાડુઆતી ખાતામાં મોટુ રોકાણ હોવાનુ મનાય છે. ?તપાસ જો કડક રીતે કરવામા આવશે તો ખ્યાલ આવશે કે તાજેતરમાં જ ગોવા ખાતેના લક્ઝરી વિલામાં એક મહિનો આ વહીવટદાર દેવરાજ રોકાઈને પરત ફર્યો છે. ?આ હાઈ-પ્રોફાઈલ લાઈફસ્ટાઈલ અને બેંકિંગ વ્યવહારો વચ્ચેના જોડાણની તપાસ નિષ્પક્ષ તથા ઉંડાણપૂર્વક થવી અનિવાર્ય છે.

# વાગડ પંથકમાં ફરી ભૂકંપનો આંચકો : મધ્યરાત્રીએ 3.3ની તીવ્રતાથી ધરા ધ્રૂજી


**દુધઈથી ૨૩ કિમી દૂર કેન્દ્રબિંદુ નોંધાયું: ૧૨ કલાકથી ઓછા અંતરે ભૂકંપના બે આંચકાથી લોકોમાં ફાળ પડી**

ભુજ - કચ્છઉદય : પૂર્વ કચ્છના વાગડ પંથકમાં ભૂકંપના આંચકાઓનો સિલસિલો યથાવત રહ્યો છે. ગત મધ્યરાત્રીએ પોણા એક વાગ્યાના અરસામાં વાગડ વિસ્તારમાં ભૂકંપનો વધુ એક આંચકો અનુભવાયો હતો, જેના કારણે નિદ્રાધીન લોકોમાં ફાળ પડી હતી. ગાંધીનગર સ્થિત ઈન્સ્ટિટયૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ સેન્ટરના જણાવ્યા અનુસાર, રિક્ટર સ્કેલ પર આ આંચકાની તીવ્રતા ૩.૩ મેગ્નિટ્યુડ નોંધાઈ હતી. આ ભૂકંપનું કેન્દ્રબિંદુ દુધઈથી ૨૩ કિલોમીટર ઉત્તર-પૂર્વ દિશાએ જમીનથી ૧૪.૭ કિલોમીટરની ઊંડાઈએ અંકિત થયું હતું. વૈજ્ઞાનિક દ્રષ્ટિએ આ કંપન ૨૩.૪૯૯ અક્ષાંશ અને ૭૦.૨૨૮ રેખાંશ પર નોંધાયુ હતું.

નોંધનીય છે કે કચ્છમાં છેલ્લા ૨૪ કલાકમાં ભૂકંપનો આ બીજો આંચકો છે. આ પૂર્વે ગઈકાલ તારીખ ૫ માર્ચના રોજ બપોરે ૧:૪૫ વાગ્યાના અરસામાં પણ ભચાઉથી ૧૨ કિલોમીટર દૂર ૩.૪ની તીવ્રતાનું કંપન અનુભવાયું હતું. આમ, ટૂંકા ગાળામાં સતત અનુભવાઈ રહેલા આંચકાઓને પગલે સરહદી જિલ્લાના લોકોમાં ચિંતા અને ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. જોકે, આ આંચકાને કારણે કોઈ પણ પ્રકારની જાનમાલની નુકસાનીના અહેવાલ પ્રાપ્ત થયા નથી.

અત્રે નોંધનીય છે કે, સરહદી કચ્છ જિલ્લાનો સમાવેશ ભૂકંપ સંભવિત ઝોન - ૬ માં કરવામાં આવ્યો છે. કચ્છના પેટાળમાં અનેક સક્રિય ફોલ્ટલાઈનો આવેલી હોવાથી સમયાંતરે ભૂકંપના નાના મોટા આંચકાઓ અનુભવાતા રહે છે. જો કે નાના આંચકાઓથી ઉર્જાનું વિસર્જન થઈ જતું હોવાથી મોટા આંચકાની સંભાવનાઓ ઘટે છે તેવું નિષ્ણાંત ભૂસ્તરશાસ્ત્રીઓ જણાવી રહ્યા છે. જો કે, પાછલા ૨૪ કલાકમાં કચ્છ સહિત રાજ્યભરમાં ભૂકંપના શ્રેણીબદ્ધ આંચકાઓથી લોકોમાં ભય ફેલાયો છે.


## અશ્રુભીની શ્રદ્ધાંજલિ



**સ્વ. સેડા દેવણાંધભાઈ જખુભાઈ ગઢવી**

સ્વ. તા. ૦૫/૦૩/૨૦૨૬, ઉ.વ. ૬૪, ગામ : ઝરપરા, હાલે-મંગરા, તા. મુંદરા

પરિવારના મોભી જ્યારે આ વિશાળ સત્સંગ છોડી રજા લે છે ત્યારે ખૂબ જ દુઃખની લાગણી અનુભવીએ છીએ... તમારૂ જીવન અમારી પ્રેરણા હતી. તમારા આદર્શો અમારા માર્ગદર્શન હતા અને તમારા સરળ જીવન, ઉચ્ચ વિચારો, દયાળુ સ્વભાવ, ધર્મ પ્રત્યેની લાગણી, કુટુંબ પ્રત્યેનો પ્રેમ ક્યારે પણ ભુલાશે નહીં. જગત જનની મા આશાપુરા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે... ૐ શાંતિ...

:: શોકાતુર પરિવારજનો ::

- ભાણબાઈ દેવણાંધભાઈ સેડા (ધર્મપત્ની)
- સામરાભાઈ જખુભાઈ સેડા (મોટા ભાઈ)
- વિશ્રામભાઈ જખુભાઈ સેડા (નાના ભાઈ)
- દેવશ્રીબેન આશપનભાઈ ગાગીયા (મોટા બેન)
- આશપનભાઈ નાગશીભાઈ ગાગીયા (બનેવી)
- ડોસાભાઈ સુમારભાઈ ટાપરિયા (બનેવી)
- માકબાઈ ડોસાભાઈ ટાપરીયા (મોટાબેન)
- વાછીયાભાઈ મુરજીભાઈ ગીલવા (જમાઈ)
- દેશાબેન વાછીયાભાઈ ગીલવા (દિકરી)
- આશારીયાભાઈ દેવણાંધભાઈ સેડા (પુત્ર)
- રતનભાઈ દેવણાંધભાઈ સેડા (પુત્ર) (પ્રમુખશ્રી ગૌ રક્ષા સેવા ટ્રસ્ટ મુન્દ્રા)
- થારૂભાઈ દેવણાંધભાઈ સેડા (પુત્ર) (ઉપ સરપંચશ્રી મંગરા ગ્રામ પંચાયત)
- પત્રામલભાઈ દેવણાંધભાઈ સેડા (પુત્ર)
- સવરાજભાઈ વિશ્રામભાઈ સેડા (ભત્રીજા)
- કરશનભાઈ સામરાભાઈ સેડા (ભત્રીજા)
- કાનીયાભાઈ સામરાભાઈ સેડા (ભત્રીજા) (એડવોકેટશ્રી મુન્દ્રા)
- પાલુભાઈ વિશ્રામભાઈ સેડા (ભત્રીજા) (ગુજરાત પોલીસ)
- ભારામલભાઈ સામરાભાઈ સેડા (ભત્રીજા) (ગુજરાત પોલીસ)

સદગતનું બેસણું મુળ નિવાસસ્થાન ઝરપરા નથુવાણ વાડી ખાતે રાખેલ છે


# કચ્છના સરહદી વિસ્તારોમાં વણફૂટેલા સેલ બન્યા જીવલેણ

**સૈન્યની ફાયરિંગ રેન્જમાં તકેદારીના અભાવે નિર્દોષો ગુમાવી રહ્યા છે જીવ : કોથ માસ્ટરની બેદરકારી અને ભંગાર વીણનારાઓની અજ્ઞાનતાને કારણે સર્જાતી દુર્ઘટનાઓ અટકાવવા કડક અમલીકરણની પ્રબળ લોક માંગ**

ભુજ - કચ્છઉદય : સરહદી જિલ્લા કચ્છમાં વિશાળ રણ વિસ્તાર અને વ્યૂહાત્મક સ્થાન હોવાને કારણે સૈન્યની અનેક ફાયરિંગ રેન્જ આવેલી છે. આ વિસ્તારોમાં વર્ષોથી શસ્ત્રાભ્યાસ અને પ્રેક્ટિસ દરમિયાન છોડવામાં આવેલા સેલ કે કારતૂસ જો ન ફૂટે તો તે સ્થાનિકો માટે બોમ્બ સમાન સાબિત થઈ રહ્યા છે. તાજેતરમાં અને ભૂતકાળમાં બનેલી હૃદયદ્રાવક ઘટનાઓ સાબિત કરે છે કે વહીવટી તંત્ર અને સુરક્ષા એજન્સીઓ દ્વારા જારી કરવામાં આવતી સાવચેતીની સૂચનાઓ છતાં પણ નિર્દોષ પશુપાલકો અને ભંગાર વીણતા શ્રમિકો આ જીવલેણ વિસ્ફોટકોનો ભોગ બની રહ્યા છે. ખાસ કરીને ખાવડા અને મુંદ્રા જેવા વિસ્તારોમાં સમયાંતરે મળતા જીવતા બોમ્બ અને રોકેટ સેલ સુરક્ષા વ્યવસ્થા સામે પણ ગંભીર સવાલો ઊભા કરી રહ્યા છે.

કચ્છના રણ વિસ્તારમાં બનેલી ઘટનાઓ પર નજર કરીએ તો ખાવડા વિસ્તારમાં એક કરુણ દુર્ઘટના ઘટી હતી. પબુ ગગડા નામના માત્ર ૮ વર્ષના નિર્દોષ બાળકે રણમાંથી મળેલા વણફૂટ્યા સેલને રમકડું સમજી અથવા કુતૂહલવશ તોડવાનો પ્રયાસ કર્યો હતો. આ પ્રક્રિયા દરમિયાન થયેલા પ્રચંડ વિસ્ફોટમાં બાળકે ઘટનાસ્થળે જ જીવ ગુમાવ્યો હતો. આ પૂર્વે પણ ખાવડાના મોટા દીનારા ગામમાં સેલ તોડવા જતા ત્રણ આશાસ્પદ યુવાનોના કરુણ મોત નીપજ્યા હતા. માત્ર પશુપાલકો જ નહીં, પરંતુ ઔદ્યોગિક વિસ્તારો પણ આ જોખમથી મુક્ત નથી. મુંદ્રા પોર્ટ પર આયાત કરવામાં આવેલા ભંગારના જથ્થામાંથી ૧૦૦૦ જેટલા જીવતા બોમ્બ અને રોકેટ સેલ મળી આવતા સમગ્ર રાજ્યની સુરક્ષા એજન્સીઓમાં દોડધામ મચી ગઈ હતી. જખૌ બંદર પાસે બિનવારસી હાલતમાં સેલ મળી આવવાની ઘટનાએ પણ સ્થાનિકોમાં ફફડાટ ફેલાવ્યો હતો.

આવી દુર્ઘટનાઓ પાછળ સુરક્ષા પ્રોટોકોલનું પાલન ન થવું એ મુખ્ય કારણ માનવામાં આવે છે. નિયમ મુજબ, જ્યારે પણ ફાયરિંગ પ્રેક્ટિસ યોજાય ત્યારે ડીવાયએસપીના માર્ગદર્શન હેઠળ 'કોથ માસ્ટર'ની ભૂમિકા અત્યંત મહત્વની હોય છે. કોથ માસ્ટરની પ્રાથમિક જવાબદારી ફાયરિંગ કરનારને કારતૂસ અને સેલ ઈશ્યુ કરવાની અને પ્રેક્ટિસ પૂર્ણ થયા બાદ વપરાયેલા કે ન વપરાયેલા તમામ નંગ પરત મેળવીને તેનો સ્ટોક મેન્ટેન કરવાની હોય છે. જો કોઈ સેલ ફાયરિંગ દરમિયાન ફૂટે નહીં, તો તેને સુરક્ષિત રીતે નષ્ટ કરવાની જવાબદારી પણ તંત્રની હોય છે. પરંતુ વાસ્તવિકતામાં પ્રેક્ટિસ પૂરી થયા બાદ અનેક વણવપરાયેલા કે ખામીયુક્ત જીવતા સેલ રણ વિસ્તારમાં એમને એમ જ પડ્યા રહે છે. જ્યારે કોઈ સામાન્ય નાગરિક કે ભંગાર વીણનાર વ્યક્તિને આ ધાતુની વસ્તુ મળે છે, ત્યારે તેઓ અજાણતા તેને તોડવાનો પ્રયાસ કરે છે અને અંતે વિસ્ફોટમાં જીવ ગુમાવે છે.

નિષ્ણાતોના મતે, સૈન્ય દ્વારા જ્યારે પ્રેક્ટિસ કરવામાં આવે ત્યારે સ્થાનિક વહીવટીતંત્ર જાહેરનામું બહાર પાડીને લોકોને તે વિસ્તારમાં પ્રવેશબંધી ફરમાવે છે, પરંતુ વિશાળ ભૌગોલિક વિસ્તારને કારણે પશુપાલકો અજાણતા ત્યાં પહોંચી જતા હોય છે. આ સમસ્યાના કાયમી ઉકેલ

અનુસંધાન પાના નં.૫ પર

## રામવાવમાં ભેંસની ચોરી કરનાર આરોપી પકડાયો



રાપર : તાલુકાના રામવાવ ગામે ભેંસની ચોરી કરવામાં આવી હતી. આ બાબતે રાપર પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, જે ઘટનામાં રાપર પોલીસે કેમેરા ચેક કર્યા અને બાતમીદારોની મદદથી વાવ થરાદ જિલ્લાના દિયોદર તાલુકાના નવા સેસણ ગામના આરોપી મહંમદ શબીર દોલતખાન બ્લોચને ઝડપી લીધો હતો. આરોપી પાસેથી એક ભેંસ અને એક પાડી રિકવર કરવામાં આવી હતી, તેમજ પીકઅપ ડાલુ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી હોવાનું રાપર પોલીસે જણાવ્યું હતું.


અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર





રાજ્ય સરકાર દ્વારા

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"

(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.

**"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"**

અંતર્ગત માર્ચ - ૨૦૨૬ માસના **વિનામૂલ્યે** અનાજ વિતરણની જાણકારી

| ક્રમ | કૅટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ માટે |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. | |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. | |

માર્ચ -૨૦૨૬ માસમાં રાજ્ય સરકાર દ્વારા તુવેર દાળ, ચણા, ખાંડ, અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./ લિટર |
|---|---|---|---|---|
| ૧ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹૫૦ |
| ૨ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹30 |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹૧૫ |
| | | | ૩ થી વધુ વ્યક્તિ દીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | |
| | | બીપીએલ કુટુંબો | વ્યક્તિ દીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ₹૨૨ |
| ૪ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹ ૧ |

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ મળવાપાત્ર અનાજ એ ગરીબ પરિવારો માટે માત્ર રાશન નથી, પણ તેમના સન્માનજનક જીવનનો આધાર છે. જન-જનની અન્ન સુરક્ષા માટે આપણી સરકાર સંકલ્પબદ્ધ છે."

**શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રાશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

**શ્રી રમણભાઈ સોલંકી**

- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.





## જન્મદિવસની હાર્દિક શુભેચ્છા

આપના જન્મદિન નિમિત્તે આપનું જીવન નિરોગી દીર્ઘાયુ બની રહે તેમજ લોકોપયોગી કાર્યો કરી જીવનમાં ખૂબ પ્રગતિ કરો તેવી અંતરની શુભેચ્છા..

**શ્રી વિનોદભાઈ એલ. ચાવડા**

સાંસદશ્રી, કચ્છ-મોરબી લોકસભા



**જીગર તારાચંદ છેડા**

પ્રમુખશ્રી, સર્વ સેવા સંઘ (કચ્છ) ભુજ

પ્રમુખશ્રી, ક.વી.ઓ.જૈન મહાજન ભુજ



## શતં જીવમ્ શરદમ્



**શ્રી વિનોદભાઈ ચાવડા**

સાંસદશ્રી, કચ્છ-મોરબી લોકસભા

કચ્છ-મોરબીના વિકાસ માટે સતત ચિંતિત અને પ્રયત્નશીલ **સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા** ને જન્મદિન નિમિત્તે હાર્દિક શુભકામનાઓ પાઠવતા અમે હર્ષની લાગણી અનુભવીએ છીએ. આપનું જીવન સુખ, શાંતિ અને સમૃદ્ધિથી ભરેલું રહે તેવી અભ્યર્થના.

**પ્રકાશભાઈ પટેલ**

પ્રમુખશ્રી, સૌરાષ્ટ્ર-કચ્છ કડવા પાટીદાર સમાજ

ભુજ-કચ્છ